કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

નવેમ્બર
આવતી કાલનાં નાગરિકોનું માસિક ૪૬૭
૧૯૬૨



આ માસમાં જેમની શતસંવત્સરી છે એ દિલ્હીના છેલ્લા બાદશાહ બહાદુરશાહ બીજા (જુઓ અંદર)નું ત્યારના એક અંગ્રેજ કલાકારે કરેલું સ્ટીલ-એન્ગ્રેવિંગ

કુમાર

નવેમ્બર ૧૯૬૨ · અંક ૪૬૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે

'કુમાર'માં ઘણી વખત સંસ્કૃત સાહિત્યની ચમત્કૃતિ વ્યક્ત કરતા શ્લોકો આવે છે. સંસ્કૃતની જેમ પ્રાકૃતમાં પણ કેટલીક ચમત્કૃતિભરી રચના છે. જે પૈકી બે ગાથાઓ રજૂ કરું છું.

આના રચયિતા પાદલિપ્ત સૂરિ છે. સૌરાષ્ટ્રમાં આવેલું પાલીતાણા આ મુનિના નામ ઉપરથી વસાવેલું છે. એ મોટા રસસિદ્ધ હતા, અને લગભગ બે હજાર વર્ષ પહેલાં થઈ ગયા તેથી જૈન ભાઇઓ માને છે કે નાગાર્જુનના એ રસસિદ્ધિમાં ગુરુ હતા. એમણે મહાવીર સ્વામીની સ્તુતિ રચેલી છે. તેમાં એક અર્થ મહાવીર સ્વામીના ગુણોનું હાર્દ રજૂ કરે છે અને બીજો અર્થ સુવર્ણ સિદ્ધિનો નિયમ બતાવે છે.

सुकुमाल धीर सोमा
रत्तकसिण पंडुरा सिरिमिकेया
सीयं कुसगह भीरु
जल थल नह मंडणा तिन्नि
न चयंति वीर लीलं
हांउ जे सुरहिमत्त पडिपुन्ना
पंकय गईंद चंदा
लोयण चंकंमिय मुहाणं।

એનું સંસ્કૃત રૂપાંતર નીચે મુજબ થાય છે;

सुकुमार धीर सोमा
कृष्ण पांडुरा श्री निकेता
शीतं कुश ग्रह भीरु
जलथल नभ मंडना त्रिणि
न चयन्ति वीर लीला
हातु प सुरभि मत्त प्रति पूर्णा
पंकज गजेंद्र चंद्रा
लोचन चंक्रमण मुखानं ॥

અર્થ: મહાવીર પ્રભુની આંખોને કમળની, તેમની ગતિને હાથીની અને તેમના મુખને ચંદ્રની ઉપમા આપવા હું ઇચ્છતો નથી, કેમકે કમળ ભલે રક્તવર્ણનું સુગંધીવાળુ અને જળની શોભારૂપ હોય પણ પ્રભુની આંખોની ઉપમા તે સંપૂર્ણ વ્યક્ત કરતું નથી. તે જ રીતે હાથી ધૈર્યશીલ, કૃષ્ણરંગનો અને સ્થલની શોભારૂપ હોવા છતાં પ્રભુની ગતિને યથાર્થ વ્યક્ત કરી શકતો નથી. તેમજ ચંદ્ર સૌમ્ય, ગૌર વર્ણનો અને પૂર્ણિમાનો હોય તે આકાશની શોભા છે પણ પ્રભુના મુખના સૌંદર્યનું યથાર્થ દિગ્દર્શન કરાવી શકતો નથી. વળી કમળને તો ઠંડીનો ભય છે, હાથીને અંકુશનો ભય છે ને ચંદ્રને ગ્રહણનો ભય છે; એ બધા પ્રભુની લીલાને પહોંચી શકતા નથી.

આ સ્તુતિની સાથેસાથે એ જ ગાથા રસસિદ્ધિનો (સુવર્ણસિદ્ધિનો) નિયમ પણ રજૂ કરે છે: સુકુમાલ એટલે માઈણી, ધીર એટલે માઈ, સોમા એટલે સોમવલ્લી, રત્ત એટલે રાતી દુધેલી, કસિણ એટલે કૃષ્ણા બહુફળી, પંડુરા એટલે દેવદાલી, સિ એટલે શૃંગી વિષ, રિ એટલે નાની ભોરીંગણી, મિકેયા એટલે કેતકી, સીયા એટલે લાંગુલિકા, કુસગહ એટલે એખરાનાં બી, ભીરૂ એટલે લજામણી, જળમંડનિકા એટલે મંડુકબ્રાહ્મી, સ્થલમંડનિકા એટલે અંબઅંગેરી, નભોમંડનિકા એટલે આકાશવેલ. આ બધી ઔષધીઓ તથા પંકમ એટલે અભ્રક, ગયંદ એટલે નાગ (સીસું) ને ચંદ એટલે હેમ આ સૌ પરિપૂર્ણ માત્રાથી લેવા, યોગ્ય ગંધવાળા લેવા; તો લોચમ (વેધ) ચંકંમણ (ધાતુપરિવર્તન) અને મુખાણ (ઉદ્ઘાટન) થાય છે.

આમાં કેટલીક વનસ્પતિઓનાં નામ તથા રસાયનવિદ્યાના પારિભાષિક શબ્દો છે. જાણકારો તેના પર પ્રકાશ પાડશે તો આભારી થઈશ.

આ ગાથાઓ ઉપર વિક્રમસંવત ૧૩૮૦માં શ્રી જિનપ્રભસૂરિએ પ્રકાશ પાડયો છે. આવી ચમત્કૃતિ ભરેલી ગાથાઓનો યથાર્થ અર્થ તો તે મુનિ જ સમજતા હશે.

(વીરમગામ) —સુશીલા આર. પટેલ
બી.એ. (ઑનર્સ): રા.ભા.રત્ન (વર્ધા)

સપ્ટેમ્બર અંકમાં મારું લખાણ વાંચી કેટલાક વાચકો તરફથી દલીલભર્યા પત્રો મળ્યા છે, જેમાંના ઘણાખરાનો ભાવાર્થ આવો છે:

'સંગીત, નાટક, નૃત્ય, કાવ્ય, વાર્તા, ચલચિત્ર તેમજ પ્રાચીન સમયની ચિત્રકળા, આ તમામ કળાઓ આમ જનતા સમજી શકે અને રસાસ્વાદ લઇ શકે તેવી હોય છે, ને તેથી તે દરેકના મનને સંતોષ આપી શકે છે, જ્યારે આધુનિક ચિત્રકળા (મૉડર્ન આર્ટ) જ માત્ર એક એવી કળા છે કે જે કલાકારો સિવાય કોઇને પસંદ નથી; અને આધુનિક કલાકારો પણ માત્ર પોતાને માટે જ કલાનું સર્જન કરે છે; તો શું બીજી કળાઓની સરખામણીમાં આધુનિક કળાની આ ખામી નથી?'

આમ તો કેટલાક લોકો, અને કલાકારો પણ, એવું માનતા હોય છે કે 'કલાકારે બીજાની દરકાર કર્યા વગર માત્ર આત્મસંતોષ માટે જ કલાનું સર્જન કરવું જોઈએ'. પરંતુ હું અંગત રીતે આ માન્યતાથી વિરુદ્ધ મત ધરાવું છું. કવિ 'કલાપી'એ જે કહ્યું છે કે 'કલા છે ભોજ્ય ને મીઠી, ભોક્તા વિણ કલા નહિ'. એ મને તદ્દન સત્ય લાગે છે.

જેમ એક સામાન્ય માણસ પોતાના દિલની સુખ-દુ:ખ વગેરેની લાગણીઓ બીજા પાસે ભાષાના માધ્યમથી ઠાલવી હૃદયનો ભાર હળવો કરે છે, તેવી જ રીતે ચિત્રકાર પણ ચિત્ર દ્વારા પોતાના હૃદયની લાગણીઓનો ઊભરો ઠાલવે છે. લાગણીઓનો ભાર ઓછો કરાવનાર કોઈ વ્યક્તિ સામે ન હોય તો જેમ સંતોષ થતો નથી, એમ કલાકારની કૃતિની કદર કરનાર કોઈ વ્યક્તિ કે ભોક્તા ન હોય તો તેની રજૂઆતનો કંઈ અર્થ નથી. માટે કલાકાર હમેશાં પોતાને માટે તેમજ અન્ય કોઇ ભોક્તાને માટે કલાકૃતિનું સર્જન કરે છે, તે હકીકત છે. પરંતુ એ કૃતિ દ્વારા કલાકાર જે લાગણીઓ રજૂ કરવા માગતો હોય તેને સંપૂર્ણપણે સમજી રસાસ્વાદ મેળવવા માટે ભોક્તા લાયક હોવો જોઈએ.

અભિનવગુપ્તના રસ અંગેના વ્યાખ્યાનનું વિવેચન કરતાં રમણભાઈ નીલકંઠે કહ્યું છે કે 'કાવ્યના રસ ને આનંદના અનુભવ માટે રસિકતાના સંસ્કાર આવશ્યક છે. આવા સંસ્કાર જેના ચિત્તમાં ન હોય તેમની આગળ રસિક રચનાઓ વ્યર્થ છે. જીવનમાં આવતા પ્રસંગોથી ક્ષણિક વૃત્તિઓ તો સર્વ મનુષ્યોને થાય છે પણ તેની વિશેષ કેળવણીની શક્તિ વિના સ્થાયી ભાવ બંધાતા નથી. એ શક્તિ, બુદ્ધિવ્યાપારને લગતી નહિ પણ ભાવ તથા લાગણીને લગતી હોવાથી બીજા વિષયમાં નિપુણતા પામેલા વિદ્વાનો આ શક્તિને અભાવે કેટલીકવાર કાવ્યરસ ગ્રહણ કરી શકતા નથી.''

આ જ રીતે યોગ્ય કેળવણીના અભાવે બીજા વિષયમાં નિપુણ વ્યક્તિઓ પણ આધુનિક કલાનો રસાસ્વાદ માણવામાં નિષ્ફળ જાય છે તે તેમની અંગત ખામી છે, કલાની નહિ.

આ ઉપરાંત દુનિયાના દરેક માનવીને કલાકૃતિથી સંતોષવો એ શક્ય નથી. નાટક તથા ચલચિત્રો પણ તમામ દ્રષ્ટાઓને સંતોષ આપે છે એમ કહેવું તદ્દન ખોટું છે. એક જ નાટક કે ચલચિત્ર કોઈને ગમશે તો કોઇને નહિ પણ ગમે. આવું સંગીત, નૃત્ય, કાવ્ય, વાર્તા વગેરેની બાબતમાં પણ બનશે.

પ્રાચીન ચિત્રો સમજાય તેવાં હોય છે ને આધુનિક નહિ, તેનું કારણ એ જ કે ચાલુ પ્રણાલિને એકદમ તોડી તેની જગ્યાએ જે

કોઈ નવું તત્ત્વ સ્થાન લે છે તેને તરત જ સ્વીકારી લેવા જનતા તૈયાર નથી હોતી. દા.ત. અમુક વર્ષો પહેલાં કેટલાક સમાજોમાં બાળલગ્નનો રિવાજ હતો. કેટલાક આગેવાનોએ આ રિવાજ કાઢી નાખી તેમાં સુધારો કરવા પ્રયાસ કર્યો ત્યારે એવા આગેવાનોને સમાજે ન્યાતબહાર મૂક્યા હતા. એ જ સમાજે આજે એ જ સુધારાને સ્વીકારી લીધો છે. તેવી જ રીતે આજે આંતરજ્ઞાતીય લગ્ન કેટલાંકની દૃષ્ટિએ મહાપાપ છે, પણ અમુક સમય પછી તે સર્વસામાન્ય પણ થઈ જાય।

ડચ કલાકાર વાનગૉઘની બાબતમાં પણ આવું જ બન્યું હતું. તે જ્યાં સુધી જીવતો હતો ત્યાં સુધી જનતાએ તેનાં ચિત્રોને ધુત્કાર્યાં હતાં. પણ આજે એનાં ચિત્રોનું પ્રદર્શન થાય તો દૂરદૂરથી તેને જોવા માટે લોકો ટોળેટોળે દોડી આવે છે. આ જ રીતે 'આધુનિક' કલા પણ ભારતમાં વર્ષોથી ચાલી આવતી ચિત્રપ્રણાલિથી તદ્દન જુદી પડતી નવી જ કલાશૈલી છે. જેમાં વ્યક્તિત્વને વધુ મહત્ત્વ છે. તેથી પ્રાચીન ચિત્રોને જ કલાક્ષેત્રનો અંત માનનાર જનતા આ નવી કલાને આજે ન પણ સમજી શકે અને ન પણ સ્વીકારે. પરંતુ વખત જતાં તે જ જનતા ધીમેધીમે તેને સમજવા લાગે ને તેનો સ્વીકાર પણ કરી લે।

(વડોદરા) —એન. જી. ભાણુવડિયા

શ્રી શેખના ચિત્ર વિષેના શ્રી પાઠક તેમજ શ્રી ભાણુવડીઆના પત્રો પૈકી એકમાં નમ્ર અભિપ્રાય છે જ્યારે બીજામાં આપમેળે માની લીધેલી કલાની શ્રેષ્ટતાનું મિથ્યાભિમાન.

શ્રી શેખનું ચિત્ર 'ઘોડો' રંગ, સંયોજન,' પોત અને મુક્ત પીછીનો સારો પરિચય આપે છે, પરંતુ આવા પ્રયોગોને 'ઉત્તમ કલાકૃતિ' તરીકે, કોઈ પણ અપવાદ સિવાય સર્વ કોઇએ બિરદાવવા જ જોઇએ, અને જે કોઈ એમ ન કરી શકે તે કલાનો કક્કો જ જાણતો નથી એમ કહી નાખવું યોગ્ય નથી.

ભાઈશ્રી પાઠકે વિશ્વના વિશાળ કલાપ્રેમી જનસમુદાયના મનમાં આધુનિક કલાની વિચિત્રતાઓ માટે ઘોળાતી મૂંઝવણનો પડઘો પાડ્યો છે. આધુનિક કલાના આગેવાન ખુદ પિકાસોની ૬૦ વર્ષની સાધના પછી પણ એની કલાનો વિરોધ કરનાર વર્ગ આજે નાનોસૂનો નથી. એ બધા લોકો કલાનો કક્કો નહિ જાણનારા બુધ્ધુ છે એમ મનને મનાવવું એ એક મીઠી આત્મવંચના માત્ર છે.

આધુનિક કલામાં રંગોના જથ્થાને માણવાનો હોય છે તેમ શ્રી ભાણુવડિયા કહે છે, ૪૩૦ ('કુમાર' અંક ૪૬૭) પણ એ રંગોના જથ્થાને વધારે વ્યવસ્થિત રૂપ કે પરિચિત આકાર આપનાર કલાકાર કુદરતની 'મિમિક્રી' કરનાર નકલીઓ છે એમ આપણે નહિ કહી શકીએ. અમૃતા શેર-ગિલ, જામીની રૉય, હેબ્બર અથવા વાન ગૉઘ, ગોગાં, સેઝાં કે દેગાસ માટે આપણે એમ નથી કહેતા; તેમજ હાલમાં બહુ ખ્યાતિ પામેલા, ૩૭ લાખ રૂપિયા જેવી અસાધારણ કિંમતે વેંચાએલા રૂબિન્સના લગભગ ૩૦૦ વર્ષ પહેલાંના ચિત્ર 'ઍડૉરેશન ઑવ માગી' પૂર્ણ વાસ્તવદર્શી હોવા છતાં આપણે રૂબિન્સ, લીઓનાર્દો, રફાએલ, રેમ્બ્રાં કે એલ ગ્રેકોને કુદરતની મિમિક્રી કરનાર નકલિયા તરીકે નહિ ખપાવી શકીએ. આધુનિક કલાની અગમ્યતા કે વિચિત્રતાની ટીકા કરનાર સૌ ટૅકનીકલર ફોટોગ્રાફી જેવા રૂપકડાં વિગતપૂર્ણ ચિત્રો જોવા માગે છે એવો પૂર્વગ્રહ બાંધીને જ વાત કરવી અને પછી 'કલા ખાતર કલા'ની બાંગ પોકારીને આધુનિક કલાને નામે થતા અધકચરા અને અણઘડ પ્રયોગોને પણ જનતાની નજરમાં શ્રેષ્ઠ કૃતિ તરીકે ઠસાવવી આ રીતરસમ હવે જૂની પુરાણી થઈ ગઈ છે.

લોકજીવનમાં, કલાને કંઈક સ્થાન હોય, એને સુરુચિપૂર્ણ કે કલાભિમુખ કરવામાં કલાએ કંઈક ફાળો આપવાનો હોય તો લોકરુચિની થોડી દરકાર કરવાથી કલા કે કલાકાર બન્નેની અવનતિ થશે તેવો ભય રાખવાની જરૂર નથી. એથી ઉલટું કલા જો લોકજીવનમાં ઓતપ્રોત થઈ શકે તો તેનું ગૌરવ અને સાર્થકતા વધશે.

ભૂતકાળમાં લોકજીવનમાં ઓતપ્રોત થએલી પૂર્વ ને પશ્ચિમની સમગ્ર ચિત્રકલા, કલાનાં પ્રાણવાન તત્ત્વોથી વંચિત હતી, ને આ સૈકામાં જ કલાની દેવીએ કેટલાક આધુનિક કલાકારોને પોતાના ખાસ કૃપાપાત્ર બનાવીને સૌન્દર્યનિષ્ઠ ચેતનાનું દાન કર્યું તથા એમની આધુનિક ચિત્રશૈલીમાં જ કલાનાં પ્રાણવાન તત્ત્વોએ સૌ પહેલી કલાની દુનિયામાં નવજન્મ ધારણ કર્યો એમ માનવું વધારે પડતું છે.

(રાજકોટ) —હિંમતભાઇ મહેતા

ર. મ. રા. 'ટપાલ પદ્ધતિનો વિકાસ' ઉપર (પાન ૨૧૪) લખે છે, તેની પૂરવણી લેખે આ લખવા હું પ્રેરાયો છું. માનવંત લેખક જણાવે છે કે ટપાલ પદ્ધતિનો આરંભ આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે ચીનમાં થયો હતો. પણ મારા નમ્ર વિચાર પ્રમાણે ટપાલ પદ્ધતિની સૌથી પ્રથમ સ્થાપના આજના પારસીઓના પ્રાચીન વડીલ રાજાધિરાજ દરાયસે કરી હતી.

તેનો સમય ઈ. પૂર્વે પ૨૧ થી ઇ. પૂર્વે ૪૮૫ સુધીનો હતો, અને એમનું મોટું સામ્રાજ્ય ચીનથી ગ્રીસ સુધી લંબાયું હતું. આવા મોટા સામ્રાજ્યમાં દૂરદૂરના સત્રાપો સાથે સંપર્ક સાધવાની આવશ્યકતાને પાર પાડવા રાજા દરાયસે ઠેરઠેર પાકા રસ્તાઓ બનાવ્યા હતા કે જેથી ટપાલી સંબંધ રાખવાનું કામ સહેલું થાય. આ રસ્તાઓ માટે વિદ્વાન ગ્રીક લેખક હેરોડોટસ (ઈ. સ. પૂર્વે ૪૯૦ થી ઈ. સ. પૂર્વે ૪૨૦) જેઓ જગસાહિત્યમાં ઇતિહાસના પિતા લેખે વખણાયા છે તેઓ પોતાના પુસ્તક 'ઈરાનની લડાઇઓ'માં જણાવે છે કે એક રાજશાહી ધોરી રસ્તો તો 'સુસા'થી 'સારડીસ' સુધીનો ૧૬૦૦ માઈલની લંબાઇનો બાંધવામાં આવ્યો હતો અને એ ટપા ઉપર અંતરે અંતરે ૧૦૦ ઉપર ટપાલગૃહો, બાજુમાં રહેવાની સરાઇઓ બાંધવામાં આવી હતી. આવેલી ટપાલ આગળ લઈ જવા માટે ખેપિયાઓ અને ઘોડાઓ પણ રાખવામાં આવતા. એક ખેપિયો સવાર આવી પૂગતાં બીજો સવાર ઘોડા સાથે તૈયાર જ રહેતો. આમ દિવસે જ નહિ પણ આખી રાત પણ કામ ચાલતું. વર્ષા કે બરફ, ગરમી કે ઠંડી અને બીજા કપરા સંજોગોમાં, હેરોડોટસ કહે છે કે, એ ટપાલ-કામ એવી તો ત્વરાથી થતું કે ઊડતાં પંખીઓની પેઠે સામ્રાજ્યના દૂરદૂરનાં શહેરોમાં શાહી ફરમાનો પહોંચી જતા.

અમેરિકનોએ પારસીઓની આ ટપાલ-પ્રથમતાને સ્વીકારી છે. વર્તમાન યુગની દુનિયાની સૌથી મોટી ન્યૂ યૉર્કની પોસ્ટ ઑફિસના ભવ્ય નવ માળના મથાળે હેરોડોટસે જણાવેલા શહેનશાહ દરાયસના નીચલા શબ્દો પથ્થરમાં કોતરેલા મેં જાતે જોયા છે:

"Neither snow, nor rain, nor heat, nor gloom of night stays these couriers from the swift completion of their appointed rounds'.

(કરાચી) —રુસ્તમ જમશેદજી દસ્તુર

'સપ્ટેમ્બર' પૃષ્ઠ ૩૮૨માં 'ખોટી માન્યતા' ને બદલે 'સાચી માન્યતા' લખવું જોઇએ. ગર્ભાવસ્થામાં બાળકમાં ભક્તિના સંસ્કાર ઊતરે જ છે. ભાગવતના ૭મા સ્કંધના ૭મા અધ્યાયના ૧૫-૧૬મા શ્લોકમાં પ્રહ્લાદ કહે છે:

ऋषि: कारुणिक स्तस्या: प्रादादुभयमीश्वर:।
धर्मस्य तत्त्वं ज्ञानं च मामप्युद्दिश्य निर्मलम्॥

[દયાળુ તથા સમર્થ એવા નારદ ઋષિએ મને ઉપદેશ દેવા માટે મારાં માતાને ધર્મનું તત્ત્વ તથા નિર્મળજ્ઞાન એમ બન્ને આપ્યાં છે.]



મિથુન

ભુવનેશ્વરના મંદિરની ૧૨-૧૩મી સદીની શિલ્પકલાના નમૂના રૂપ આ ખંડિત મૂર્તિખંડ અમેરિકાએ બહુમૂલ્ય કલારત્ન તરીકે પોતાના 'ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમ ઑાવ આર્ટ'ના પૂર્વની કળાઓના વિભાગમાં સંઘર્યો છે.



પડતી રાત્રિએ નૈનીતાલ · કલાકાર શાન્તિ શાહ

(ગુજરાત રાજ્ય · માહિતીખાતાના સૌજન્યથી)

—ને

· વૈતાલીય ·

મનની કંઇ છિન્ન હાંખળી
 લઇ કારા રચી તેં સ્વયં નવ:
અવ ક્યાંયથી ઢૂંકશે ભય
 નહિ;માની,ઢળી આયુ પાથરી.

ફફડે ઉર જેથી તાહરું,
 વહ છાયા નવ, કાલશર્વરી
નહિ, જો દગ ફેરવી જરી
 ધુતિમાં કેવુંક વિશ્વ પાંગર્યું!

અવકાશવિશાળ આ જગ:
 અહીં કલ્પદ્રુમ કેરી કુંજમાં
ટહુકી સહુ સંગ છંદમાં
 રચીએ, ને ધ્વનિ ઝીલશે નભ.

પ્રિય! વીંઝ તું પાંખ: જો હવા
 લઇ જાતી કહીં લોકમાં નવા!

રાજેન્દ્ર શાહ

ભાર

· ઝૂલણા ·

આજ શો બોજ અસ્તિત્વનો લાગતો!
 શ્વાસ ઉચ્છ્વાસનો ભાર પ્રાણે,
ભાર કેવો વિચારોતણો શીશને,
 લાગણીનો ફૂંળા આ હિયાને!
આંસુના બિન્દુનો ભાર શો પાંપણે,
 હોઠને લાગતો ભાર હાસ્યે;
વર્ષગાંઠે નવું થીગડું મારતાં
 ભાર ટાંકાતણો આયુવસ્ત્રે.
ક્યારની જ્યોત ઓલાઇ અવ કોડિયે
 તેજના ભાસનો ભાર કેવો!
બીજ શોષાઈ જ્યા બાદ વર્ષાતણાં
 છાંટણાંનો ય તે ભાર સહેવો?
સરવરે પવનની લહેરખી–ભાર ને
 નિંદરે સ્વપ્નનો ભાર મારે,
મૌનને ઝંખના અંતરે જાગતા
 કાવ્ય–ઉદ્‌ગારનો ભાર ભારે!

ગીતા પરીખ

અસ્તિત્વ

· મિશ્ર ·

અશાંત મારા મનને કિનાર
હુંકારના આ પછડાટ શા વૃથા?
ખારાશની મૂર્ત અનંતતામાં
રે ક્ષુબ્ધતાની દૂર નાવ ડોલતી!
ને તો ય જાણે
અશાંત મારા મનને કિનાર
એકાકી સુસ્થિર મીઠું દ્રુમ નાળિકેલનું.

કંદર્પ ઓઝા

અતીતની માધુરી

· મિશ્ર ·

સવાર શી શ્રાવણની ભીનીભીની!
ને રોજની જેમ જ રમ્ય પોડશી
(હૈયાસરે એક ખીલેલ પોયણી)
પસાર રસ્તા પરથી થઇ; અરે
શાને પરંતુ મૃદુ પોપચાં જરા
ઊંચાં કરીને નિત જેમ જોયું ના?
અને ન આછી મલકાટમાધુરી
રેલાઇ ગોરા મુખ ગોળની પરે?
જલેભર્યાં કો' ઘનની તિરાડથી
ઝરી: નરી કાંચનસેર પાતળી.
ને એ વિપે શી ઝળકી હળુહળુ
લીલી લીલી કૈં અભિરામ ઓઢણી!
તારુણ્યતાલે સરકંત દષ્ટિ
પૂંઠે ગઇ, ને પથના વળાંકમાં
ભીનાભીના અંચલને ઝુલાવી
વળી ગઇ એ કમનીય પોડશી.

ને તન્મના દષ્ટિ વળાંક-ખૂણે
ઊભી રહી આકુલ ચૂપચાપ.
આષાઢ ને શ્રાવણ કૈં સરી ગયા,
એ વાતને તો વરસો વહી ગયાં.

ને તો ય વાતાયનમાં હું કો'ક દિ
ઊભો રહી કો' પથના વળાંકને
ટીકી રહું છું અનિમેષ જ્યારે,
ત્યારે ફરી કો'ક અકથ્ય તત્ત્વ
આવી મને સ્પર્શી જતું, હલાવતુ
અસ્તિત્વ આખું.
હૈયું બને કૈં પથ ધૂળિયો અને
તારુણ્યતાલે ધૂળને ઉડાડતાં
પસાર જાણે પદપદ્મ શાં થતાં!
ખભો હલાવી
જગાવતું કોઇક: પંથ શૂન્યના
વળાંકથી હું મુજ દષ્ટિ વાળીને
આવી પછી બેસી જઉં જ બેઠકે.
ભરું, ઉપાડી કપ, ઘૂંટ કૉફીનો.
સભાનતાનું લઇ તીવ્ર શસ્ત્ર રે
નાખું કરી નષ્ટ સમગ્ર માધુરી
અતીતની, ને વળું વાતચીતમાં.
સંસારમાં હું શબ શો ભમી રહું.

લાભશંકર ઠાકર

તમે છંછેડી બેઠા શેષનાગને

તમે છંછેડી બેઠા શેષનાગને;
એના ફુત્કારે આખો હેમાળો સળગ્યો
 હવે રોકી રોકાશે નહીં આગને!—તમે૦

ફૂંકી ફૂંકીને તમે છેવટ આ ધરતીમાં
 ભારેલી આગને જગાવી,
નેહથી જે જોવા ટેવાઇ એ આંખ આજ
 અંગારા રહી છે વરસાવી;
એનાં પરિણામ હવે ભોગવજો, આજ તમે
 લલકાર્યું ભારતના ભાગ્યને!—તમે૦

ક્રોધે કંપાવ્યું એણે મસ્તક તો માથેની
 ભોમકા ય થરથરથર કંપી,
અમને જગાડનાર જાણી લે એટલું કે
 એ ય નહીં સૂઇ શકે જંપી;
એમ કદી રોળી શકાશે ના ભારતના
 લોહીથી લગાવેલા બાગને!—તમે૦

હરીન્દ્ર દવે

થઇ જાવું

· ગઝલ ·

બહારો એટલે ગુલઝારનું ઘેઘૂર થઇ જાવું,
ને યૌવન એટલે તુજ આંખનું અંગૂર થઇ જાવું!

અનાયાસે કોઇનું એ રીતે મજબૂર થઇ જાવું,
હવાથી આવરણનું મુખ પરેથી દૂર થઇ જાવું.

કદી વૈરાગ્ય જીવનમાં, કદી અનુરાગ તારાથી,
સુકાએલાં કદી ઝરણાંનું ઘોડાપૂર થઇ જાવું.

ખુદા એવો સમય ના કોઇ દુશ્મનને ય દેખાડે,
તમારું આવવું ને આંખનું બેનૂર થઇ જાવું!

તમે જો સ્થાન આપી દો ગળાના હારમાં એને,
નથી મુશ્કેલ એ પથ્થરનું કોહિનૂર થઇ જાવું.

નથી જે ચીજ તેનો એટલો સંતાપ છે મુજને,
નસીબે હોય ના મદિરા, છતાં ચકચૂર થઇ જાવું!

તવંગરથી જરી અદકેરું ઉન્નત શીશ રાખીને,
ઘટે નિજ રંકતા પર આપણે મગરૂર થઇ જાવું.

હૃદય! તારે જો રડવું હોય, એકાંતે રડી લેવું,
વરસતા મેઘ સમ ના આપણે મશહૂર થઇ જાવું.

ધરા પર તું જ ઊતરી આવ ને ઓ સ્વર્ગની લીલા!
તને શું પામવા મારે જીવનથી દૂર થઇ જાવું?

ઉષા-સંધ્યાના રંગો રોજ રેલાતા રહ્યા 'સાકિન'!
કદી એને ન સૂઝ્યું સેંથીનું સિંદૂર થઇ જાવું.

સાકિન કેશવાણી

મહોબ્બતમાં

જમાનાનું આ કેવું વેર કાતિલ, કે મહોબ્બતમાં
તમે આવી નથી શકતાં, હું બોલાવી નથી શકતો!
તૃષાતુર કંઠ છે, પાસે સુરાહી છે, ને સાકી છે,
ભરેલો જામ છે, હું હોઠ પર લાવી નથી શકતો!

ચંદ્રવદન પંચોલી

જિંદગીથી ના ડરે એ મોતને હારી શકે,
આગને જે પી શકે એ આગને ઠારી શકે;
ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહીં
એ જ આરસ પ્હાણ નિજ પર શિલ્પને ધારી શકે!

'ચાતક'



ચીને હાથમાં પાડેલા આપણા ઉત્તરી સરહદપ્રદેશનું એક દશ્ય: લડાખમાં આવેલા સુંદર પાંગોંગ સરોવરનો એક ભાગ

એલાન

"હમારી સીમા પર ચીનને ઝબરદસ્ત હમલા કિયા હૈ ઔર કરતા જા રહા હૈ. યહ તો ઝાહિર હૈ કિ ભારત એક શાંતિ ઔર અમનપસંદ દેશ હૈ. હમ શાંતિ કી રાહ સે ચલતે આયેં હૈં.

પાંચ સાલ પહલે લડાખ મેં ચીની હમલા હુઆ તબ ભી હમને શાંતિ કી કોશિશ કી, ક્યોંકિ હમ ઈસ બાત કો અચ્છી તરહ સે જાનતે હૈં કિ લડાઈ કિતની ભયાનક ચીઝ હૈ, કિતની બૂરી ચીઝ હૈ. કમનસીબી સે હમારી કોશિશ નાકામયાબ હુઈ. તાકતવર ઔર બેશરમ દુશ્મનને હમલા કિયા. આખિર આજ ઐસા વખ્ત આ પહુંચા હૈ કિ હમ ખતરે કો પૂરી તૌરસે સમઝેં.

આજ હમારી આઝાદી પર હમલા હુઆ હૈ. દુનિયા મેં ઐસી કોઈ તાકત નહીં હૈ જો હમારે દેશ કી આઝાદી કો છિન સકે — આઝાદી જિસે હમને ભારી દિક્કત ઔર ત્યાગ સે હાંસિલ કી હૈ. ઉસ આઝાદી કી સુરક્ષા કે લિયે હમેં પૂરી તૈયારી કરના હૈ, જી-જાન લગા કર જુટ જાના હૈ; ક્યોં કિ સબ સે પહલે મુલ્ક કી આઝાદી, હર ચીઝ ઉસ કે બાદ.

હિન્દુસ્તાનને ખાસ તૌર સે ચીન કી દોસ્તી કી, યૂનો મેં ઉસ કી વકાલત કી; ઔર ઉસી ચીની હકૂમતને હમારી ભલાઈ કા જવાબ બુરાઈ સે દિયા. વહ ભી વહાંતક કિ ઉસને હમારે ઉપર હમલા કિયા. લેકિન હમલોગ ભી આઝાદી સે મુહબ્બત કરતેં હૈં. ઈસ લિયે હમારા સર નીચે નહીં ઝુક સકતા, ચાહે કોઈ ભી નતીજા ક્યોં ન હો.

હમારે અફસરોં ઔર જવાનોંને ચીન કી ભારી ફૌઝ કા હિંમતસે મુકાબલા કિયા ઉનકી મૈં તારીફ કરતા હૂં.

જાગ!

રે જાગ બંધવા!
પ્રાણ તણી તાકાતભર્યો
હુંકાર હશે
ત્યાં કો ન કરે નાદાની,
જાગરૂક જે અહોરાત્ર,
જે સજ્જ,
એહની કને ન ઢૂંકે
ફૂણ કોઇ, રે હાની.
જો તુહિન ઉપર પ્રગટાવી એણે
અગન તણી ફૂંક, દીપ્તિ:
તસ્કરનું મન લોભી,
લૂંટની લેશ ન એને તૃપ્તિ.
તવ પૌરુષને પ્રતિકાર
વીજથી વીંધ રાત આ કાળી,
એક પ્રહાર થકી ખલ, કામુક,
કુટિલ સર્વ દે ઢાળી;
જાગ! પાલવે હવે ન પલની ઓટી.
સાગરનાં જલ ડ્હોળનાર
ઝંઝાને બલ તું ખૂંદ
હિમાચલ-ચોટી.
જાગરૂક હો સજ્જ!
તાહરું અડગ રહે સિંહાસન,
તારી ભૂમિમાં આણ તારી,
તવ અમલ, સનાતન શાસન.

રાજેન્દ્ર શાહ

હમેં લડાઇ મેં ધક્કે લગે હૈં, ઔર શાયદ ફિર ભી ધક્કે લગેંગે, લેકિન ઉસ કા આખિરી નતીજા હમારી તરફદારીમેં હોગા; ઔર કોઈ નતીજા હો હી નહીં સકતા. મુઝે ઈસ બાત કા પૂરા યકીન હૈ કિ આખિર મેં જીત હમારી હોગી.

હમ એક ઝબરદસ્ત મુલ્ક કા મુકાબલા કરતે હૈં. અપને આપ પર ભરોસા રખ કર હમેં મુકાબલા કરના હૈ. હમારે લિયે યહ ચાહિયે કિ હમ પક્કે ઈરાદે સે આગે બઢેં. હમ ઝુરૂર અપને મુલ્ક સે દુશ્મન કો હટા દેંગેં.


મુલ્ક કી આઝાદી કે લિયે હમેં પૂરી કીમત દેની હૈ. ઉસ કે લિયે ઔર કોઈ કીમત હો હી નહીં સકતી. દિલ ઔર દિમાગ કો મજબૂત કર કે હમ આઝાદી કે લિયે લડેં. જબ તક હમ જીતેંગે નહીં તબ તક લડાઈ કો આગે હી ચલાએંગે, ચાહે કુછ ભી નતીજા ક્યોં ન હો.

ભારત કી આઝાદી કો કોઈ ન છિન સકતા હૈ. મગર ઈસ કે લિયે મુલ્ક કી તાકત બઢાની હૈ. ઈસ લિયે ફૌઝી તાકત કાફી નહીં હૈ. સબ સે પહલા કદમ હૈ કિ હમ પૈદાવાર બઢાયેં. કારખાનેં ઔર ખેતોં કે મઝદૂરોં સે મેરી અપીલ હૈ કિ વે હડતાલ પર ન જાયેં. કામ બંદ કરના વો મુલ્ક કે ખિલાફ હૈ. દૂસરી બાત યહ હૈ કિ હમ આપસ-આપસ કે ઝગડે બંદ કરેં. યહ કોઈ બહસ કા મૌકા નહીં હૈ. હમેં આને વાલે દિનોં કા ભારી બોઝ ઉઠાના હૈ, ક્યોં કિ યહ લડાઈ લંબી ચલેગી. દેશ કે લિયે, વતન કે લિયે હમારા સર ઊંચા રખના હૈ."

તા. ૨૨-૧૦-૬૨ની રાત્રે આકાશવાણી પરથી ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ દર્દભર્યા પણ મક્કમ અવાજથી કરેલા રાષ્ટ્રજોગા પ્રવચનમાંથી.

પેઢીઉતાર પ્રતિભા

સત્યજિત રાયના પૂર્વજોની પ્રેરક કથા



કોઈ પણ માણસના વડવાઓની બાબતમાં તેના દાદા કે વડદાદાથી આગળના પૂર્વજોની જીવંત છાપ મળવી બહુ સંભવિત નથી. લાંબી વંશાવલિઓ તો ઘણાની મળી આવે; પરંતુ એ સ્પષ્ટ વ્યક્તિત્વ વિનાનાં નામોની માત્ર હારમાળા જ હોય છે. પણ જેની પાંચ પેઢી પ્રતિભાથી પ્રકાશી રહી હોય એવા દાખલા વિરલ છે. આપણા જાણીતા ફિલ્મ-ચિત્ર-સંગીત-કલાકાર સત્યજિત રાય એવું વિરલ ઉદાહરણ છે. એમની આખી 'રાય' પરંપરા જ નહિ, પણ એ પેઢીમાં પરણીને આવેલી બે કુલવધૂઓની 'ગાંગુલી' અને 'ગુપ્ત'ની પૂર્વજપરંપરા પણ એવી વિરલતાની સહભાગી છે.

ઈસવી સનની સોળમી સદી અધવારતાંમાં—૧૫૦૦નાં વર્ષોના મધગાળામાં, જ્યારે બંગદેશ પઠાણો અને મુઘલોનાં ધમસાણો વચ્ચે રહેંસાઈ રહ્યો હતો એ કાળમાં, પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના ચકદાહ ગામના એક રામસુંદર દેવ, કદાચ કામધંધાની ખોજમાં, પૂર્વ બંગાળના શેરપુર ગામના જમીનદારની જાગીરમાં આવીને વસ્યા.

એ વડવાના વંશમાં પૂર્વ બંગાળના મૈમેનસિંગ જિલ્લાના બડા મસૂઆ ગામમાં અઢારમી સદીમાં થએલા રામકૃષ્ણ રાય નામના એક લક્ષ્મીનન્દન જમીનદાર બધી બાબતમાં ઊભરાટવાળા આદમી હતા. એ એટલા રૂપાળા હતા કે એના કરતાં યે શ્રીમંત જમીનદારે પોતાની પુત્રી એમને પરણાવેલી; રોજ સવારે એમને એક ટોપલી બિરંજ ને આખું ફણસ તો નાસ્તામાં જ જોઇએ; અને વિષ્ણુભક્તિ તથા સંગીત-મસ્તી એવી કે કીર્તન કરે ત્યારે ઢોલક પર તાનથી થાપી મારતાં કોઈવાર તેનું ચામડું જ ફાટી જાય!

એમને બે પુત્રો થયા, મોટો પુત્ર નિઃસંતાન હતો, પણ એને એવી અજબ ટેવ કે એને જે કાંઈ પૂછો એનો ઉત્તર કવિતામાં જ આપે! (એ જ શક્તિ એના ત્રીજી પેઢીનાં ભત્રીજા ભત્રીજીઓમાં હતી, ને આજે સત્યજિતના પુત્ર સંદીપમાં પણ છે.) જ્યારે રામકૃષ્ણના બીજા પુત્ર લોકનાથ વળી બીજી રીતે વિરલ વ્યક્તિ નીવડયા. સંસ્કૃત અને ફારસીના એ પ્રકાંડ પંડિત હોવા ઉપરાંત મરમી વલણ ધરાવતા હોઈ તંત્રવિદ્યાના મોટા સાધક ને વિરક્ત જીવ હતા. જમીનદારીની જંજાળ છોડી એ યોગવિદ્યામાં એવા રત રહેતા કે કદાચ એ સંસાર ત્યાગી દેશે એવી એમના પિતાને દહેશત લાગી. મોટા ભાઇને કાંઈ સંતાન ન હતું એટલે રાય વંશનો વેલો ચાલતો રાખવા પિતાના સમજાવ્યાથી એ પરણ્યા અને એમને શ્યામસુંદર નામનો પુત્ર થયો.

પુત્રના જન્મ પછી ફરી પાછા એ પોતાના તંત્ર અને યોગના અભ્યાસમાં ડૂબી ગયા. એમને એ દિશાએથી વારવા પિતાએ એમના તંત્રવિદ્યાના ગ્રંથો બધા નદીમાં પધરાવી દેવડાવ્યા. આનો આઘાત લોકનાથને એવો કારી નીવડયો કે એમણે અન્નજળનો ત્યાગ કરી સ્મશાનમાં જઈ આસન જમાવ્યું અને ત્યાં દેહત્યાગ કર્યો. પશ્ચાત્તાપ કરતા પિતાને આશ્વાસન આપતાં એમણે અગમવાણી ભાખેલી કે પોતાના પુત્ર શ્યામસુંદરનો વંશવેલો વિશાળ વટવૃક્ષની પેઠે વધશે.

અને એ ભવિષ્ય સાચું પણ પડયું, પાંચ પુત્રો અને ત્રણ પુત્રીઓ ધરાવતા શ્યામસુંદરને તેમનાથી ઓગણીસ પૌત્રો અને તેર પૌત્રીઓ થયાં. સૌથી નાની પુત્રી જે આજે પણ ૯૦ વર્ષની વયે હયાત છે તેને ચૌદ સંતાનો થયાં. જેમાંના એક પુત્ર તે જાણીતા ફિલ્મ-ડિરેક્ટર નીતિન્ બોઝ. શ્યામસુંદર પણ સંસ્કૃત અને ફારસીના નિષ્ણાત મુનશી હોવા ઉપરાંત રાય કુટુંબમાં અંગ્રેજીના સૌપ્રથમ જ્ઞાતા હતા.

આમ તો એમનાં સર્વ સંતાનો વિવિધ વિદ્યાકળાઓમાં પોતપોતાની આગવી પ્રતિભાએ પ્રકાશી ઊઠયાં, પણ એમના બીજા નંબરના પુત્ર ઉપેન્દ્રકિશોર રાયમાં (જન્મ ૧૮૬૩) સાહિત્ય અને કળા સાથે વિજ્ઞાનનો પણ વિરલ યોગ થયો હતો. શ્યામસુંદરના એક દૂરના સગા ને મિત્ર શ્રીમંત જમીનદાર હરિકિશોર રાયને કાંઈ સંતાન ન હોવાથી એમણે ઉપેન્દ્રકિશોરને દત્તક લીધા; અને અંગ્રેજી શિક્ષણમાં આગળ વધી, બી. એ. પાસ થએલા ઉપેન્દ્રકિશોર બંને પિતાના અવસાન પછી મસૂઆ ગામ છાડીને કલકત્તામાં જઈ વસ્યા.

લેખક, ચિત્રકાર, ફોટોગ્રાફર, મુદ્રણકલાનિષ્ણાત, સંગીતજ્ઞ, એવી બહુમુખી પ્રતિભા ધરાવનાર ઉપેન્દ્રકિશોર પ્રગતિવાદી વિચારના બ્રહ્મોસમાજી હતા. બી.એ. થયા બાદ કલકત્તા આવીને ત્યાંના બ્રહ્મોસમાજમાં આગળપડતો ભાગ લેતા. આ ફૂટડા ને પ્રતિભાશાળી અબ્રાહ્મણ યુવાનનું, વિધુમુખી ગાંગુલી નામની બ્રહ્મોસમાજી બ્રાહ્મણ યુવતી સાથે ૧૮૮૫માં લગ્ન થયું.

એ ગાંગુલી ઘરાણું પણ એવું જ પ્રતિભાશાળી હતું. વિધુમુખીના પિતા દ્વારકાનાથ ગાંગુલી રાજદ્વારી ક્ષેત્રે આગળપડતી વ્યક્તિ હતા. આજની ઇંડિયન નૅશનલ કૉંગ્રેસના આદિ સ્થાપકો પૈકીના એક દ્વારકાનાથ સંપૂર્ણ સ્વાતંત્ર્યની જહાલ માન્યતાવાળા હતા. આસામના ચાના બગીચાઓમાં કામ કરતા મજૂરો પર ગુજરતા ત્રાસની સાચી માહિતી મેળવવા એમણે વેશપલટો કરી, ત્યાં જઈ જાતે મજૂરી કરી હતી. એમણે બહાર પાડેલો એ તલાશનો અહેવાલ એટલા જલદ સત્યવાળો હતો કે એને પરિણામે ત્યાંના મજૂરોની સ્થિતિ સુધારવાની દિશામાં પગલાં લેવાની વિચારણા શરૂ કરવી પડી.

દરમ્યાન પોતાની પત્ની ગુજરી જતાં દ્વારકાનાથે પોતાની પુત્રી



સત્યજિત રાયના પિતામહ ઉપેન્દ્રકિશોર રાય—સૌ. રાય

વિધુમુખીની લગભગ સમવયસ્ક એવી કાદમ્બિનીદેવી નામની એક સુશિક્ષિત યુવતી સાથે લગ્ન કર્યાં. એ કાદમ્બિની બંગાળનાં પહેલાં બે મહિલા ગ્રૅજ્યુએટો પૈકીનાં એક હોવા ઉપરાંત સૌપ્રથમ સ્ત્રી-દાક્તર પણ હતાં. રાજદ્વારી ક્ષેત્રે પણ એ પતિ સાથે ભાગ લેતાં, અને કલકત્તા કૉંગ્રેસ વખતે જાહેર મંચ પર વ્યાખ્યાન કરનાર પહેલાં મહિલા હતાં.

એ સાસુ-સસરાના મકાનને નીચલે માળે જ નવપરિણીત ઉપેન્દ્રકિશોરે પોતાનો સંસાર સ્થાપી કર્યો. દૂર મસુઆ ગામની જાગીર પર સગી માતા હજી જીવતી હતી અને તે આ નવા બ્રહ્મો–બ્રાહ્મણના સુધારક લગ્નને અપનાવી લેવા યે તૈયાર હતી, છતાં ઉપેન્દ્રકિશોર ત્યાં ક્વચિત જ જતા. દત્તક લેનાર પિતા હરિકિશોરને પણ પાછલી વયે પુત્ર થયો હોવાથી એમની જમીનદારીના વહીવટમાં પણ ઝાઝી ડખલ ન કરતાં એમણે પોતાની ફોટોગ્રાફી વિકસાવી અને તેમાંથી ચિત્રો છાપવાના બ્લૉકો બનાવવાનો નવો વ્યવસાય ઊભો કર્યો.

જમીનદારીમાંની પોતાની ભાગીદારીની મિલકતમાંથી ઉપેન્દ્રકિશોરે ૧૮૯૫માં ઇંગ્લંડથી ઊંચામાં ઊંચું સાંચાકામ અને બ્લૉકો બનાવવા માટેનો ખાસ કૅમેરા તથા અન્ય સાધનસામગ્રી મંગાવીને 'યુ. રાય'ના નામથી ઉત્કૃષ્ટ મુદ્રણકાર્ય કરવાનું છાપખાનું કાઢ્યું અને આમ, બંગાળમાં જ નહિ પણ હિંદભરમાં હાફ્ટોન બ્લૉક પ્રિન્ટિંગના કલાત્મક મુદ્રણ-કસબનો પાયો નાખ્યો. ચિત્ર-મુદ્રણને માટે આજે ભારતમાં વિખ્યાત થએલા બંગાળના બધા જ નામી મુદ્રકો એ યુ. રાયને ત્યાંથી શિક્ષા-દીક્ષા પામીને પાકેલા.

ઉપેન્દ્રકિશોર આવા કસબી વિજ્ઞાની હોવા ઉપરાંત ઉત્તમ કોટિના લેખક-ચિત્રકાર તો હતા જ; એટલે છાપખાનું શરૂ કર્યા પછી થોડા જ સમયમાં એમણે બાળકોનું પહેલું સચિત્ર માસિક શરૂ કર્યું. વળી એ ઉત્તમ કોટિના કલાકાર પણ હતા. ધંધામાંથી અંતર્મુખ બનતાં વારંવાર દાર્જિલિંગ કે જગન્નાથપુરી જઈને એમણે કરેલાં દૃશ્યચિત્રો ઊંચી કક્ષાનાં છે; ને એમનું લખેલું સચિત્ર પુસ્તક 'ફોક ટેઈલ્સ ઑવ હિંદુસ્તાન' તો આજે પણ પ્રખ્યાત છે.

વળી, શોધક પ્રતિભાવાળા ઉપેન્દ્રકિશોર બીજી બાજુ કેવળ ઉત્કૃષ્ટ મુદ્રણકાર્ય કરીને જ બેસી નહિ રહેલા; પરંતુ બ્લૉકો બનાવવાના પોતાના કસબમાં આગળ નવી શોધોના અખતરા પણ તે કર્યા કરતા. પોતાનાં સચિત્ર પુસ્તકોના રંગ-બ્લૉકો બનાવવા માટે સાઠ ડિગ્રીના સ્ક્રીન અને ડાયાફ્રામવાળું 'સ્ક્રીન-ઍડજસ્ટિંગ યંત્ર' શોધવા પાછળ એમણે પોતાની મિલકત લગભગ સાફ કરી નાખેલી!

વિજ્ઞાન-કસબી-કલાકાર આવા ઉપેન્દ્રકિશોર સંગીતના પણ ઉત્તમ જ્ઞાતા હતા. એ વાયોલિનવાદનમાં ઉસ્તાદ હતા અને પશ્ચિમી સંગીત ઉપર નાની પુસ્તિકાઓ પણ એમણે લખેલી. એમના બે નાના ભાઈઓ પણ સારા લેખકો હતા, જેમાંના એકે વિખ્યાત ફ્રેન્ચ લેખક જ્યુલે વર્નની વિજ્ઞાનકથાઓ તથા કૉનન ડૉઈલની શેરલૉકહોમ્સ વગેરે વાર્તાઓને બંગાળીમાં ઉતારેલી. જ્યારે ઉપેન્દ્રકિશોરના મોટા ભાઈ શરદરંજન રાય સંસ્કૃતના પંડિત અને ગણિતશાસ્ત્રના જ્ઞાતા હોવા ઉપરાંત રમતગમતમાં પણ એક્કા હતા. શરીરે, પોષાકે તથા દેખાવે ઇંગ્લંડના વિખ્યાત ક્રિકેટર ડબ્લ્યુ. જી. ગ્રેઈસને જ આબેહૂબ મળતા આવતા એ ખેલાડી 'બંગાળી ક્રિકેટના પિતા' ગણાયા છે.

પત્ની વિધુમુખીથી ઉપેન્દ્રકિશોરને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ થયાં, જે (એમના કાકા તથા ફોઇઓની માફક) બધાં જ શક્તિશાળી લેખકો કે ચિત્રકારો પાકયાં; અને કેટલાકમાં તો એમના વડદાદા લોકનાથની માફક ભાવિની અગમ સૂઝ પણ થઈ આવતી.

એ સર્વ સંતાનોમાં સૌથી પ્રતિભાશાળી પુત્ર (અને સત્યજિતના પિતા) સુકુમારનો જન્મ ઈ. ૧૮૮૭માં થયો. કુટુંબમાં પ્રવર્તતાં કલા, સાહિત્ય, સંસ્કાર, સંગીત, વિજ્ઞાન આદિથી મહેકતા વાતાવરણમાં એની પ્રતિભા સવિશેષ પાંગરી ઊઠી, એ ઉત્તમ કવિ અને ચિત્રકાર ઉપરાંત નિષ્ણાત ડિઝાઈન-કલાકાર, નાટચકાર અને નટ પણ થયા. (જે બધી શક્તિઓનો સંપાત ચલચિત્ર-સર્જક સત્યજિતમાં આજે જણાય છે.) એમનાં સર્જેલાં સચિત્ર બાળજોડકણાંથી તો એ બંગાળના લૂઇ કારૉલ(ઍલિસ ઈન વન્ડરલૅન્ડના જગવિખ્યાત લેખક)નું બિરુદ પામ્યા. એમણે 'સંદેશ' નામનું બીજું બાલમાસિક શરૂ કરેલું. (જેને સત્યજિતે હમણાં પુનર્જીવિત કરીને દાદા અને પિતાની માફક તેમાં વાર્તાઓ તથા ચિત્રો આપવાં શરૂ કર્યાં છે.) સત્યજિત કહે છે કે મારા પિતા પણ મારા દાદાના જેવા જ મુદ્દામ આદર્શવાદી જીવ હતા. અનેક દિશાઓમાં પ્રગતિવાન ને અગ્રચારી થવાની એમને લગની હતી.

એ પુત્ર સુકુમારને ઈ. ૧૯૧૧માં ઉપેન્દ્રકિશોરે ડિઝાઈન, ફોટોગ્રાફી ને ચિત્રમુદ્રણમાં આગળ શિક્ષણ લેવા માટે માન્ચેસ્ટર(ઈંગ્લંડ) મોકલ્યા. ત્યાં એમણે ચિત્રમુદ્રણમાં અસાધારણ સફળતા મેળવી અને સ્વદેશ આવીને 'યુ. રાય ઍન્ડ સન્સ'ના મુદ્રણવ્યવસાયનો વહીવટ ઉપાડી લીધો; કેમકે પિતા ઉપેન્દ્રકિશોરને (એ હજી માંડ વનમાં પ્રવેશ્યા હતા ત્યાં) મધુપ્રમેહના રોગે ઘેરી લીધા હતા.

ઈંગ્લંડથી પાછા આવીને સુકુમારે (પિતાને પગલે જ) સુપ્રભા નામની પોતાની પસંદગીની સુંદર ને સુશિક્ષિત, સંસ્કારી ને સંગીતજ્ઞ બ્રહ્મોસમાજીયુવતી સાથે પ્રણયલગ્ન કર્યું. સુકુમારની માતા વિધુમુખીની પેઠે તેની આ પત્ની સુપ્રભા પણ પ્રતિભાવાન પિતાના કુલસંસ્કાર લઇને આવી હતી. એના પિતામહ કાલિનારાયણ ગુપ્ત ઉત્સાહી ને સ્વપ્નશીલ બ્રહ્મોસમાજી તથા ઊંચી કોટિના ભક્તકવિ ને સંગીતજ્ઞ હતા.

પૂર્વ બંગાળના ઢાકા પરગણાનો એ યુવાન કાલિનારાયણ નાનપણમાં શિલ્પકલાના સંસ્કાર લઇને ઊછર્યો હતો, અને લાકડામાંથી આબેહૂબ સજીવ લાગતાં જીવજનાવર કંડારી શકતો. ઉપેન્દ્રકિશોરની પેઠે તેને પણ એક નિઃસંતાન જમીનદાર વિધવાએ દત્તક લેતાં જમીનદારી વારસામાં મળેલી. તે અને તેની પત્ની અત્રદા અદ્‌ભુત સૂરીલા કંઠ ધરાવતાં ને ભક્તિગીતો રચતાં. એ ભક્તિરતતાએ એમને પરમાત્મશક્તિ વિષે ચિંતન કરતા કરી મૂકયા, જેને પરિણામે ઈ. ૧૮૬૯માં, ૩૯

વર્ષની વયે, પોતાની પત્ની, બે પુત્રો અને બે નોકરોને લઈ તે ઢાકા જઇને બ્રાહ્મોસમાજમાં જોડાયા. ભક્તિનમ્ર હોવા ઉપરાંત તે એટલા ઋજુહૃદયના ને સેવાભાવી હતા કે પોતાની જમીનદારીના વસવાટનો ઘણો ભાગ રાતવાસુ પ્રવાસીઓને કાઢી આપતા, ગરીબ ગામલોકો તથા પોતાના નોકરો સુદ્ધાંની દવાદારૂ તથા સેવાચાકરી કરતા અને આર્થિક સહાય આપતા. એમની સેવાબુદ્ધિનું એક એવું ઉદાહરણ અપાય છે કે એ જ્યારે વૃદ્ધ થયા હતા ત્યારે ગામનો એક ભંગી ગાંડો થઈ ગએલો તે ગામલોકોને બહુ રંજાડતો. એમણે તેને પોતાને ત્યાં લાવી તેની સુશ્રૂષા કરી, એટલું જ નહિ પણ તે મૃત્યુ પામ્યો ત્યારે તેનો અગ્નિસંસ્કાર કરવા તેના શબને એકલપંડે પોતાના વૃદ્ધ દેહપર નાખી પ્રભુકીર્તન કરતાકરતા સ્મશાને ચાલ્યા! એમનાં રચેલાં ઘણાં ભક્તિપદો આજે જાણીતાં છે. એવાં પિતામહ-પિતામહીના અદ્ભુત સુરસસ્કાર લઈને સુપ્રભાદેવી સુકુમારને ઘેર આવ્યાં.

અને, આદિ વડવા રામકૃષ્ણ રાયથી શરૂ થઇને પિતામહ ઉપેન્દ્ર-કિશોરમાં પરિણત થએલી સંગીતપ્રતિભા સુપ્રભા દ્વારા પુષ્ટ થઇને જેમ સત્યજિતમાં ઊતરી છે, તેમ એ રૂપવતી માતાની ચિબુક પરના સુંદર ઊંડા ખંજન જેવું ખંજન પણ સત્યજિતની દાઢી ઉપર ઊતર્યું છે!

મધુપ્રમેહથી પીડાતા પિતા ઉપેન્દ્રકિશોરના મુદ્રણવ્યવસાયનો તથા જમીનદારીનો ભાર સુકુમારે ઉપાડી લીધા પછી થોડા જ સમયમાં ઈ. ૧૯૧૫માં ઉપેન્દ્રકિશોર અવસાન પામ્યા, અને સદાના આનંદી ને કલારંગી, ઉત્સાહી ને હિંમતબાજ એ યુવાનને ચિંતાએ ઘેરવા માંડયો. જમીનદારીની આવકમાં મોટી ખોટ આવી હતી, અને પોતાના છાપ-ખાનામાં તાલીમ પામીપામીને છૂટા થએલા કારીગરો હરીફાઈમાં નવાં છાપખાનાંઓ કાઢતા જતા હોવાથી ધંધામાં પણ ખોટ જણાવા માંડી હતી. ઉપેન્દ્રકિશોરના આરંભકાળના ઊજળા દહાડા જાણે આથમવા માંડયા હતા. આ ઊતરતા ઓળાઓમાં ઊજળા કિરણરૂપ હોય તેમ, લગ્ન પછી છેક આઠ વર્ષે, ઈ. ૧૯૨૧ના મે માસની બીજી તારીખે સુકુમાર-સુપ્રભાના પ્રથમ અને એકમાત્ર પુત્ર સત્યજિતનો જન્મ થયો.

એ જ અરસામાં સુકુમાર મૈમેનસિંગ જિલ્લામાંની પોતાની જાગીરના કામે ગએલા ત્યાંથી તેમને ભયંકર કાળો તાવ લાગુ પડયો, જેની એ વખતે કોઈ દવા શોધાઈ ન હતી. પણ એ દરદ લાગુ પડયા-ની એમને જાણ થઈ તે અગાઉ જ એમણે એક પત્ર લખ્યો હતો, જેમાં આગામી ભયંકર ભાવિની, મૃત્યુની એમણે કોઈ અગમસૂત્રથી આગાહી કરી હતી—પોતાના વડવા લોકનાથની જેમ.

મદવાડ લંબાતો ગયો. મૃત્યુ હવે નિશ્ચિત હતું. એ જાણતા છતાં પણ સુકુમાર પોતાનાં સર્વ કર્તવ્યકર્મ છેવટ સુધી અથેતિ બજાવતા જ રહ્યા. એમની આ સ્થિતિથી સૌ કરતાં વધુ ખેદ પામનાર કદાચ કવિવર રવીન્દ્રનાથ હતા. તેઓ ઉપેન્દ્રકિશોરના વાયોલિનવાદન પર મુગ્ધ હોવાથી વારંવાર તેમને ઘેર એ સાંભળવા જતા, અને ત્યારથી સર્વ રાય-સંતાનોના, ખાસ કરીને સુકુમારના મોટા ચાહક અને મિત્ર બની રહ્યા હતા. એટલે પોતાનો ૩૫મો-અને કદાચ છેલ્લો-જન્મદિવસ ઊજવવા સુકુમાર પોતાની પત્ની સુપ્રભા અને પુત્ર સત્યજિતને લઈ કવિવરને મળવા શાન્તિનિકેતન ગયા. કહેવાય છે કે એમને આમ અચાનક આવી ચડેલા જોઈ રવીન્દ્રનાથે એમને નરમ ઠપકો આપ્યો; કેમકે વીસીના દાયકાના સર્વશ્રેષ્ઠ તરુણ લેખકો પૈકીના એક તરીકે લોકો જેમનો આદર કરતા હતા એવા આ મિત્રનું અભિવાદનકાવ્ય લખવા પૂરતો પણ પોતાને અવકાશ એણે નહિ આપેલો.

તે પછી ટૂંક સમયમાં જ, ઈ. ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં ૩૬ વર્ષની વયે સુકુમાર અવસાન પામ્યા. ગુરુદેવે એ સમાચાર સાંભળ્યા ત્યારે



જાણીતા ચિત્ર-સંગીત-દિગ્દર્શક સત્યજિત રાય

એમણે લખ્યું કે માણસ મૃત્યુને પણ આમ સાહસ તરીકે ખેડી શકે છે એ, મને આ યુવાને શીખવ્યું. કેમકે અંતકાળના દિવસોમાં સુકુમાર જ્યારે હૉસ્પિટલમાં હતા અને ઑક્સિજન લેતા હતા ત્યારે પણ એમનું ગીતસર્જન તો ચાલુ જ હતું! અને વિધિનો કોઈ અજબ યોગ તો એ છે, કે જે ઘડીએ બાળજોડકણાંના એ બિનહરીફ કવિનો આત્મદીપ ઓલવાઇ રહ્યો હતો, બરાબર તે જ સમયે ગુરુદેવે એક બાળજોડકણું રચ્યું હતું, જેમાંથી બેવડો અર્થ નીકળતો હતો!

સત્યજિતને ઉછેરવાનો ભાર સુપ્રભાને માથે નાખી સુકુમાર ચાલ્યા ગયા ત્યારે આર્થિક સ્થિતિ તદ્દન તંગ હતી. પણ કાલિનારાયણ ગુપ્તની એ શાણી અને હિંમતબાજ પૌત્રીએ લોકોનાં ભરત ભરીને ત્રેવડ અને ધીરજથી ઘરસંસાર નભાવ્યો. સત્યજિત પાંચ-છ વર્ષનો થયો ત્યાર-થી જ ચિત્રો ચીતરતો થઈ ગયો હતો, અને એના દાદાનો સંગીતનો વારસો પણ મહોરાવતો જતો હતો. પછી તો એણે ગુરુદેવના શાન્તિ-નિકેતનમાં જ આગળ તાલીમ લીધી. અને આજે, એનો આઠ વર્ષ-નો પુત્ર સંદીપ, જાણે પિતાની એ વયની પ્રતિભાને અતિક્રમતો હોય તેમ, આઠ મિલિમિટરની ફિલ્મો ઉતારતો થઈ ગયો છે!

આમ, પેઢી દર પેઢી ઊતરી આવતી પ્રતિભાનાં એક નહિ પણ લગભગ ડઝનેક ઉદાહરણો આ રાય ઘરાણામાંથી મળી આવે છે. જેમ પ્રતિભાબીજ પેઢીઉતાર પાંગરતું આવતું જણાય છે તેમ તેનાં પ્રતીક સમાં શરીરનાં સામુદ્રિક ચિહ્નો પણ લગાતાર ત્રણ પેઢી ઊતરતાં આવ્યાં છે. ઉપેન્દ્રકિશોર રાયના નાક પર (આપણા કવિ ઉમાશંકરની પેઠે) જેવો મસો હતો તેવો જ સત્યજિતની દાઢી ઉપર છે, અને એ જ પાછો સંદીપના નાક ઉપર પણ ઉતર્યો છે. સુકુમારને નજરે જોનારા-જાણનારા આજે કહે છે કે બરોબર તેનાં જ પ્રતિભાલક્ષણો સંદીપમાં ઊતર્યા છે.

અફસોસની વાત છે કે ઉપેન્દ્રકિશોરના પિતા શ્યામસુંદર રાયનું, કે તેમના અસાધારણ પિતા લોકનાથનું, કે તેમના યે અનન્યસાધારણ પિતા રામકૃષ્ણ રાયનું કે એમના આદિ વડવા રામસુંદર દેવનું—કોઈનું ચિત્ર કે છબી ઉપલબ્ધ નથી. હોત તો જાણી શકાત કે ઉપેન્દ્રકિશોરનાં સામુદ્રિક લક્ષણો પેઢીઉતાર હતાં કે નહિ. છતાં એ હશે એવી માન્ય-તા, પેઢીઉતાર પાકતી આવતી આ પ્રતિભાને કારણે સતર્ક ઠરે છે.

(મેરી સીટનનાં અંગ્રેજી લખાણને આધારે)

શરદિન્દુ વંદ્યોપાધ્યાયની બંગાળી વાર્તા

જેમાં દીવા આપમેળે પ્રકટીને ઓલવાઈ જાય છે

સતી

અનુવાદક : રમણિક મેઘાણી

એને હાથ જોતાં આવડતું, કુંડલી કાઢતાં આવડતું અને વાર્તા કહેતાં આવડતું. ધંધે એ વીમાદલાલ હતો. વય લગભગ પિસ્તાલીસ. ગંભીર, જાડો અને પહોંચેલ બુદ્ધિ, આવા માણસોથી હું સદા ય આઘો રહું છું; છતાં, કોણ જાણે કેમ, આ માણસના ફંદમાં ફસાઇ ગયો. દસ હજારનો જિંદગીનો વીમો ઉતરાવી ભાવિને માટે વર્તમાનને ગીરવી મૂકી, નજર સામે સરસવનાં ફૂલ જોતો હતો.

પણ જવા દો એ વાત. મારા દુઃખની વાત અહીં નથી કરવી. એણે પોતાના અનુભવની એક વાત સંભળાવી હતી એ જ લખું છું. વીમા-દલાલો કેટલું સાચું બોલે છે અને કેટલું ખોટું બોલે છે એ વિષે ય અહીં કહેવું નથી. તેઓ કદાચ સદા યે સાચું જ બોલતા હશે. પણ આ વાર્તાની સત્યાસત્યતા વિષે કોઇ જાતની જવાબદારી હું નથી લેતો. જેવી સાંભળી એવી જ અહીં લખી નાખું છું.

હું ત્યારે મુંબાઈ રહેતો હતો. બીજા મહાયુદ્ધના પ્રારંભમાં જ નોકરીનું રાજીનામું આપીને બેઠો હતો. એ ક્યારેક સવારે તો ક્યારેક સાંજ વેળા મારે ત્યાં આવતો. મારો હાથ ઝીણવટથી જોઈ એણે એવું તો રળિયામણું ભવિષ્ય ભાખ્યું હતું કે હું મુગ્ધ બની ગયો હતો.

વાર્તા કહેવાની એની રીત નાટકી નહિ પણ એથી વિપરીત હતી. તદ્દન સામાન્ય વાતમાંથી વાર્તાની શરૂઆત કરે અને ધીમેધીમે ધીરે સાદે વાત કહ્યે જાય. એથી એ વાર્તા કહે છે એમ તુમને લાગે જ નહિ. ને પછી અચાનક એવો વળાંક લે, વાર્તા એવી જમાવી આપે કે બસ! અફીણના કેફની જેમ ધીરેધીરે આપણા મનનો પૂરો કબજો એ લઈ લે.

એક વાર સાંજે એ આવી ચડયો. આરામખુરશીમાં પડયોપડયો હું લાંબી નળી વાટે હુક્કો ગગડાવતો હતો. એણે એક નેતરની ખુરશી પર આસન જમાવી લાંબી સિગાર કાઢી ચેતાવી. બહાર વર્ષાની ઝરમર ચાલુ હતી. મુંબાઇની વર્ષા. ન ગાજવીજ ન ઘોષ. શાન્ત, નિરુપદ્રવી વર્ષા. એ વર્ષામા માત્ર બાહ્ય જ નહિ અંતરપણ ભીંજાઇને ભારે થઈ ઊઠતું.

એણે કાળજીપૂર્વક ઍશ ટ્રેમાં સિગારની રાખ ખંખેરતાં કહ્યું: 'આજ-કાલ સીતા-સાવિત્રી બહુ નથી દેખાતી; છતાં સતીસાધ્વી સ્ત્રીઓ તદ્દન જ નથી એમ પણ નહિ કહેવાય.' વાત એકદમ અપ્રાસંગિક હતી. અગાઉની કોઈ વાત સાથે એને સંબંધ નહોતો. મેં ભમ્મર ઊંચી કરી પૂછ્યું, 'એવું જ છે શું? ઓચિંતી આ વાત કેમ કાઢી?'

સિગાર દાંત વચ્ચે દાબી, બેત્રણ ધીમા દમ ખેંચી એણે કહ્યું : 'આ વર્ષા જોઈને યાદ આવી ગયું. ગયે વરસે ઉનાળો ઊતરતા હું ગુજરાત ગયો હતો—એકદમ તળ ગુજરાતમાં. ત્યાં એક કિસ્સો જોયો...'.

'શું?—સતી થવાનો?'

'ના, સતી થવાનો નહિ...' જરા ગળું ખખારીને સાદ નરવો કરતાં એણે કહ્યું. અને એમ વાત શરૂ થઈ.

"કાકુભાઈ દેસાઈ મારા મિત્ર છે. એક જ કંપનીમાં અમે કામ કરીએ છીએ. ગુજરાતનો અમુક પ્રદેશ એનો ઇલાકો છે. એ ત્યાં જ રહે છે. વચ્ચેવચ્ચે મુંબાઈની હેડ ઑફિસે આવી જાય છે. ગયે વરસે એ મુંબાઈ આવ્યા ત્યારે તેમણે મને કહ્યું. 'ચાલો ગુજરાતમાં ફરી આવવું હોય તો. મારી ઑફિસનું કામ ઘણું ચડી ગયું છે. તમે થોડા દિવસ ત્યાં હશો તો ઘણું વ્યવસ્થિત કરી લેવાશે.'

શેઠની રજા લઈ અમે નીકળી પડયા. હું સુરત અને અમદાવાદ કોઈ વાર ગએલો ખરો, પણ તળ ગુજરાત—ગુજરાતનો ગ્રામવિસ્તાર જોયો ન હતો. એ જોવાનું મન હતું. ભારતવર્ષમાં અનેક જાતિઓ છે, પણ એ સૌમાં ગુજરાતીઓ સૌથી અગ્રણી છે. ઉદ્યોગધંધાની એટલી યોજનાઓ મારવાડીઓ યે નથી જાણતા. મનમાં થયું કે જરા જોઈ આવું કે કઈ ધરતીનાં ખાન-પાને તેઓ આટલી વાણિજ્યબુદ્ધિ પામ્યા છે.

આખા ગુજરાતમાં બસો-ચારસો રજવાડાં છે. નાનાંનાનાં રાજ, અને એવા જ નાનાનાના રાજા. ગામ બધાં જીર્ણ બની ગએલાં. સાંકડી શેરીઓ, અને મકાનો પણ લૂણો ખાધેલી દીવાલોવાળાં. કોઇએ મધપૂડાનું મધ નિચોવી લઈ ખાલી ખોખું સરખું કરીને સૂકવ્યું હોય તેવું લાગે. અસલ ગુજરાતનો આ ચહેરો જોતાં સમજાઈ જાય કે ગુજરાતીઓને ત્યાં કંઈ સંપદ નથી. મારવાડીઓની જેમ ઘરબહાર નીકળી, પરદેશ ખેડીને મધ ભેગું કરે છે. જે જાતિને ઘરઆંગણે ખાવા મળે છે તે લોકો બહાર જતા નથી. બંગાળીની જેમ ઘરની ધરતીને કોરીને પડયા રહે છે. મધ ભેગું કરી શકતા નથી.

ખેર, અમે તો જઈ પહોંચ્યા. સુંદરતા વિહોણું ગામ. જોવા જેવું ખાસ કંઈ જ નહિ. વઘારાગાં બફારો. આકાશમાં વાદળાં દોડાદોડ કરી રહ્યાં હતાં. લાગે કે બેચાર દિવસમાં જ ચોમાસું શરૂ થવું જોઈએ. એ પહેલાં ગ્રીષ્મઋતુ એનો છેલ્લો દાવ અજમાવી રહી છે.

કાકુભાઇને ઘેર ઊતરેલો, ઘરમાં એમનાં પત્ની અને બે પુત્રીઓ. ગાંધીજીના પ્રતાપે ગુજરાતીઓમાં હવે લાજ કાઢવાનો રિવાજ રહ્યો નથી; પરંતુ ગુજરાતણો હજુ યે રસોડાના વર્તુલમાંથી બહુ બહાર નીકળી નથી. પોતાના ગૃહજીવનમાં જ રચીપચી રહે છે. જાતે જ રાંધે, પાણી ભરે, કપડાં ધૂએ અને ખરીદી પણ કરે. ખાવાપીવામાં પણ અમુક મર્યાદિત વસ્તુઓ જ. માછલી કે માંસનું તો નામ જ ન લેવાય. પણ હા, દૂધની એમને કમીના નથી. વાતવાતમા દૂધ આવે.

કાકુભાઈનાં પત્ની સુશીલાબેન અજબ શાન્ત સ્વભાવનાં બાઈ. મારું સુંદર આતિથ્ય કર્યું. છતાં થતું કે એ જો થોડાંક ઓછાં ઘર-જંજાળી હોત તો સારું થાત. પણ એ ય શું કરે? ગુજરાતીઓની પ્રકૃતિમાં જ એ છે. ચકલી જેમ બહુ ઊંચે ઊડી શકતી નથી, તેમ જ ગુજરાતણનાં મન ધરતીથી—પોતીકી ધરતીથી બહુ ઊંચે જઈ શકતાં નથી.

પણ એથી ગુજરાતીઓમા—ગુજરાતણોમાં અપવાદ નથી એમ નહિ કહેવાય. ગાંધીજી જ એક જબ્બર અપવાદ હતા. પણ એવા અપવાદ વધુ દેખાતા નથી. આદર્શોની બહુ ભાંજગડમાં તેઓ પડતા નથી તેથી જ કદાચ એમનામાં વચ્ચેવચ્ચે એવી વિરાટ આદર્શવાદી વ્યક્તિઓ જન્મે છે જે એ આખી યે જાતિને ઉગારી રાખે છે.

ત્રણચાર દિવસ વીતી ગયા. અમે ઑફિસનું કામ પતાવવા માંડ્યું. એક દિવસ સાંજે કાકુભાઇએ કહ્યું, 'ચાલો, તમને જરા અમારું ગામ બતાવું. અહીં આવ્યા પણ ક્યાં ય બહાર જવાનું તો થયું જ નહિ.'

'શું જોવા જેવું છે તમારા આ ગામમાં?' મેં પૂછ્યું.

'ખાસ તો કંઈ જ નથી, પણ નદીકિનારો ઠીક છે. ચાલો, એ તરફ જ જઇએ.' અમે નીકળ્યા. આકાશમાં વાદળાં ઠીકઠીક ઘેરાયાં હતાં. હવા બિલકુલ ન હતી. ઘરમાં બેઠાંબેઠાં ગૂંગળામણ થતી હતી. કદાચ રાત્રે જ વર્ષા શરૂ થઇ જાય.

શેરીઓ પર શેરીઓ વટાવતા અમે નદી તરફ જતા હતા. રસ્તામાં કાકુભાઇએ કહ્યું, 'ચાલો જરા ચંપકભાઇને મળતા જઇએ. ઘણા દિવસથી એમના કંઈ સમાચાર નથી. અહીં જ એ રહે છે.' એમની સાથે એક શેરીમાં વળતાં મેં પૂછ્યું, 'એ ચંપકભાઇ કોણ છે? શું કરે છે?'

'એ પટેલ છે મારો ઓળખીતો એક જુવાન છે. પેટા એજન્ટ તરીકે કામ કરતો. વચ્ચેવચ્ચે બેએક કેસ લાવતો. બહુ ગરીબ છે. કેટલાક વખતથી એને ટી. બી. થયો છે.'

શેરી તદ્દન સાંકડી થઇને જ્યાં એક સાથે બે જણ ચાલી ન શકે એવી થતી હતી ત્યાં એક નાનું એકમાળિયું મકાન હતું. મકાનની ભીંત ઉપરથી ઢગલે ઢગલા પ્લાસ્ટર ખરી પડયું હતું. બંધ બારણાં ઉપરનો રંગ પણ પોપડા થઇને ખરતો હતો. ખખડી ગએલા એ મકાનમાં માણસનો વાસ હશે એમ લાગતું નહોતું. જાણે એ ખંડેર જ હતું. કાકુભાઇએ દરવાજો ખખડાવ્યો. થોડીવારે એક બહેને આવી દરવાજો ઉઘાડયો. કાકુભાઇએ પૂછ્યું, 'ચંપકભાઇને હવે કેમ છે, રમાબેન?'

પહેલી નજરે એ બહેન અજબ સુંદરી લાગે. પણ પછી સમજી શકાય કે એમની સુંદરતા તો ખાસ અજબની નહિ પણ એમનું લાવણ્ય—એમની નમણાશ કોઈ અજબ હતી. એમના આખાયે વદન પર લાવણ્ય જાણે છલકાયે જતું હતું. વય લગભગ છવ્વીસ–સત્તાવીસનું હશે. વાન ઊજળો. ગુજરાતી સ્ત્રીઓ સેંથામાં સિંદુર નથી પૂરતી; એટલે એ સધવા છે, વિધવા છે કે કુમારિકા છે એ તુરત સમજાતું નથી. છતાં રમાબેન ચંપકભાઇનાં વહુ છે એ સમજતાં વાર ન લાગી.

કાકુભાઈના પ્રશ્નના જવાબમાં રમાબેને માત્ર માથું હલાવ્યું. એમની એકાગ્ર આંખોમાં શું છુપાયું હતું એ બરાબર સમજાતું નહોતું. જાણે એમનું હૈયું, મન આ જગતને છોડી કોઈ દૂરના જગત તરફ ચાલ્યું ગયું હતું. જાણે એ આ ધરતીનું માણસ નહોતાં.

ઘરની અંદરથી ઉધરસનો ધીમો અવાજ આવતો હતો.

કાકુભાઇએ કહ્યું, 'થયું કે આ બાજુ નીકળ્યા છીએ તો જરા ચંપકભાઇને જોતા જઇએ.' રમાબેને એકવાર મારી સામે નિહાળીને જોયું, એકવાર કાકુભાઈ સામે જોયું, અને પછી ધીમેથી માથું હલાવી ઈશારામાં પોતાની અસમ્મતિ દર્શાવી.

કાકુભાઇએ તરત જ કહ્યું, 'ઠીક ત્યારે; મારા આ મિત્ર મુંબાઈથી આવ્યા છે એટલે થોડાક દિવસથી ખબર કાઢવા નહોતો આવી શક્યો. હું કાલે ફરી આવી જઈશ!' રમાબેનના મોં પર આછું હાસ્ય ફરી વળ્યું. પછી રંગ ઊપટેલાં એ દ્વાર ફરીથી દેવાઈ ગયાં.

રસ્તામાં કાકુભાઇએ કહ્યું, 'ચંપકભાઈ કદાચ નહિ બચે. અને તો આ રમાબેનનું શું થશે એનો વિચાર કરું છું એ બેમાંથી કોઇને ત્રણ પેઢીમાં કોઈ કરતાં કોઈ નજીકનું સગું નથી. ચંપકભાઇને મેં અગાઉ સમજાવ્યું હતું કે ઓછામાં ઓછી હજાર રૂપિયાની એક પૉલિસી લઈ લો. પણ એમણે સાંભળ્યું જ નહિ......'

રમાબેનની નમણી મૂર્તિ મારી સામે તરવરવા લાગી. જેનો પતિ ટી.બી.ના ધીમા મોતનો ભોગ બની રહ્યો છે એનું આ લાવણ્ય! કેવી હશે એ બાઈ? મૃત્યુપથારીએ પડેલા ધણીની ચાકરી કરતી હશે ને?

બીજી કેટલીક નાનીમોટી શેરીઓ વટાવી અમે નદીકિનારે પહોંચ્યા. વાદળિયું આકાશ તોળાઈ રહ્યું હતું. વાદળાંની પછીતે સૂર્યાસ્ત થઈ ગયો કે શું એ સમજાતું નહોતું.

નદીનો પટ બહુ પહોળો નહોતો. એમાં પણ પાણી સુકાઈ ગયું હતું; રેતી અને પથ્થરો દેખાતાં હતાં. વચ્ચે માત્ર એક પાતળી ધારા વહી જતી હતી. બેઉ બાજુ પથ્થરોની ઊંચી પાળ બની ગઈ હતી. બેશક, ચોમાસામાં એ તસુ યે તસુ છલકાઈ જતી હતી.

અમે એક મોટા પથ્થર ઉપર પગ ઝુલાવતા બેઠા. વાતાવરણ શાંત હતું. મેં સિગાર ચેતાવી. કાકુભાઇએ સિગારેટ કાઢી. પશ્ચિમ બાજુથી ઠંડો વાયરો વાવો શરૂ થયો. આખા દિવસના ઉકળાટ પછી એ બહુ આહ્લાદક લાગતો હતો.

નદીની આ બાજુએ ગામ હતું. પેલી બાજુ વસતિ ન હતી; માત્ર એ કિનારા ઉપર હારબંધ નાના એકસરખાં મંદિરો ઊભાં હતાં. વીસ-પચીસ જેટલાં હશે. મેં એ જોઇને પૂછ્યું, 'કાકુભાઈ આ કોનાં મંદિરો છે?'

કાકુભાઇએ એ તરફ નજર કરી હાથ જોડી માથું નમાવ્યું અને કહ્યું, 'એ બધી સતીની દેરીઓ—મંદિરો છે.'

સતી-મંદિર? એ શું? શિવ-વિષ્ણુનાં મંદિર, ગણેશ–મહાલક્ષ્મીનાં મંદિર, જગન્નાથનું મંદિર, મહાકાળીનું મંદિર, એમ તો જોયું–સાંભળ્યું હતું, પણ સતીનું મંદિર તો ક્યારેય સાંભળ્યું નથી. મેં પૂછ્યું, 'સતીનું મંદિર કોને કહેવાય, કાકુભાઈ?'

કાકુભાઇએ કહ્યું, 'એ આજની વાત નથી; લગભગ હજાર વરસથી ચાલી આવે છે. જ્યારે પણ આ ગામમાં કોઈ પણ સતી સ્ત્રીનું મૃત્યુ થાય છે, ત્યારે શહેરીજનો એના સંભારણા રૂપે અહીં નદીકાંઠે એક એક દેરી (મંદિર) બંધાવે છે. બધી મળીને એ ચોવીસ દેરીઓ છે. છેલ્લી દેરીને બંધાયે સાઠ-સિત્તેર વર્ષ થયાં. તે પછી બીજી દેરી હજુ સુધી નથી બંધાઈ. દર પૂનમે ગામની સ્ત્રીઓ અહીં આવીને પૂજન કરી જાય છે અને ઈચ્છે છે કે તેઓ પણ આવી સતી બની શકે. આ દેરીઓ અમારા ગામનું ગૌરવ છે.'

મેં કહ્યું, 'મને બરાબર સમજાયું નહિ. તમે કહો છો કે છેલ્લાં હજાર વરસમાં માત્ર ચોવીસ જ સતી થઈ ગઈ. તો બાકીની બધી શું અ–સતી હતી? કોણ સતી, કોણ અ–સતી એ કઈ રીતે—કોણ નક્કી કરે?'

જરા વાર ચૂપ રહીને કાકુભાઇએ કહ્યું, 'શરૂઆત કેમ થઇ તેની તો ખબર નથી; પણ છેલ્લાં દોઢસો–બસો વરસમાં શું થયું તે તમને કહી શકીશ. ગામનાં ઘરડેરાં પાસેથી સાંભળ્યું છે કે ત્યારે એક અલૌકિક પ્રસંગ બને છે. જે દિવસે ગામમાં કોઈ સતી સ્ત્રીનું મોત થાય છે તે દિવસે સાંજ પછી આ દેરીઓ (મંદિરો)માં ઓચિંતા દીવા પ્રગટે છે! અને પછી દીવડા હાથમાં લઈ આ બધી સતીઓ મંદિરમાંથી બહાર આવી, ટોળે વળી, આ મંદિરો ફરતી પ્રદક્ષિણા ફરે છે અને પછી ફરી મંદિરમાં અદૃશ્ય થઈ જાય છે. એ જોઈને ગામજનો સમજી જાય છે અને એક નવી દેરી બાંધવાનું કામ આરંભી દે છે.'

આ અલૌકિક વાતમાં મને વિશ્વાસ ન બેઠો; અને સંસ્કારોથી વિપરીત તર્ક કરવો પણ બરાબર નહોતો. હું ચૂપ જ રહ્યો.

એટલી વારમાં ચારે બાજુ અંધારું વધી ગયું. પવનમાં જરા ભિનાશ વરતાઈ. જાણે નજીકમાં જ ક્યાંક વર્ષા શરૂ થઇ ગઈ છે. પશ્ચિમ તરફથી ધુમ્મસ જેવો એક પર્દો જાણે નજીક આવ્યે જતો હતો. કાકુભાઇ ઊભા થયા. કહે, 'ચાલો હવે પાછા ફરીએ.'

બુઝાએલી સિગાર ફેંકી હું યે ઊભો થયો. ધુમ્મસ ત્યારે સામેનાં પેલાં મંદિરો ઉપર આવી પહોંચ્યું હતું. છતાં મંદિરો એકદમ ઢંકાઈ નહોતાં ગયાં. એવામાં ઓચિંતી એક અજબ વાત બની. સામેનાં મંદિરોમાં એકાએક પ્રકાશ ઝળકી ઊઠયો. જાણે કોઈએ વીજળિક બત્તીઓની ચાંપ દબાવી એકીસાથે બધાં જ મંદિરોમાં દીવા પ્રગટાવ્યા હતા!

હું આભો બની એ નિહાળી જ રહ્યો. મારી બાજુમાં કાકુભાઈ પણ ઊભા હતાં. એ તો બે હાથ જોડી પ્રણામ કરતા બોલતા હતા: 'જય સતીમા! જય સતીમા!'નો એમનો કંઠ થર થર ધ્રૂજતો હતો.

મેં એમને પૂછ્યું, 'આ મંદિરોમાં ઈલેક્ટ્રિકની ગોઠવણ છે કે શું?'

એમણે ધીમે અવાજે કહ્યું, 'અહીં વળી વીજળી ક્યાંથી?...જય સતીમા! હું કેટલો નસીબદાર કે આ દર્શન થયાં! જય સતીમા! સતીમાનો જય હો!'

બીજી બાજુ દીવાની હારમાળા ગતિમાન થતી હતી. એટલે દૂરથી કોઈ માનવમૂર્તિ સ્પષ્ટ દેખાઇ નહિ, છતાં લાગ્યું કે જાણે ટોળું એક સ્ત્રીઓ હાથમાં દીવડા લઈ મંદિરોને પ્રદક્ષિણા ફરી રહી છે. દીવડાઓની હારમાળા મંદિરો ફરતી ફરીને આવી, અને પછી, એક પછી એક બધા દીવડાઓ ઝાંખા થતા બુઝાઈ ગયા.

વરસાદનાં ફોરાં મોં પર પડવા લાગ્યાં. જે ધુમ્મસ હોવાનું માન્યું હતું તે હકીકતમાં વર્ષાની શરૂઆત જ હતી. કાકુભાઇ તો હજી પણ ગળગળા થઈ હાથ જોડીને ઊભા હતા. મેં કહ્યું, 'ચાલો, હવે જઇએ.'

કાકુભાઈ ચોંકી ઊઠયા. પછી બોલ્યા: 'કોઈ સતીનું મોત થયું છે, નક્કી. કોણ જાણે કોણ હશે એ. ચાલો ગામમાં જઇને તપાસ કરીએ.'

પાછા ફર્યા ત્યારે ગામની દુકાનોમાં દીવા પ્રકટી ગયા હતા. વર્ષાના છાંટાને કારણે તેનો પ્રકાશ ઝાંખો બન્યો હતો. થોડી વાર ચાલ્યા ત્યાં કોટ-પૅન્ટ પહેરેલી એક વ્યક્તિ હાથમાં બૅગ સાથે ભારે પગલે સામેથી આવતી જણાઈ. કાકુભાઇને જોઈ એ ઊભી રહી: 'કોણ કાકુભાઈ?'

'હા, શા ખબર છે દાક્તર સામન્ત? ક્યાં ચાલ્યા?' કાકુભાઈએ ઉત્તર આપતા પૂછ્યું.

દાક્તરને ઓળખી શક્યો. એ અમારી કંપનીના અહીંના દાક્તર હતા. એમણે કહ્યું, 'સાંભળ્યું નથી? ચંપકલાલ મરી ગયા!'

અમે બંને ચમકી ગયા. કાકુભાઈ બોલી ઊઠયા: 'શું કહો છો?! અરે હજુ કલાક પહેલાં તો અમે એને ત્યાં ગયા હતા. અને એમનાં પત્ની રમાબેન—'

'એ પણ અવસાન પામ્યાં છે!' દાક્તરે કહ્યું.

'હેં?!'

'હા; કાંઈ સમજાતું નથી. આવતા હો તો ચાલો.' કહી દાક્તરે ઉતાવળે પગ ઉપાડયા.

અમે એને વશવર્તી પાછળ પાછળ ચાલ્યા, જેને હજુ કલાક પહેલાં તો તદ્દન સાજાંસારાં સ્વસ્થ જોયાં છે, જેનું અજબ નમણું રૂપ હજુ આંખોમાં તરવરે છે, એ રમાબેન અવસાન પામ્યાં?! ચંપકભાઇને તો જોયા નહોતા, એમનું મૃત્યુ સંભવિત હતું, પણ—

દાક્તરે ચાલતાંચાલતાં કહ્યું, 'ચંપકલાલનો કેસ મારી જ પાસે હતો. બે-ચાર દિવસમાં એમનો અંત છે એમ જાણતો હતો. પણ રમાબેન તો એકદમ સાજાંસારાં હતાં. કોણ જાણે કદાચ પતિના અવસાનનો ઘા સહન ન કરી શક્યાં હોય, અથવા તો ઝેર કે એવું જ કંઈ—'

ચંપકભાઈના ઘરનું બારણું ઉઘાડું હતું. પડોશીઓ ટોળે વળ્યાં હતાં. અમે દાક્તરની પાછળ પાછળ અંદર ગયા.

એક ઓરડામાં દીવો બળતો હતો. પથારીમાં હાડપિંજર જેવો એક મૃતદેહ પડ્યો હતો અને એની બાજુમાં એનો એક હાથ બે હાથે છાતી ઉપર દાબી રાખીને રમાબેન જાણે ઊંઘતાં હતાં. એમના મોં પર કોઇ જ જાતની વિકૃતિ નહોતી. જાણે પરમ નચિંત થઇને પતિની બાજુમાં સૂતાં છે—ઊંઘી ગયાં છે.

દાક્તરે બંનેને તપાસી મોં ઊંચું કરી કહ્યું, 'બેઉનું અવસાન થયું છે.'


હું અને કાકુભાઈ ધીમેધીમે ઘરની બહાર નીકળ્યા. બહાર અંધારામાં ત્યારે કેટલાક જણ ઊભા હતા. વર્ષાનું જોર વધ્યું હતું. અમે પલળતા પલળતા ઘેર પાછા ફરતા હતા.

એકાએક મારો હાથ જોરથી પકડીને કાકુભાઈ બોલ્યા, 'ભાઈ, આજે બધી સતીમા હાથમાં દીવડા લઈ કેમ બહાર નીકળી હતી તે હવે સમજાયું! રમાબેનને મેં હજારવાર જોઇ છે પણ એ આવી મહાન સતી હશે એનો તો ક્યારે ય ખયાલ જ નહોતો આવ્યો.'

રમાબેને ઝેર લીધું હતું કે કેમ તેની મને ખબર નથી. દાક્તરે ડેથ સર્ટિફિકેટ આપ્યું હતું. અને એ બેઉના દેહને એક જ ચિતા પર અગ્નિ-સંસ્કાર થયો હતો. સતીત્વ કહેતાં બરાબર શું સમજાય એ મારા કરતાં તમે વધુ જાણો છો. મન, કાયા અને વચનથી જે એક જ પુરૂષને ચાહે છે, વરે છે ને સેવે છે એ જ સતી કહેવાય છે. રમાબેન વિષે હું કંઈ જ જાણતો નથી. માત્ર એક જ વાર અને એ પણ બે મિનિટ જ એમને જોયાં હતાં. પણ એ સાચે જ એક મહાન સતી હતાં તે વિષે મને શંકા નથી. પતિનો હાથ હૈયે મૂકી ચિર નિદ્રામાં પોઢી જવાનું એ પુનિત દૃશ્ય જેણે જોયું છે, એ જ જાણે છે કે રમાબેન કઈ માટીનાં ઘડાએલાં હતાં—એટલે જ કહેતો હતો કે આજે પણ, સતી સ્ત્રીઓ તદ્દન નથી જ એમ નહિ કહી શકાય.''

કૌશલ(જાદુ)કળા-૩


ગંગાવતરણ



અ

શાળાનાં પ્રદર્શનોમાં કે વિજ્ઞાનમેળાઓમાં યોજી શકાય તેવો આ એક આશ્ચર્યકારક ને બુદ્ધિશાળી પ્રેક્ષકો પણ દિઙ્મૂઢ થઈ જોઈ રહે એવો પ્રયોગ છે. પ્રેક્ષકો સામે દોરી પર નળની એક ચકલી લટકાવેલી છે. આ ચકલીને કોઇ ઠેકાણેથી નળની સાથે સંબંધ દેખાતો નથી, ને છતાં તેમાંથી નીચે રાખેલી ડોલમાં સતત પાણી પડે છે. (જુઓ આકૃતિ અ)

રહસ્ય: નજીકની કોઈ છૂપી જગ્યાએ સતત પાણી મળી રહે તેવી ગોઠવણ કરવી. આજુબાજુમાં નળ ન હોય તો ચકલી લટકાવી હોય એથી થોડી વધુ ઊંચે ટાંકી ગોઠવી તેમાંથી રબરની નળી વડે પાણી મેળવવું. આ નળીને છેક ડોલની નીચે લાવવી. ડોલના તળિયે કાણું રાખી તેની સાથે ટાંકીમાંથી આવતી નળી જોડવી. હવે ડોલના તળિયાના કાણા પર એક લાંબી કાચની નળી ગોઠવવી. આ કાચની નળીનો ઉપરનો છેડો છેક ચકલીના મોઢિયામાં ઘુસાડેલો રાખવો–ચુસ્ત રીતે નહિ પણ રમતો. નળીમાં પાણી ચાલુ કરવાથી તે કાચની નળી મારફતે છેક ચકલીના મોઢિયામાં આવશે અને ત્યાંથી પાછું ડોલમાં ફેંકાશે. આ પાણીની ધારની અંદર કાચની પારદર્શક નળી છુપાઈ રહેશે; પાણીની ધાર તથા કાચની નળીને જુદાં પારખી શકાશે નહિ. (જુઓ આકૃતિ બ) (નોંધ: કાચની નળી તદ્દન સીધી (verticle) હોવી જોઇએ. ડોલના તળિયા સુધી આવતી રબરની નળીને રેતીના થર કે બીજાં આચ્છાદનો વડે ઢાંકી રાખવી. પ્રેક્ષકોની હાજરીમાં પ્રયોગ ચાલુ કે બંધ ન કરવો પણ સતત ચાલુ રાખવો.)



બ

નિરંજન ઠક્કર

રણમલ ચોકી

ત્રણ વિવિધ શિલ્પતત્ત્વોનો સમન્વય સાધતું રચનાકૌશલ પ્રમાણભાર અને સુરેખ રૂપકામ ધારનાર સત્તરમી સદીનું એક અજાણ મંદિર

લેખકો
જયેન્દ્ર નાણાવટી
મધુસૂદન ઢાંકી
પુરાતત્ત્વખાતું
ગુજરાત રાજ્ય

★

સર્વ ચિત્રો
ગુજરાત રાજ્યના
પુરાતત્ત્વ ખાતાના
સૌજન્યથી




ડાબી બાજુ: ગોખ

'ડુંગરા દૂરથી રળિયામણા' એ લોકોક્તિને સત્યથી વેગળી હોવા પ્રતીતિ જો ક્યાંય થતી હોય તો તે સાબરકાંઠાના ઈડરમાં. વનશ્રીના આચ્છાદનની જરા યે ઓથ લીધા વિના ગ્રેનાઈટ પથ્થરના ઊંચા અને ઊભા, ક્યાંક ક્યાંક વિજફોડથી વિદારિત, અત્યંત ઘાટીલા ખડકરાશિથી આકાર પામતા ઈડરના પહાડની સૌંદર્યશોભા તો પ્રગટે છે તેના એક એક શિલાખંડના વિશિષ્ટ અને વિવિધ ઘાટવિધાન તથા શગસમૂહથી. જાપાનના ચિત્રકારો અને ઉદ્યાનકલાધરો જે ખડકોની શોભાનો મહિમા ગાતાં થાકતા જ નથી અને તેના નિજસ્વી તથા નૈસર્ગિક સૌંદર્યને પ્રીછી પોતાની કલાકૃતિઓમાં સદા યે સ્થાન આપે છે તેનું મહત્ત્વ તો અહીં જ સમજાય છે. ખડકમાં યે અદ્ભુત લાવણ્ય વસી શકે છે તેની પ્રતીતિ અહીં સહેજે થઈ જાય છે.


પુરાણા યુગમાં પહેરાતા શંખવલય જેવા અર્ધ વ્યવસ્થિત આકારથી વળાંકો ખાતા આ પહાડના મુખદ્વાર પાસે અત્યારનું ઈડર લગભગ ત્રણસોએક વર્ષથી વસી રહ્યું છે. પ્રાચીન નગર–ઈલપદ્ર કે ઈલાદુર્ગ–તો થોડું અંદર, તળેટીની સમીપ હતું. હાલના ઈડર શહેરના રાજમાર્ગે પરથી જ ઉત્તર દિશાના આ પહાડની વક્રરેખાનું સમગ્ર દર્શન થઈ જાય છે; અને પહાડની ટોચના પૂર્વ-પશ્ચિમ સ્કંધ પર ઝઝૂમી રહેલાં, બે પુરાણાં ખંડિયેર સમાં ભાસતાં સ્મારકો દૂરથી પણ ધ્યાન ખેંચી રહે છે. પૂર્વ તરફ સ્થિર થએલા 'રૂઠી રાણીના મહેલ'નું દંતકથાના રંગ સિવાય વિશેષ મહત્ત્વ નથી. પણ પશ્ચિમ બાજુએ ધારની ઉપર પાંખ પસારી બેઠેલા ગરુડ જેવી ભગ્ન ઈમારતની કુતૂહલપ્રેરક વિશેષતાનો સ્પર્શ તો દૂર ઊભાંઊભાં યે અનુભવાય છે. એ જ છે રણમલ ચોકી!

ઈડરના આ ડુંગરનો ચડાવ સીધો છે, એકધારો છે, પણ બહુ આકરો નથી. આડાવલાના મુખ્ય ડુંગરની શાખા ગણાતા આ ડુંગરની ઊંચાઈ પણ બહુ નથી. ઉપર ચડી ગયા બાદ ટોચની ધાર ઊતરતાં માર્ગ બે બાજુ ફંટાય છે. એક જાય છે, બાજુમાં જ પટ પર રહેલાં જૈન મંદિરો તરફ અને બીજો લઇ જાય છે રણમલ ચોકી.

જૈન મંદિરોમાં એક તો હતું ગુર્જરેશ્વર કુમારપાળે બંધાવેલું યુગાદિદેવનું મંદિર. આ કુમારવિહારનાં પ્રાચીન અંગો તો, પંદરમા શતકના શ્રેષ્ઠી ગોવિંદ અને સત્તરમા શતકના શ્રેષ્ઠી ચંપકે કરાવેલા જીર્ણોદ્ધારો



નીચે: રણમલ ચોકી (ઈડરગિરિ): પૂર્વ તરફનું પાર્શ્વદર્શન



રણમલ ચોકીનો પૂર્વ દિશાનો અલંકારમંડિત ભદ્રગવાક્ષ

દરમ્યાન તેમજ આધુનિક મરામતો દરમિયાન નષ્ટ થઈ ચૂક્યાં છે. તેની બાજુમાં જ ઇ. સ. ૧૪૭૭માં અજિતનાથનું મંદિર બંધાયાના ઉલ્લેખો મળે છે. પણ તેના યે અવશેષો આજે જડતા નથી. હાલ તો કુમારવિહાર-ની સમીપમાં એક આધુનિક દિગંબર જૈન મંદિર દષ્ટિગોચર થાય છે.

રણમલ ચોકી તરફ વળતાં હવે શરૂ થતી કેડી અત્યંત અટપટી, ઊંચીનીચી થતી, શિલાઓના ઢગ વચ્ચેથી ચાલી જાય છે. આ શિલા-ઓની પાછળ પૃથ્વીના ભુસ્તરની બીજી અવસ્થાના, અબજો વર્ષ પુરાણા, ઉત્તુંગ અને તોતીંગ ખડકો હારબંધ ઊભા રહી ગયા છે. આ પાષણની રૂપસૃષ્ટિ વચ્ચે થઇને ચાલવાથી અનુભવાતો આહ્લાદ ન તો ગિરનાર કે શત્રુંજયમાં કે ન તો પાવાગઢ કે આબુમાં સાંપડે છે. ઈડરગિરિનું આ અત્યંત આગવું સૌંદર્ય છે.

કેડીને અંતે, ટોચને છેડે સ્થિર થએલી, નીચેથી જ આકર્ષણ જગા-વનારી રણમલ ચોકીનાં દર્શન થાય છે. તદ્દન ગડગડિયા નહિ પણ અણિયાળા અણઘડ પથ્થરોના ખડકલાથી રચી દીધેલા એક પહોળા પણ નીચા કિલ્લાની રાંગને છેડે, બુરજને સ્થાને, ઊંચે રણમલ ચોકીએ આસન માંડયું છે. આ કિલ્લો એ જ જો ઇતિહાસપ્રસિદ્ધ 'ઈડરિયો ગઢ' હોય તો એમાં કાંઈ ખાસ વિશેષતા નથી; પણ જો આ ટેકરીઓની કંકણાકાર હારને જ દુર્ગ રૂપ કલ્પવામાં આવી હોય તો તેની દુર્ગમતાનો કહેવતની સાથે મેળ બેસે ખરો.

રણમલ ચોકી એ કંઈ અવલોકનની કે રક્ષણની ચોકી નથી. નખ-શિખ અલંકારમય, ઘાટવિધાન અને રૂપકામથી મંડિત, વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર નિર્માણ થએલું એ છે એક સુંદર, ઉત્તરાભિમુખ દેવાલયનું ખંડિયેર! પ્રદક્ષિણામાર્ગ વાળા આ મંદિરના ભદ્રગવાક્ષો જાળીથી મઢેલા છે. મંદિરને શિખર નથી, અને મુખમંડપ પણ પ્રલંબ નથી; અંતરાલથી જરા જેટલો જ આગળ વધે છે, તેમજ પ્રવેશદ્વારે સંપૂર્ણ ખુલ્લો છે. તેમાં ઊભેલી સ્તંભની જોડીથી તો આ મંદિરનો મોરો પુરાણા ગ્રીસના

કોઈ મંદિરનું સ્મરણ કરાવી જાય છે. ગર્ભગૃહના દ્વારના ઉત્તરંગના લલાટબિંબ તરીકે પદ્માસનસ્થ જિનપ્રતિમા બિરાજી રહી છે.

ઈડરની પરંપરા કહે છે કે રાવ કલ્યાણમલે ઈ. સ. ૧૬૨૫ બાદ અહીં વિજયદેવસૂરિના ઉપદેશથી ભગવાન નેમિનાથનું મંદિર બંધાવ્યું. મંદિરની કલાશૈલીમાં સત્તરમાં સૈકાની લાક્ષણિકતાઓ તો છે જ, અને દુર્ગના બુરજ જેવા મહત્ત્વના સ્થાને તેનું નિર્માણ રાજમાન્યતા વિના તો ન જ બન્યું હોય એ જોતાં, પરંપરામાં કંઈ તથ્ય હશે જ.

પણ સૌથી મહત્ત્વની વાત તો છે આ મંદિરનું અભિનવ, નયનાભિરામ, સૌંદર્ય સત્તરમા સૈકામાં યે આવું કલાસર્જન થઈ શક્યું છે એ ઘટના આશ્ચર્યજનક તો છે જ. ખાસ કરીને સોલંકી યુગના સુવર્ણદિનો પછીથી ગુજરાતની સ્થાપત્યકલાનો સ્રોત અવનતિને પથે વળેલો એવી એક માન્યતા પ્રચારમા હોઈ આ વિશેષ આશ્ચર્ય ઉપજાવી રહે છે. હકીકતે દરેક યુગ, પછી ઉન્નતિનો હોય કે અવનતિનો, પણ પોતાનાં શ્રેષ્ઠ સર્જનો અવશ્ય આપી રહે છે. રચનાકૌશલ, પ્રમાણભારની સુંદરતા અને કંડારકામનું સુરેખ તથા ઊંડું આલેખન જોતાં આ મંદિર એ યુગના કોઈ કલાસ્વામીની બેનમૂન કૃતિ હોવાની પ્રતીતિ આપે છે.


મંદિરની જંઘા પરના દેવતાઓ ને અપ્સરાઓની મૂર્તિઓમાં તો ખાસ નાવીન્ય નથી. તેમની મુખાકૃતિઓ, છટાભંગ ને અલંકારો સત્તરમા શતકમાં જામનગરમાં બંધાએલા રણછોડજીના મંદિરની જંઘાની મૂર્તિઓ સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે. પણ વિશેષ અભ્યાસ તો માગી લે છે અહીંના ભદ્રના મત્તવારણ અને દ્વારશાખાની બેમૂલ કારીગરી.

અહીં ત્રણ વિવિધ તત્ત્વોનો આશ્ચર્યજનક પણ અત્યંત સંવાદી સમન્વય થયો છે. એક તો છે આ કલા પર ગુજરાતના મુસ્લિમ કાળ દરમિયાન પાંગરેલી વિશિષ્ટ પ્રકારની કંડારપ્રણાલિની અસર; બીજું, રાજસ્થાની સુશોભનોની બહુલતા; અને ત્રીજું દારૂશિલ્પ (કાષ્ઠકલા)-ની રીતનું અનુકરણ. આ ત્રણે વાત જરા વિગતવાર સમજી લેવાથી આ મંદિરની કલાપદ્ધતિનું ચિત્ર સ્પષ્ટ બની રહેશે.

સોલંકી યુગના અસ્ત પછીના ગુજરાતના સુલ્તાનોના શાસનકાળ



રણમલ ચોકીના શિલ્પકામમાં ત્રણ વિવિધ તત્ત્વોનો સંવાદી સમન્વય થયો છે: ૧) મુસ્લિમ કોતરણી શૈલીની અસર; ૨) રાજસ્થાની સુશોભનોની બહુલતા; ૩) દારૂશિલ્પ–એટલે કે લાકડાના કોતરકામનું અનુકરણ. હિંદુ કારીગરોની હથોટીએ જે મુસ્લિમ સ્વરૂપ ધારણ કર્યું તે અમદાવાદ, ચાંપાનેર ને ધોળકાની મસ્જિદોમાં જોવામાં આવે છે. રણમલ ચોકીની વેદિકા



પરના આસનપટ્ટ ઉપરની વલ્લીઓના કંડારકામની સફાઈ તથા ઝીણવટ મુસ્લિમ પ્રણાલિનો વારસો છે; (જુઓ આ પાનાની નીચે) જ્યારે કિન્નરોનાં પુચ્છમાંથી ઊગમ પામતી વલ્લીઓના વળાંકો ને મૂળ સ્વરૂપ રાજસ્થાની ઢંગનાં જણાય છે. લાકડાના કોતરકામ સાથે સામ્ય ધરાવતા જામનગરના મકાન તથા રણમલ ચોકીના કોતરકામની સરખામણી પાછળના પાને.



બે બાજુ: કિન્નરોનાં નાભિ અને પુચ્છમાંથી ઊગમ પામતી વલ્લીઓ; વચ્ચે: ચાંપાનેરની મસ્જિદની જાળીનું કોતરકામ



રણમલ ચોકીની વેદિકા ઉપરના આસનપટ્ટ પરની વલ્લીઓના આ કંડારકામની સફાઇ તથા ઝીણવટ પર મુસ્લિમ અસર છે.



રણમલ ચોકી (ઈડર)ની જંઘા પરની મૂર્તિઓ

દરમિયાન ગુજરાતની હિંદુ સ્થાપત્યશૈલીના બે ફાંટા પડી ગયા. એક તો મૂળ પદ્ધતિને બની શકે તેટલો વફાદાર રહી, ક્રમશઃ પરિવર્તન પામતો પણ ક્ષીણ થતો જતો ને હજુ યે બંધાતાં બ્રાહ્મણ તથા જૈન મંદિરો દ્વારા મળતા પોષણથી ટકી રહેતો ચાલ્યો; બીજો ફાંટો મસ્જિદોના નિર્માણ તરફ વળ્યો. ગુજરાતના મુસ્લિમ શાસકોએ પોતાના સ્થાપત્ય માટે મુસ્લિમ ખયાલાતના આયોજનને શણગારવા ગુજરાતની હિંદુ શૈલીનાં અંગો સ્વીકાર્યાં. પણ ધીરેધીરે તેમાં ચોક્કસ પ્રકારનું પરિવર્તન આવ્યું. કારીગરીની હથોટીએ મુસ્લિમ સ્વરૂપ ધારણ કર્યું. અમદાવાદ, ચાંપાનેર અને ધોળકાની મસ્જિદોમાં જોવામાં આવતા મિનારાઓના મંડોવરોના જાળીકામની, કોઇ નિઝામીના જરીભરત જેવી અટપટી પણ ચોટદાર ઝીણવટ એક અત્યંત નમણી પણ પ્રાણવાન શૈલીનો આવિષ્કાર બતાવી રહે છે સમકાલીન બ્રાહ્મણ કે જૈન મંદિરોમાં આ પ્રકારની કારીગરી જોવામાં નથી આવતી. અને જો શત્રુંજયના ચતુર્મુખ મંદિર જેવાં સ્થળોએ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે તો તે આ કલાના પ્રતિઘોષ રૂપે જ ભાસે છે.

રણમલ ચોકીની વેદિકા ઉપરના આસનપટ્ટ પરની વલ્લીઓના કંડારકામની સફાઈ અને ઝીણવટ, તથા ગર્ભગૃહના ગોખલાઓનાં સ્વરૂપાંકનો ને જાળીઓની રચનામાં મુસ્લિમ પ્રણાલિનો વારસો સ્પષ્ટ જ દેખાઈ આવે છે; તો બીજી બાજુ કિન્નરોનાં પુચ્છોમાંથી ઉગમ પામતી, વેદિકાની સ્તંભિકાઓની વચ્ચેવચ્ચેની ખાંચોમાં આવી રહેલી આ વલ્લીઓના વળાંકાઓ અને મૂળ સ્વરૂપો રાજસ્થાની ઢંગના જણાય છે.

ગુજરાતનાં મંદિરોમાં અગિયારમા શતક પછીથી વલ્લીઓ બલહીન, ઓછી સુરેખ, છીછરી અને એકવિધ થતી ચાલી; જ્યારે રાજસ્થાનમાં તો વેલોનાં સ્વરૂપો થોડાંથોડાં પરિવર્તન પામ્યા છતાં યે શુદ્ધ કલાતત્ત્વોને અને લાલિત્યમય સ્વસ્થ વળાંકાઓને વ્યક્ત કરી રહેલાં છેક પંદરમા સૈકા સુધીનાં કડીબદ્ધ દૃષ્ટાંતોમાં જોઈ શકાય છે. વરકાણાના બારમા શતકના મંદિરના ગવાક્ષોના પાર્શ્વફલકોમાં, કે ચિત્તોડના તેરમા શતકના સાતવીસી મંદિરમાં, યા પંદરમા શતકના આબુના ચતુર્મુખ મંદિર અને રાણકપુરના ધરણવિહારના સ્તંભોમાં વલ્લીઓનાં ગૂંચળાં ખાતાં વહેતાં સ્વરૂપો નજરે પડે છે. આનો વારસો રણમલ ચોકીને મળ્યો છે. મેવાડની સન્નિધિમાં આવેલા ઈડર પ્રદેશમાં એ દિશાએથી રાજકીય અને સાંસ્કૃતિક પ્રવાહો કેટલી યે વાર વહ્યા છે. રાજસ્થાની કલાના આ મંદિર પરના પ્રભાવનું સમાધાન આ રીતે મળી રહે છે.

ત્રીજું તત્ત્વ–કાષ્ઠકલાનો પ્રભાવ–તો દેખાય છે ગવાક્ષના કક્ષાસનમાં. તેમાં બતાવેલા તીર્થંકરોના કલ્યાણક પ્રસંગોનું રૂપકામ હૂબહૂ સમકાલીન દારૂશિલ્પમાં પ્રતિબિંબિત થાય છે. ઉપરની પટ્ટીમાં દેખાતી બીબાકામ જેવી સુંદર, ઝીણી વેલ પણ કાષ્ઠ કોતરકામમાં જ જોવામાં



ઈ. ૧૭૧૭માં જામનગરમાં બંધાએલા
મકાનમાંની ઝીણી બીબા જેવી વેલ

આવે છે. પથ્થરમાં ખૂબ ઝીણવટભર્યું કામ કરવાની પ્રથા તો ઘણા સમયથી ગુજરાતમાં લુપ્ત થએલી, પણ કાષ્ઠકલામાં છેક અઢારમા શતક સુધી ચાલુ રહેલી. એટલે આ કામ વેલસ્વરૂપ તેમજ કંડારક્રિયા એ બન્નેની દૃષ્ટિએ–સ્પષ્ટ રીતે જ તત્કાલીન કાષ્ઠકલાને અનુસરે છે.

આમ તો પાષાણશિલ્પની કલા દારૂશિલ્પની સાથેસાથે સમાન્તર ચાલી આવી છે; છતાં બન્ને વચ્ચે માધ્યમનો ફર્ક હોવાને કારણે અમુક ક્રિયાત્મક ભેદ રહે છે જ. પણ કેટલાંક એવાં દૃષ્ટાંતો પણ છે કે જેમાં દારૂશિલ્પની લાક્ષણિકતાઓની બલવત્ત અસર પથ્થરની કોતરણી પર પડી હોય. અવંતીનાથ ભોજદેવે વસાવેલા ભોજપુરના મહાન શિવાલયના ગવાક્ષોમાં લાકડકામનું સીધું અનુકરણ જોવા મળે છે. ગુજરાતમાં ઝીંઝુવાડાના પુરદ્વારોના ગવાક્ષોનાં કક્ષાસનો, મંદિરોના મંડપોમાં જોવામાં આવતાં કક્ષાસનો સાથે સામ્ય ધરાવતાં નથી જ. તેમાં કાષ્ઠની ક્રિયાની ખૂબ ઘેરી છાયા જોવા મળે છે.

રણમલ ચોકીનું આ મંદિર ઉપર્યુક્ત ત્રણ સુંદર પ્રથાઓના સંમિશ્રણથી સર્જાએલું છે. પોતાના યુગની એક અભિજાત, ને ગુજરાતમાં વિરલ કહી શકાય તેવી તેજસ્વી ને સુડોળ એ સ્થાપત્યરચના છે. ઈડરના ડુંગરને ગોખેથી આ ઉદાત્ત દેવાલય જાણેકે સારા યે પહાડની ચોકી કરતું, વાયરાઓના વીંઝણા ખાતું, અડૂલું પણ અણનમ હજી



રણમલ ચોકી (ઈડર)ના ભદ્રગવાક્ષનું કક્ષાસન, જેની ઉપરના ભાગમાં લાકડાના બીબાકામ જેવી વેલ દેખાય છે.



આત્મકથાનક-૧૧ જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ

૩૮ બોલતું-ગાતું વાજું

એક વાર રાત્રે પોસ્ટમાસ્તરે કહેવડાવ્યું કે છોકરાંઓને મોકલો; પોસ્ટ ઑફિસની બાજુની મેડી પર બોલતું ગાતું વાજું આવ્યું છે. અમને પટાવાળો ત્યાં લઇ ગયો ત્યારે નીચે લોકોની ઠઠ જામેલી. મેડા પર પણ માણસો ખીચોખીચ હતાં. એક ખૂણામાં ટેબલ ઉપર દરજીના હાથ સંચા જેવું મશીન હતું. એક માણસ હાથચાવીથી તેની કમાન ચઢાવતો. ટેબલની બાજુમાં ટોપીના ડાબલા જેવા પૂંઠાના લાંબા ડબ્બા હતા. તે પૈકી એકનું ઢાંકણું ખોલી, તેણે એક નળાકાર કાળો ચૂડલો કાઢયો અને પેલા મશીનના રોલ ઉપર બેસાડયો. મશીન ઉપર એક લાંબુ મોટું તનૂડું હતું અને તેના નાના છેડા પર એક નાની ડાબલી હતી, તેમાં ટૂંકી ખીલી જેવી 'પિન' ચડાવી, ચૂડીને જરા ફરવા દઇને ઉપર મૂકી એટલે તેમાંથી અવાજ નીકળવા માંડયો.

કરરરરર કરતા અવાજથી શરૂ થઇને એકદમ જીવતા માણસની જેમ તેમાંથી 'ધૂંવેકી ગાડી ઉડાય લિયે જાય' શબ્દોવાળું ગીત શરૂ થયું. માણસની જીભથી બોલાય તેવા શબ્દો, ગીત અને અવાજ શી રીતે નીકળ્યાં તેનું સૌને આશ્ચર્ય થયું! ગીતની મતલબ કે લાયકાતનો સવાલ જ નહોતો. આવી અજબ શોધ જ જમાનાનું એક મહાન આશ્ચર્ય હતું. પછી તો આઠ-દસ 'ચૂડીઓ' વારાફરતી ચડાવી તેમાં લોકોને મોંએ ચડી ગએલાં ઘણાં ગીત સાંભળ્યાં. અમે તો છક્ક થઈ ગયા.

'ડરમાં તું દિલ સાથે છોકરા', 'મારા તનમાં મનમાં ભર્યો છે, ઠર્યો છે' એ બધાં મુંબાઇનાં નાટકોનાં જાણીતાં ગીતો મશીનના ઘરેરા અવાજો વચ્ચે થાય તે પણ સાંભળ્યાં. ક્યાં આજની ટેઈપ કરેલા ઉસ્તાદી તેમજ રંગીલી ગીત-વાનીઓ, વ્યાખ્યાનો, તંતુસંગીત, ભજનો અને ક્યાં તેના પૂર્વજની આ છબી! એ વખતે લોકોમાં આ 'ફોનોગ્રાફ'ની નકલ બતાવવા કેટલાક રમૂજ કરનારા સભા વચ્ચે નાક પકડીને એવું જ ગાતા પણ હતા. કોઈ શેઠિયા કે રાજાને ત્યાં જ એ જોવા મળતું. એના યંત્ર કરતાં યે ચૂડીઓનો રસાલો બહુ નાજુક અને મોટું બારદાન બની જતો. એક મજૂરને માથે ત્રીસ પાંત્રીસ ચૂડીના ડાબલા હોય ત્યારે સ્ટેશનનો પોર્ટર જેવો દેખાય! આ શોધના અનુસંધાનમાં ભવિષ્યમાં કોઈ સાર્વભૌમ જરૂરિયાત બની જશે, સંસ્કાર માહિતી અને રાજકારણી પ્રચારનું કોઈ અજબ અનિવાર્ય સાધન નીપજી આવશે એવું ત્યારે કોઇને સ્વપ્નું પણ નહોતું.

નિશાળે જવાને સ્ટેશનથી ગામ સોંસરો રસ્તો પસાર કરવો પડતો હતો. તેમાં વચ્ચે એક ઓટલા પર દુકાન જેવા ઘરમાં 'લાયબ્રેરી' આવતી હતી. રોજ સવાર-સાંજ હું ઘણા માણસોને ત્યાં જતા અને નીકળતા જોતો. એક વાર કોઇની જોડે હું ત્યાં પેઠો ત્યારે 'ગુજરાતી', 'સયાજીવિજય', 'મહાકાળ' અને મુંબાઈનું એક રમૂજી ચિત્રોવાળું 'પંચદંડ' નામનું ચોપાનિયું ત્યાં જોયાં. એ 'પંચદંડ'ના હાસ્યમય સંવાદો અને ચિત્રોમાં મને ખૂબ મજા પડી. તેમાં મોટે ભાગે પારસી સંસારી મજાકો, 'અલો-અલી' નામથી મુંબાઈના શેઠશેઠાણીની કરેલી રમૂજો અને રાજદ્વારી પુરુષોને ટકોરતાં ચિત્રો શિલાછાપથી છાપેલાં હતાં. પછી તો ખાસ એ ચોપાનિયું જોવાને જ હું દર અઠવાડિયે ત્યાં જતો-આવતો થયો. અને નિશાળ ઉપરાંત જ્ઞાનપ્રકાશ મેળવવાની કોઈ જગ્યા હોય છે એવી મને સમજ પડી.

૩૯ અંબાજીના સેવકો

એ જમાનામાં રજાને દિવસે કોઈ કોઈ મહોલ્લામાં કે પોળોમાં બ્રાહ્મણ ભિક્ષુકો 'અંબાજીના સેવકો' બનીને આવતા. તેઓ બબ્બેની જોડીમાં ફરતા, એક જરા દેખાવવાળો, કપાળમાં કંકુની પિયળ કાઢી, ગળામાં લાલ સૂતરની ફાળકી નાખીને હાથમાં નાનું ત્રિશૂળ પકડી આગળ ચાલે અને તેનો સાથી કેટલાંક પોટકાં ખભે રાખી પાછળ ચાલતો હોય. કોઇ પોળ કે ફળિયામાં આવે એટલે ત્રિશૂળ જમીનમાં ખોસી બાજુમાં પોતાના ખડિયા-થેલા મૂકી તાળી વગાડે. પછી મોટો બોલે: 'અલ્યા સેવક, આ મહોલ્લામાં માતાજી આવ્યાં છે.' સેવક કહે: 'હા...મા.' 'તો હવે સૌને કહી દે કે માતાજીનું પૂજન કરીને વધાવે.' સેવક બોલે: 'હા...મા.' 'જેનું સીધું પહેલું આવશે તેને માતાજીના આશીર્વાદ મળશે.' સેવક ઉત્તર આપે: 'હાં...મા ખરું છે; પણ આ સૌ છોકરાં કહે છે કે માતાજી પરચો આપે તો સીધાં લાવીએ.'

પેલો કહે, 'અલ્યા સેવક આ કળિયુગ આવ્યો છે, પણ માતાજીનું સત પ્રકટશે.' એમ કહેતાંમાં તો થાળી વાગે ને ફાળિયું ઓઢેલો બ્રાહ્મણ હૂ હૂ હૂ કરતો મોં ખુલ્લું કરે ત્યાં તો તેના મોંમાંથી નાની ચૂંદડી લટકતી દેખાય! તે લઈને બીજો બ્રાહ્મણ ત્રિશૂળ ઉપર મૂકે અને વધુ પરચો બતાવવા કહે. એટલે ફરી ઓઢીને મોં પરથી કપડું ખસેડે ત્યારે મોંમાં બે નાળિયેર હોય! આમ દરેક પરચે ઠીકઠીક સીધાં ભેગાં થાય ત્યારે માતાજી વિદાય લે અને એ બ્રાહ્મણો ખડિયા-પોટકાં ઉપાડી ત્રિશૂળ હાથમાં લઈ બીજા મહોલ્લામાં જાય. કોઈ છોકરાં કંઇક કુતૂહલથી તેમનાં કપડાં ઊંચાં કરે તો લાકડીથી હાંકી કાઢે! અંબાજીના આવા સેવકો હવે દેખાતા નથી.

૪૦ અમદાવાદનું પ્રદર્શન

એ વખતે ઈ. ૧૯૦૨ની 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ' અમદાવાદમાં થઈ જેના પ્રમુખ પ્રખ્યાત વક્તા સુરેન્દ્રનાથ બૅનરજી હતા. કૉંગ્રેસની સાથે મોટું ઔદ્યોગિક પ્રદર્શન પણ ભરાએલું તે જોવાને બાપુજી મને અમદાવાદ લઈ ગયા. અમદાવાદનો વિસ્તાર જોઇને હું તો મુંઝાઇ જ ગયો. બાપુની આંગળી પકડીપકડીને ખેંચાતો ચાલ્યો. તેમણે મને જ પ્રદર્શન બતાવવાની મનમાં ખાસ ઇચ્છા રાખી હતી. લાલ દરવાજા પર કૉંગ્રેસ અને પ્રદર્શનના મંડપો હતા. મોટા દરવાજામાંથી અમે પેઠા અને માંડવા નીચે ચોમેર હાટડીઓ હતી તેમાં જોતા ચાલ્યા. પણ ગરમીથી મારું માથું તપી ગયું અને ઊલટી જેવું થઇ ગયું. પરાણે

અરધુંપરધું ભાન રાખી હું ઘસડાતો ફર્યો પણ કશી પ્રેરણાદાયક છાપ લઇ શક્યો નહિ. વડોદરાના નરેશે આ પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું. સર ફિરોઝશાહ મહેતાએ જાહેરમાં કહ્યું હતું કે આવું માન તેમને રાજા તરીકે નહિ પણ એક પ્રગતિમાન વિચારોવાળા ભારતીય તરીકે કૉંગ્રેસ આપે છે. વડોદરાથી રાજા રવિવર્માનાં ચિત્રો પણ ત્યાં મૂક્યાં હતાં, પણ હું મારી બેચેનીના કારણે કશા પર આંખ ઠેરવી શક્યો નહિ. માંડવામાંથી બહાર નીકળ્યા પછી એક ઠેકાણે કોઈ કારીગર કાચના તાવડામાં સૂર્યકિરણો કેન્દ્રિત કરી તેની ગરમીથી તેલ ગરમ કરી ભજિયાં બનાવતો હતો તે કુતૂહલથી જરા જોઇ લીધું; બાકી એ ફેરો ફોગટ થયો. પિતાશ્રીને પણ મેં અકળામણ કરાવી હશે એમ તેમના મારા પરના ગુસ્સાથી હું સમજ્યો હતો.

૪૧ ઉત્તરાયણ

મહેસાણામાં મેં પહેલી જ વાર ઉત્તરાયણના પતંગોની ધમાલ જોઇ. સૌરાષ્ટ્રમાં ઉત્તરાયણમાં બ્રાહ્મણો માટેના તલના ને દાળિયાના લાડુ સાથે ઘરનાં છોકરાંને પણ બેચાર દિવસ ચાલે એટલા લાડુ થતા તેનું જ માહાત્મ્ય હતું. કોઇકોઇ છોકરાં પતંગો ચગાવતા ખરા, પણ વીરમગામ વટાવતાં ગુજરાતમાં નાનાંમોટાં સૌમાં પતંગનો જે ઉત્સાહ જોયો તેનું દર્શન સૌરાષ્ટ્રમાં ન હતું. ઉત્તરાયણ પહેલાંના દિવસોમાં કેટલાંક છોકરાંઓ સાથે હું નાની પતંગો 'ટિકિટના દોરા'થી ચગાવતાં શીખ્યો હતો. (સીવવાના દોરા એ વખતે ગોળ ખૂણિયા કાપેલા પૂઠાના જે ટુકડા પર વીંટેલા વેચાતા તેને 'ટિકિટો' કહેતા.) પણ ઉત્તરાયણની સવારે તો, રોજ ગંભીર ને પ્રૌઢ લાગતા પડોશી મુરબ્બીઓને પણ પતંગો સાથે મેદાને પડેલા જોઈ મને ખૂબ નવાઇ લાગી! ભગવતી માસ્તર રોજ સવારે પૂજાપાઠ કરે, ધ્યાન કરી વૈષ્ણવી તિલક ખેંચે અને એકાદ હવેલી પર જઈ દર્શન કરી આવે; પણ ઉત્તરાયણને દહાડે પોતાના સુપુત્ર નટવરના હાથમાં દોરાનું મોટું ફીંડલું પકડાવી પોતે જુદાંજુદાં ગાયનોની કડીઓ લલકારતાં ને બીજાઓને પડકારતા છાપરે ચડી ગયા હતા! પતંગ કપાય તે પકડનારી ટોળી પણ કીકિયારી-



ઓ કરતી હતી. મોટાઓના એ રમખાણ વચ્ચેથી નાનાં છોકરાં કપાતા દોર પકડવા માટે નાના વાંસડા પર ઝરડિયાં બાંધી ફરતાં અને ભૂલમાં કોઈ ચગેલા પતંગની ઢીલી દોરી પર ઝંડીનું હાવલું નાખતા તે વખતે પતંગવાળા આદમીનો મિજાજ અને મોં જોવા જેવાં થતાં. ઝંડીવાળો છોકરો નાસે નહિ તો એક સારી થપ્પડનો પ્રસાદ જરૂર પામતો. મેં પણ એવી એકાદ થપ્પડ ખાધેલી!

મારું માનવું છે કે ગુજરાતમાં પતંગનો આવો ઊછળતો તહેવાર ત્યાંના મુસ્લિમ સુલતાનોના યુગને આભારી છે; અને તેનો વધુ પ્રભાવ તથા દિલ્લગી ઉત્તર ભારતમાં વધારે છે તેનું કારણ પણ એશિયાઇ તુર્કસ્તાનમાં વસતી મૅંગોલિયન જાતિઓ ચીનમાંથી તેને સાથે લાવી હોવાનું હશે. આજે પણ આપણે ત્યાં મોસમમાં સારા પતંગો બનાવનારા આગ્રા કે દિલ્હીથી આવીને જ અમદાવાદમાં હાટ ખોલે છે.

૪૨ ભાવનગરમાં પ્લેગ

વૅકેશન પડતાં જ મને જનોઈ આપી દેવાનું ઠર્યું હતું. એ વખતે દરેક કુટુંબના આવા વ્યવહારો વતનમાં જઇને જ કરાતા. ભાવનગરથી કાકાનો કાગળ આવ્યો હતો કે ત્યાં પ્લેગ ચાલતો હતો આથી બધા પરિવારજનો અને થોડા પડોશીઓએ ગામ બહાર રૂવાપરીને રસ્તે બાપુ મહેતાની વાડીમાં જગ્યા લઇ રહેવા માંડ્યુ હતું ને જનોઈનો માંડવો પણ ત્યાં જ નાખી નાતવહેવાર કરવાનો હતો. શાળામાં રજાઓ પડતાંની સાથે જ અમને છોકરાંઓને અને બાને ભાવનગર મોકલી આપ્યાં ને દવેજી તથા ફઇબાએ ઘર સંભાળી લેવાનું માથે લીધું.

ભાવનગરના સ્ટેશને અમને લેવાને કાકા તથા મોટાભાઈ સામા આવ્યા હતા. ભાડૂતી ઘોડાગાડીમાં બેસાડી ચક્કર લઈ ગામ બહારના રસ્તે વાડીના રહેઠાણ પર લઇ ગયા. અસલ ઘર જોવાનું આ વખતે અશક્ય બન્યું હતું. વાડીએ પહોંચતાં એક મોટા ચૉગાનમાં વચ્ચોવચ્ચ શિવાલય જોયું. તેની ચારે પાસ સંખ્યાબંધ ઓરડીઓ હતી. એક ખૂણે મોટા ખંડનું મજલાવાળું ઘર હતું તે અમારા માટે હતું. બીજા મિત્રો તથા પડોશીઓએ વિદ્યાર્થીઓ માટેની પેલી બબ્બે ઓરડીઓમાં વાસ કર્યો હતો. સ્ત્રીવર્ગ તેમાં રસોઇ કરતો અને રહેતો તથા આગળ લાંબી પડાળી હતી તેમાં ખાટલા કે પાથરણાં નાખી પુરુષો દિવસરાત ત્યાં વીતાવતા.

ત્યાં વસતા વિદ્યાર્થીઓને આ નાગરિક સમાજની હાજરી ગમી નહોતી, કારણકે તેમનાં તોફાનો અને મારફાડ જાહેર થઇ જાય તો તેમને દાન-સીધાં મળવાની મુશ્કેલી પડે. એ કાળે સંસ્કૃત પાઠશાળામાં કે વેદશાળામાં ભણવા આવતા વિદ્યાર્થીઓને રાજ્ય કે કોઇ સંસ્થાઓ તરફથી મકાન, વસ્ત્રો, સીધાં કે છાત્રવૃત્તિની સગવડ મળી રહેતી, એટલે હાઇસ્કૂલમાં કે બીજા ભણતરમા બ્રાહ્મણના જે છોકરા ફાવે નહિ તેવા સૌ અહીં ગોઠવાઇ પેટિયું કાઢતા. કથા, કાવ્ય, સાહિત્ય અને વૈદક માટે સંસ્કૃત શીખવા આવનારા પણ તેમાં હતા. પણ મંદ બુદ્ધિના ગરીબ બ્રાહ્મણો માટે મોટે ભાગે કર્મકાંડ કે ગોરપદું નિર્વાહનો જીવતો ધંધો હતો. લોકોને પૂજા, લગ્ન, મુહૂર્ત, શ્રાદ્ધ, સ્થાપના, યજ્ઞ વગેરે માટે બ્રાહ્મણોની પૂરી ગરજ રહેતી. આ નિમિત્તે ઘણા બ્રાહ્મણો સમાજ પર શિરજોરી પણ કરતા; જ્યારે બીજા કેટલાક વિદ્યાસંપન્ન, અગ્નિહોત્રીઓ, પુરાણીઓ અને સાહિત્યપ્રવીણો પણ હતા. પરંતુ તે બધાનું જીવનદૃષ્ટિબિંદુ તો શાસ્ત્રે બતાવેલા જૂના વર્ણાશ્રમ પ્રમાણે જ ઘડાયું હતું. નવા યુગના વિચારો, સાહિત્ય, વૈજ્ઞાનિક પ્રગતિ કે નવી ભાવનાઓનો વિવેકપૂર્ણ આદર કરવાની વૃત્તિ એમનામાં જરા પણ જણાતી નહોતી.

૪૩ એક ભૂતપ્રકાર

બાપુ મહેતાની વાડીના કેટલાક ખલ વિદ્યાર્થીઓએ છોકરાંઓ મારફત ધીમેધીમે વાત ચલાવી કે ચોગાનમાં ઘેઘૂર લીમડો છે તેમાં કોઇ કોઇ વાર રાત્રે 'ચરિતર' (ભૂત) થાય છે. અમે ગયા તે જ અરસામાં અંધારી રાત્રે દસેક વાગ્યે કોઇએ લીમડા પરથી ખરેખર અંગારા ખરતા જોયા! સવારમાં તો વાત ફેલાઇ ગઈ. વાણિયા પડોશી-

ઓમાં ભયનો સંચાર દેખાયો. આ વાત કાકાએ જાણી ત્યારે કહ્યું કે હવે કંઈ દેખાય ત્યારે મને બોલાવજો. બે દિવસ ગયા ને ફરી રાત્રે અંગારા ખરતા દેખાયા, એટલે બે પડોશીઓએ કાકાને બહાર બોલાવી એ બતાવ્યું. કાકાએ તો તુરત એક હાથમાં ફાનસ અને એક હાથમાં મજબૂત લાકડી લઇ લીમડા તરફ કદમ ઉપાડયાં. ઘરનાં રોકવા લાગ્યાં; પાડોશીઓ આઘા ઊભા રહ્યા.

કાકા તો પહોચ્યા લીમડા નીચે અને જોયું તો ઉપર કોઈ ધાબળો ઓઢી બેઠું હતું તે જ અંગારા નીચે નાખતું હતું! 'અલ્યા, કોણ છે ત્યાં?' કરી કાકાએ પડકાર દીધો એટલે સામે પેલાએ હૂ...હૂ...હૂ... કર્યું. અવાજ પરથી જાણી લીધું કે અવાજ જીવતા માણસનો જ છે. એટલે ફરીવાર હાકલ કરી કે 'કોણ છે બેટમજી! નીચે ઊતર, નહિ તો પથરો મારું છું!' એટલામાં તો બીજા એક બે હિંમતવાળા જુવાન પણ ત્યાં જઇ પહોચ્યા. ઉપરવાળો ગભરાઇને બોલી, 'ઊઠયો ભ.ઈશાબ, કંઇ કરશો નહિ. નીચે આવું છું.' એમ કહી ધાબળો ને સગડી લઇ એ



નીચે ઊતર્યો ત્યારે મેં જોઈ વિદ્યાર્થીને બધાએ ઓળખી કાઢયો. 'બદમાશ! સા...બૈરાંછોકરાંને બીવડાવી અમને ડરાવી તારે ભગાડવા હતા, કેમ?' એમ કહેતાં બેપાંચ ધોલધપાટના તેના પર ફટકા પડયા કે નીચો પડી હાથ જોડી કરગરી ઉઠયો, 'એ કાકા, તમારી ગાય છું; બ્રાહ્મણનો દીકરો છું; માફ કરો.' કાકાએ કહ્યું, 'જા આજ તો જવા દઈએ છીએ. પણ હવે કોઈ એ કંઈ કર્યું છે તો તમારે જ અંહીંથી ટળવું પડશે.'

મને આ બનાવમાં બહુ જ રસ પડયો; કારણકે મને ઘરમાં નિશાળમાં અને સમાજમાં ભૂત, ડાકણ ને ચૂડેલની વાતો બહુ સાંભળવા મળતી અને તેના અસ્તિત્વ વિષે ખાત્રી કરવા તકો શોધતો. ડરપોક બની ગએલા સમાજમાં સંશોધન, હિંમત, સાહસ કે વિરોધ આવશ્યક સદ્‌ગુણ છે એમ એ કાળે કોઈ માનતું જ નહોતું.

૪૪ જનોઇની તૈયારીઓ

જનોઇનો દિવસ નજીક આવવા માંડયો તેમ ઘરમાં નાતવરા માટે અનાજ તૈયાર થતું રહ્યું. મોતીલાડુ, જલેબી અને ગાંઠિયા કરવાનું ઠર્યું. એ કાળે બ્રાહ્મણો કંદોઈની દુકાનના લાડુ, જલેબી વગેરે ખાઈ શકતા નહિ, કારણ કે તે પાણીની ચાસણીમાં તૈયાર થતાં. કાકાએ વળી થોડા ગાંઠિયા પણ કેળના પાણીમાં કરાવવાનું નક્કી કર્યું હતું, જેથી બહારગામ પણ લઈ જઈ શકાય. આમ બ્રાહ્મણ જ્ઞાતિમાં લાડુ જલેબી, ગાંઠિયા સારું જમણ ઠર્યું હતું. તે વખતે ઘી તો ચોખ્ખું જ મળતું, પણ ચુરમાના ભોજનમાં ઘી વાપરી શકાય તેટલું મીઠાઇમાં ન જોઇએ, અને મોતીચુરમાના લાડુમાં તો ગમેતેટલું ઓછું-વધુ પ્રમાણ ચાલી શકતું. આખી બુંદીના લાડુ કરતા બુંદી ભાંગી નાખીને લાડુ થાય ત્યારે ઘીનો દોરો પણ ચાલી જાય. ખાંડ ઘણી સસ્તી હતી એટલે ખાંડનું પ્રમાણ પણ સારો ટેકો આપે.

નજીકનાં સગાં વહેલાં આવી ગયાં. ફઈબા તો નહોતાં પણ સાણંદથી મારા પિતાશ્રીનાં ફોઈના છોકરા જગન્નાથ જાનીએ તેમનાં બીજી વારનાં પત્નીને મોકલી આપ્યાં, અને શિયાણીવાળા દાદા કાનજીભાઈ આચાર્યનાં ચોથી વારનાં પત્ની પુરાણા ઘર-સચિવ મહાદેવકાકાને સાથે લઈને આવી ગયાં. એ સાણંદવાળાં ભાભુ અને શિયાણીવાળાં ભાભુ વયમાં તો મારાં ભાભી કરતાં થોડાંક જ મોટાં હશે, પણ તેમના પતિ મોટેરા એટલે બા-બાપુ અને કાકા-કાકી માટે તે સૌનાં વડીલ ઠર્યાં. તેમને તો, આથી, કાંઈ કામ સોંપાય નહિ, અને તેમને કોઇની લાજ ખેંચવાની નહિ. મહાદેવકાકા સ્વભાવે ઘરકામઢા. તેતેમણે મારાં બાને કહી દીધું: 'ભાભી, તમે કશી ચિંતા રાખશો નહિ. ગમે તે કામ મને સોંપજો.' બંને ભાભુઓ એ જમાનાની તેજસ્વી સન્નારીઓ હતી. ઘરના મોભા, કુટુંબના વહીવટ અને બાળકોના ઉછેરમાં ઘણી ઝીણવટ તથા કાબેલિયત જાળવી તેજસ્વી પરિવારમાં પ્રભાવી પુત્ર-પુત્રીઓથી તેમણે સંસાર સાર્થ કર્યો છે.

બધાએ મને લાડ કરવામાં ખૂબ જ ઉમંગ અને વહાલ બતાવ્યાં. કાકાએ સૂરતની દુકાનેથી મારા માટે એક શેર બરફી લાવી ઘરમાં મૂકી દીધી. તેમાંથી ભાભી મને રોજ સવારે એક ચોસલું આપતાં. એવી સ્વાદિષ્ટ બરફી આજે ચાખવા યે મળતી નથી. હું લહેરકડો બની ભાભુઓ પાસે વાતોમાં ભળું અથવા ઘર પાછળ એક વંડા જેવું હતું ત્યાં વણકરો ગામઠી કાપડ હાથશાળ પર વણતા ત્યાં જઈ કલાકો સુધી તાણાવાણાના બંધ બેસતા જોઈ રહું. મને ઘરમાંથી ચેતવણી મળી હતી કે એ લોકોને અડવું નહિ; દૂરથી વાતો કરવી.

૪૫ ઢેડ ગુરુના ચમપટ

વણકરો ઘરને આંગણે જ કામ કરતા એટલે તેમનાં બૈરાં અને પડોશીઓ ચોગાનમાં બેસી સૂતરના તાણા બાંધતાં તે, તેમજ નવું વાણ કેમ ગોઠવાય છે તે પણ જોતો. એક એક દોરો ચડતાં ધીમે ધીમે મોટું થાન બનતું જોઈ આખો દિવસ આ એકધારી ક્રિયાથી તેમના મનને કંટાળો નહિ આવતો હોય, એવા વિચાર હું કરતો. પેલા વણકરો વણતાંવણતાં સામસામા ગપાટા મારતા, કિસ્સા કહેતા અને કોઈ વાર અશ્લિલ લાગે એવી વાતો યે કરતા. તેઓ મારી રમૂજ કરતા કે આ મા'રાજ કંઈ સમજ્યા લાગતા નથી. આજે મને વિચાર આવે છે કે એકલી હાથપગની ક્રિયા કરનારનું મન અવિકસિત અથવા અઘટિત કલ્પનાઓમાં ખદબદતું રહે એ જરા યે ઈષ્ટ નથી. એમની ભીંતો પર ચિત્રો ન મળે; સુંદર ગીત કે ગાયન તેમને આવડે નહિ; ઘરમાંથી કોઈ કથાવાર્તા વાંચી સંભળાવે નહિ. કથાવાર્તા ને આખ્યાનો તો એમનાથી કયાં યે છેટે પડેલાં. કોઈવાર ઢેડ ગુરુઓ આવતા તે ચમપટનાં ચિત્રો તેમને બતાવતા. તેમાં જીવનની કોઇ શ્રેષ્ઠ ભાવનાઓનું પ્રતિબિંબ નહોતું. રામાયણ-મહાભારતનાં છૂટક દશ્યો અને સ્વર્ગની લાલચો કે નર્કની ભયાનક સજાઓ ચીતરેલી હોય. આવા

યમપટો શેરીમાં આવતા ટેડ ગુરુઓ પાસે મેં પણ જોયા હતા. મને તો તેમાં મજાનો ચિત્રો જોવાનો શોખ જીવતો રહેતો લાગ્યો હતો. ટેડગુરુ યમપટ લઈ ચોક વચ્ચે બેસે. લાકડીથી છોકરાઓને દૂર રાખી યમપટ ખોલે. તેમાં ગણપતિ, હનુમાન, રામ-રાવણનું યુદ્ધ, ભીમસેનની



પ્રચંડ કાયા અને નારકી યાતનાઓનાં ચિત્રો બતાવતાં બતાવતાં રાગડા કાઢી તેનું વર્ણન કરે: 'આ...જુઓ ભીમસેન! અરધી કાયા તાંબાની, અડધી કાયા લોઢાની. સવામણનો ખીચડો ખાય...આ દસ માથાંવાળો રાવણ! રામ-લક્ષ્મણની સાથે યુદ્ધ ખેલે છે...છેવટે લંકા બળી ગઈ, સીતામા રામને મળ્યાં વગેરે.' આ પટ જોઈ મેં પણ ઘરમાં કાગળો ચોડી એવો પટ કરવા પાછળથી પ્રયત્ન કરેલો.

૪૬ જનોઈ

જનોઈનો માંડવો નંખાઈ ગયો. તે જ દિવસે પિતાશ્રી થોડી રજા લઈ મહેસાણાથી આવી ગયા. તેમની ધર્મશ્રદ્ધા જાણીને શુક્લજીએ કોઈ બીજાને ઘેર એ ચીવટ નહિ રાખેલી એટલી અમારે ઘેર બતાવી. એમની વિગતોમાં ત્રાંબાનાણું કે રૂપાનાણું પણ ગણાવતા ત્યારે તેમની નાણું પડાવવાની રીતભાત જાણનારા કાકા ચીડાતા. પણ બાપુ કહેતા કે શુક્લ બ્રાહ્મણ બીજે ક્યાંથી પામશે? શુક્લ ઠરેલા બ્રાહ્મણો બ્રાહ્મણ સિવાય કોઈને ઘેર કર્મકાંડો કે યજ્ઞકાર્ય માટે અથવા પત્રગી માગવા જતા નથી. અમારા મૂળજી શુક્લ ભાવનગરના સર્વ બ્રાહ્મણોમાં શુક્લનો શ્રેષ્ઠ અધિકાર ધરાવતા. કારણ કે અસલમાં રામજીથી આવ્યા ત્યારે અમારા મૂળજી શુક્લના વડવાઓને લાવી વસાવ્યા હતા. તેમના કુટુંબીઓની એક શેરી હતી તે શુક્લોની શેરી કહેવાતી. ભાવનગરમાં શુક્લકર્મ માટે યોગ્ય બ્રાહ્મણોની તાણ રહેતી, તેથી અન્ય જ્ઞાતિના ઘણા યુવાનો મૂળજી શુક્લના શાગિર્દ બન્યા હતા. આ પૈકીના કેટલાક પાછળથી ભાવનગરના શ્રેષ્ઠ શુક્લો તરીકે પંકાયા હતા.

આમ બધી તૈયારી ચાલતી હતી તેમાં હું મારાં બાને જ ઉદાસી જોતો, તેનું કારણ હું સમજ્યો. મોબડકામાં મારા એક મામા પ્રભાશંકર બીમાર હતા અને મારી જનોઈ વખતે બડવાને ખભે બેસાડવાને તે આવી શકે તેમ નહોતા. પણ બીજા નજીકના તેમના સંબંધી ભાઈ મયાશંકર ત્રવાડીએ તેમને આશ્વાસન આપ્યું કે 'બેન, તારો દીકરો ખભે ચડ્યા વિના નહિ રહે; હું બેઠો છું ને, તારો ભાઈ?'

ગ્રહશાંતિને દિવસે મોટાભાઈ અને ભાભી પાટલે બેઠાં. તેમણે આખો દિવસ સજોડે બેસી હોમહવન કર્યાં એ બધો વખત છેડાછેડી બાંધેલી રાખી હતી, અને બૈરાંઓએ બધાં કુટુંબીજનોને સંભારી સંભારીને બધો વખત ગીતો ગાયા કર્યાં હતાં,—જાણે આજે એ બંને ફરી લગ્નની પાટે બેઠાં હોય!

બીજે દિવસે બટુકની ક્રિયાઓ થઈ. વશા હજામના પુત્ર મૂળજી હજામે મને મુંડન કર્યું. કાકીઓ, ફઈઓ, ભાભુઓ તથા ભાભીઓએ મને વડાલથી પીડી ચોળી નવડાવ્યો અને શુક્લ મંડળીએ બ્રહ્મચારીના કૌપિન-મેખલા-દંડ વગેરેથી મને સજાવ્યો. યજ્ઞોપવિતના મંત્રો બોલાઈ રહ્યા પછી પિતાજીએ પોતે એક વસ્ત્ર ઓઢાડી મને ગાયત્રીમંત્ર બોલાવ્યો. મંત્ર તો મેં ગોખી નાખ્યો હતો, પણ તેનો અધિકારી તો હું આ રીતે આજે બન્યો. કુટુંબીઓ ને સંબંધીઓએ બટુકભિક્ષા આપી. ભિક્ષામાં મળેલા ઢગલાબંધ પેંડા, લાડુ, બરફી અને વસ્ત્રો સંકલ્પ કરાવીને ગુરુજીએ રાખી લીધા અને મને નવી ટોપી, કપડાં ને જોડા પહેરાવી, પોથી બંધાવી અને મને કાશીએ મોકલી દેવાની તૈયારી કરાવી.

બટુક (બડવો) માબાપની રજા લે છે. રસ્તા પર પૂર્વ દિશાએ મોં રાખી, પાટલા આગળ સાત સમુદ્ર ને નદીઓની પાણીની ધારા પાડી છે તેને વટાવી આગળ જવા ગુરુની આજ્ઞા મળે છે, એટલે બડવો દોટ



મૂકે છે. ઢોલ-શરણાઈ જોરથી વાગે છે. બડવાની દોટ જોતા લોકો બંને બાજુ ઊભા રહે છે. સામે છેડે મામા ભેટ બાંધી ઊભા હોય તે દોડતા આવતા બડવાને પકડી લે છે અને કાંધે ચડાવી ઘેર પાછો લાવે છે. સૌ વાજતેગાજતે પાછા મંડપમાં આવે છે. હવે બડવાને કાશી કે પરદેશ જવાનું નથી. મામાએ પૈસા, ઘર અને વહુ લાવી આપવાની લાલચો આપેલી તેના ગીત બૈરાં ગાય છે. મંડપમાં બટુકનો સત્કાર થાય છે. શુક્લ પોકાર મારે છે; બટુકને હાથઘરણાનો—ચાંલ્લાનો સમય થયો છે, અને સંકેત કરે છે કે 'ધોળી ગાય ને રાતી વાછડી.' એટલે કે બટુકને હાથમાં રૂપાનાણાંની ભેટ થાય તે સાથે શુક્લને પણ વાછડી રૂપી નાની ભેટ મળવી જોઈએ! ખાનદાન ગણાતાં કુટુંબોમાં તો આ વખતે, જો કોઈ બટુકનું વેવિશાળ થયું ન હોય તો કોઈ ને કોઈ સંબંધી આ પ્રસંગે વાકદાન પણ કરે છે. મારે માટે તો એ બધું પારણિયામાં હતો ત્યારે પતી ગયું હતું, પણ અત્યારે તો મને બ્રહ્મચારી, સંધ્યા, તપ અને સાધનાના જ વિચારો આવતા હતા.



જ્ઞાતિવ્યવહાર સારી રીતે પતી ગયા. એ દરમ્યાન અમને થોડા દિવસ ભાવનગરમાં રહેવાનું વધારે મળ્યું. પિતાશ્રી તો તરત નોકરી પર ચાલ્યા ગયા હતા.

(ચાલુ)

રતનફઈ

અવિસ્મરણીય વ્યક્તિઓની સત્યકથામાળા-૬

લેખક · મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય



યુવાન પ્રભાશંકર પટ્ટણી
મહારાજાના સેક્રેટરી
થયા ત્યારે

મોરબીના ભટ્ટ હરિરામ વ્રજનાથને પાંચ સંતાનો : ત્રણ પુત્રોમાં દલપતરામભાઈ સૌથી મોટા. તે પછી કાનજીભાઈ, જે કોટડા સાંગાણીમાં રાજવૈદ્ય થયા હતા (જુઓ ગયો અંક)ને સૌથી નાના તે 'કેશવ કૃતિ'ના કર્તા ભક્તકવિ કેશવલાલ. બે પુત્રીમાં દલપતરામ પછી રતનનો જન્મ અને કાનજીભાઇ પછી રેવાનો જન્મ.

મોટા પુત્ર દલપતરામનાં લગ્ન મોરબીના પ્રસિદ્ધ જોશી–શાસ્ત્રી પીતામ્બર વૈકુંઠજીનાં પૌત્રી–ભટ્ટ નંદરામની પુત્રી–વેરે કરેલાં; ને એ જ નંદરામના પુત્ર મહીધર વેરે ભટ્ટ હરિરામે પુત્રી રતનનાં લગ્ન કર્યાં. આમ, દલપતરામ હરિરામ અને મહીધર નંદરામ પરસ્પર સાળોબનેવી થાય. દલપતરામનાં પત્ની પ્રભાશંકરને દોઢ વર્ષના મૂકી અવસાન પામેલાં. એ પ્રભાશંકર રતનબહેનને કદી મામી ન કહેતા; ફઇ જ કહેતા. તેના મિત્રો પણ એમ જ કહેતા. મહીધર ભટ્ટના કાકાના દીકરા સુંદરજી તથા હરિલાલ ઝીણા પ્રભાશંકરના મિત્ર, ને તેઓ પણ 'ભાભી' ને બદલે 'રતનફઇ' કહીને વાત કરતા. મહીધર ભટ્ટના બે દીકરા પૈકી મોટા ચન્દ્રશંકર પોતાનું નામ 'ચન્દ્રશંકર મહીધર ભટ્ટ' એમ કહેતા, પણ કોઈ પૂછે કે તમે કોના દીકરા તો કહેતા કે રતનફઇનો! મોરબી આખામાં એ રતનફઇ તરીકે જ ઓળખાતાં. એ રતનફઇની આ વાત છે.

આણું વળી, રતનફઇ સાસરે આવ્યા પછીના તરતના દિવસોમાં એક સાંજે એ ગાયને દોહવા બેસતાં હતાં ત્યારે પાસે આધેડ પાડોશણ ઊભાં હતાં. ગાયને દોવરાવવામાં વહુને મદદ કરવા એ આવેલાં. ગાયને વાછડી થોડું ધાવી ત્યાં પાડોશણબાઇએ એ વાછડીને મોઢેથી પકડી ખેંચીને ખીલે બાંધી દીધી ને રતનફઇને ઝટ દોવા બેસી જવા કહ્યું. વળી કહ્યું : 'ગાય તાંબડી ભરીને દૂધ કાઢે છે, એટલે માવતરમાં જો શીખ્યાં ન હો તો લાવો હું દોહી દઉં.'

ત્યાં તો તાંબડીમાં પડતી દૂધની શેડનો અવાજ સાંભળી 'વાહ વહુ, તારો તો હાથ બેસી ગયો છે' એમ કહીને હરખાયાં. પણ એટલામાં તો થોડુંક દોહીને રતનફઇ ઊઠાં થઈ ગયાં ને વાછડીને છોડી દીધી.

'હં હં વહુ! શું કરછ? દૂધ તો દોવું બાકી છે.' પાડોશણે કહ્યું.

'આટલું બસ છે.'

'એટલું જ ?'

'બે જણમાં કેટલુંક જોઇએ ?'

'એ વહુ, જો વધારે હોય તો કોઈ ભામણને ઘેર કે મારે ઘેર મોકલી દે.'

'ભલે. આ છે તે ય ઘણું છે. આમાંથી આપી જઈશ.'

'પણ આ વાછડીને તો તું નકામું ધવરાવી દેછ!' પાડોશણે કહ્યું.

'નકામું કેમ માડી? આ એની મા છે. આ એનું જ જણ્યું છે.'

આવી પત્ની સાથે મહીધર ભટ્ટનાં પ્રારંભનાં વર્ષો સુખરૂપ થયાં. ચન્દ્રશંકર અને ગોપાલ એમ બે પુત્રો થયા.

દાદા પીતામ્બરે બહુ લાડ લડાવેલા તેથી, કે બીજા ગમે તે કારણે, મહીધર ભટ્ટમાં જવાબદારીનું ભાન ઓછું અને આનંદપ્રમોદની વૃત્તિ વધુ હતી. ઈ.સ. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજોની જીત થયા પછી દેશમાં એક એવો જોરદાર પવન ફૂંકાએલો કે આપણી પડતીનું કારણ આપણો ધર્મ અને સામાજિક રચના તથા રૂઢિ છે. 'વિલાયતી' રીતે રહેવાથી વ્યક્તિ અને દેશનું કલ્યાણ થઇ શકે છે એવી કલ્પનાનો જુસ્સો ઘણા જુવાનોમાં બળ કરતો હતો. એ જોસ્સાને વિવેકથી વિકાસને માર્ગે યોજી શકાય એવી વ્યવસ્થા હજી થઇ ન હતી. પરિણામે ખાનપાન ને વ્યવહારમાં છૂટ લેવામાં અને રૂઢિભંગમાં પ્રવૃત્તિ કરવામાં સુધારો છે એમ સમજી સંતોષ માનનાર વર્ગમાંના મહીધર ભટ્ટ પણ એક હતા.

પતિપત્ની બંને દઢાગ્રહી હતાં. પરસ્પર પ્રીતિ છતાં સામાને પોતાના મતમાં ભેળવી ન શક્યાં, અને તેથી દુઃખ વધતું ગયું. રતનફઇએ કહ્યું : 'તમારા ઘરની કુળરીત હું તોડાવા નહિ દઉં.'

એ પછી એક મોડી રાત્રે મહીધર ભટ્ટ ઘેર આવ્યા. તેનો અસંબદ્ધ પ્રલાપ અને મુખની દુર્ગંધ જોઇ રતનફઇએ કહ્યું : 'તમારું સ્થાન હવે તમારા ઘરમાં નથી; ઓસરીએ રહેો.' ને તે શિયાળાની રાત્રે ઘરમાં ઢાળી રાખેલો ખાટલો બહાર ઓસરીમાં ઢાળી આપ્યો, ફરતી બૂંગણની આડશ કરી, ને પોતે પતિની સામે ઓસરીમાં નીચે સૂતાં!

સવારે જાગ્યા ત્યારે મહીધર ભટ્ટને દુઃખ થયું, પણ સ્વભાવ બદલી ન શક્યા. રાજ્યના ભાયાતો સાથે ગાઢો સંબંધ હોવાથી ઘણુંખરું એ ભાયાતોમાં જ રહેતા. ઘેર કોઇ વાર જમવા આવે, કોઈ વાર ન આવે. આવે ત્યારે ઓસરીમાં જમે, ત્યાં જ બેસે, ત્યાં જ સૂએ. 'ઘર મારું છે, એમાં તું કહેનાર કોણ?' એવો પ્રશ્ન કે બળજબરી એણે કદી કર્યાં નહિ.

રતનફઇ એમની પથારી ઉપાડીને, ઠામવાસણ માંજીને તથા કપડાં ધોઇને પછી નિત્ય માથાબોળ સ્નાન કરે, બધી સેવા કરે, પણ 'પત્ની' તરીકે નહિ. પતિને તેણે એ રીતનું કહેલું : 'હું તમને પરણી એ વાત ખરી, પણ હું એકલી તમારી નથી. હું કુળવધૂ છું ને આ બે છોકરાની જનેતા છું. મારો એ ધર્મ હું નહિ છોડું ને એ ધર્મ પ્રમાણે તમારી સેવા પણ નહિ છોડું.'

રતનફઇએ હવેલીનું દળણું શરૂ કર્યું; કમોદ ઓઘાવવી શરૂ કરી. ત્યારે કોઇએ મહીધર ભટ્ટને પૂછ્યું : 'તમારાં વહુ પારકાં દળણાં કેમ દળે છે?'

જવાબમાં મહીધર ભટ્ટે કહ્યું : 'એ જેવી રીતે મને વર્તવા કહે છે તેમ હું વર્તતો નથી તેથી મારો આપ્યો રોટલો એને ખપે તેમ નથી.' અણબનાવની આમ મોરબીને જાણ થઈ.

હરિરામ ભટ્ટ મોરબીના બાપ ગણાતા. એમની સુવાસ ઘણી હતી. આથી કોઇકોઇએ મહીધર ભટ્ટને સમજાવવા યત્ન કર્યા પણ તે નિષ્ફળ ગયા. ભટ્ટની દીકરીને દયાથી સહાય કરવા કોઈ આવતું તો રતનફઈ કહેતાં : 'ના. એ વાત જ ન બને. મારા ભાગ્યમાં જેવું હોય તેવું થવા દો. જાતે વાવ્યું હોય તે ફળે છે; પારકું દીધું કોઈ દી' ઊગતું નથી ને એ પાછું દેવું પડે છે.'

એક વખત એક નાગર સદ્‌ગૃહસ્થનું દળણું દળતાં દાણામાંથી રૂપિયો નીકળ્યો. દળણું દળી, એ રૂપિયા સાથે ઘરની પાત્રલી જોડી એ લોટમાં નાખી તે દળણું પાછું દેવા ગયાં, ને ત્યારે કહ્યું : 'હવે બીજું કામ ઘણું રહે છે એથી દળણું હું નહિ દળી શકું.'

એ લોટ ચાળતી વખતે નાગરાણીબહેનને સવા રૂપિયો મળ્યો ત્યારે પસ્તાયાં. 'આ શું કર્યું બહેન?' તેણે રતનફઇને કહ્યું.

'તમે કર્યું હશે', રતનફઇએ કહ્યું. 'પેટ પૂરતું ખાવા મળતું હોય તે પારકું દળણું કેમ દળે? હું તો પારકાં દળણાં દળનારી છું; હું કંઇ ધનવાન

નથી કે ઘરમાં રૂપિયા રેઢા હોય ને તે લૂંટમાં પડે!' અને એ પાવલી પાછી લીધા વગર રતનફઇએ તેને પાછાં કાઢ્યાં.

એ નાગર ગૃહસ્થે હરિરામ ભટ્ટને આ વાત કરી ત્યારે તેણે કહ્યું: 'મારુ ઘર તો બાપનું ઘર છે, છતાં મારે ત્યાં એ જમવા આવતી નથી તેમ કોઈ છોકરાને ય મોકલતી નથી. ઊલટું કુંકાને (પ્રભાશંકરને) બારશ-અમાસે હઠ કરીને જમવા તેડી જાય છે. ભાઈ, એણે તો તપ માંડ્યું છે. એને કોઈ સમજાવી શકે તેમ નથી.'

આમ આઠ-દશ વર્ષ વહી ગયાં.

એક સવારે જાગીને મહીધર ભટ્ટે કહ્યું: 'મને મારી ભૂલ દેખાય છે. હવે હું પીતાંબર ભટ્ટના ઘર પેઠે વર્તીશ. તું કહે તે પ્રાયશ્ચિત્ત કરું; દ્વારકા, નાશિક કે ત્રંબક જઈ પ્રાયશ્ચિત્ત કરું; પણ મને ઘરમાં લે.'

રતનફઇએ કહ્યું: 'જો મનમાંથી ખરેખર પસ્તાવો થતો હોય તો એ જ સાચું પ્રાયશ્ચિત્ત છે. વધુ પ્રાયશ્ચિત્ત કરવું ન કરવું એ તમારા મનને પૂછો. મારી છૂટ છે. ચાલો, આ છોકરાઓની સાથે જ સ્નાન કરાવું. એને સાથે બેસાડી (ઘરના) ઠાકોરજીની પૂજા કરો.'

ને એ રીતે મહીધર ભટ્ટે પૂજા કરી. પછી બન્ને પુત્રોને લઇ એ પોતાના કાકા ઝીણા ભટ્ટને પગે લાગી આવ્યા. માથે નાહી, પાનેતર પહેરી, રતનફઇએ લાપસી રાંધી. રસોડામાં બે પડખે બે છોકરા ને વચમાં મહીધર ભટ્ટને જમવા બેસાડી, થાળી મૂકી, રતનફઇ પગે લાગી રોઇ પડ્યાં. મહીધર ભટ્ટ પણ રોયા. તેણે કહ્યું. 'સાચું સુખ શું તે હું આજ સમજ્યો. તને અને આ છોકરાઓને મેં બહુ દુ:ખ દીધું.'

એ સાંજે મહીધર ભટ્ટ 'આજ તો આ બેયને કુબેરનાથનાં દર્શન કરાવી આવું' કહી છોકરાઓને લઇને ગયા. મંદિરની આરતીની ઝાલર શમી ગઇ, અંધારું વધવા લાગ્યું ત્યારે એકલા છોકરાઓ ખડકીમાં દાખલ થયા. માએ પૂછ્યું: 'બેટા, તમારા બાપ ક્યાં?'

છોકરાઓએ કહ્યું: 'અમને કીધું કે ઘેર જાઓ. કે'જો તમારી માને કે મારી વાટ ન જુએ. બધાં જમી લેજો. હું મોડો ઘેર આવીશ.'

મધરાત પછી સારી વારે મહીધર ભટ્ટ ઘેર આવ્યા. કહ્યું: 'હું કાંઈ તું કહે તેમ કરુંબરું નહિ.'

'મને તો હતું કે તમારું બોલ્યું તમે પાળશો.'

'એ કાંઈ નહિ.' મહીધર ભટ્ટે કહ્યું. 'ક્યાં છે મારો ખાટલો?'

રતનફઇએ ઓસરીમાં ઊંઘતા છોકરાઓને બતાવીને કહ્યું: 'આ છોકરાઓએ કહ્યું કે અમારે અમારા બાપને પડખામાં સુવાડવા છે, તેથી તમારી પથારી એ બેની વચમાં કરી'તી. હવે ખમો.' કહી રતનફઇએ સવારે ધોએલો ખાટલો, ઓસરીમાં સવારે ગાર કરેલા ખૂણામાં ફરી પાથરી દીધો. છોકરાઓની પથારી વચ્ચેથી ગાદલું ન ઉપાડ્યું, પણ અંદરથી બીજું લાવી પાથર્યું, ને મહીધર ભટ્ટ સૂતા. સામે ખાલી પથારીની પાંગતે એક છોકરાને પગે માથું રાખી રતનફઈ સૂતાં; પણ ઝાઝું નહિ. થોડી વારમાં જ ઊભાં થઈ તે ઘંટીનું પડ ખેંચવા બેઠાં.

એ પછી બે વર્ષે મહીધર ભટ્ટ માંદા પડ્યા. કાકા ઝીણા ભટ્ટને ખોળે માથું નાખી મહીધર ભટ્ટે કહ્યું: 'મેં ઘર પાયમાલ કર્યું. જાણતાં છતાં જાત સુધારી નહિ. છોકરાની માને મેં ખૂબ સતાવી છે, મારઝૂડ કરી છે. પણ એણે તો સહન કર્યું છે; પોતાનો ધરમ છોડ્યો નથી ને મારી સેવા કરી છે. મોટા ચંદુ એને જગદંબા કહે છે તે સાચું કહે છે.' ને મહીધર ભટ્ટ અવસાન પામ્યા.

મહીધર ભટ્ટની હયાતીમાં, ને તે પછી પણ, રતનફઈની ગોસેવા એકધારી હતી. કોઇને ત્યાં ગાય માંદીસાજી હોય તો દોડી જતાં. વારપરબે ખડનો ભર નંખાવતાં. શેરડી, ગાજર, બાજરાની ઘૂઘરી ને ગૉળ-કપાસિયા ખવડાવતાં. દુકાળ વખતે મચ્છુ નદીના વીજળિયે કૂવેથી બે હાંડે પાણી લાવી અપંગ ઢોર ને વાછરુને પાતાં. સીમમાંથી પાલો પાડી લાવી ખવડાવતાં. કાકાજી ઝીણા ભટ્ટ મારફત તેણે પોતાનાં કડલાં ને ગળાનું ઘરેણું વેચાવી તેમાંથી ગાયના નીરણની ગોઠવણ કરેલી.

ઈ.સ. ૧૮૭૯માં એ કાનજીભાઈને ત્યાં કોટડા-સાંગાણી ગએલાં. કોટડાને પાદર એક રોગિષ્ટ ગાયને જોતાં તેને ગાડામાં નંખાવી સાથે લઈ આવ્યાં ને સાજી કરી. મૂળવાજી ઠાકોરને આની જાણ થતાં તે મળવા આવ્યા ને કહ્યું: 'મારા ગુરુનાં તમે બહેન છો. તમારા વિષે સાંભળ્યું'તું ને નજરે પણ જોયું. તમે ગોસેવા વિષે મને કંઇક સમજાવો.'

રતનફઇએ કહ્યું: 'કોઇના કહેવાથી કોઈ કંઈ સમજતું નથી. જેને સમજવું છે તે તો વગર બોધ લીધે પણ સમજે છે. તમે પોતે રાજા છો, ને રાજા તો ગો-બ્રાહ્મણ-પ્રતિપાળ છે, તેમાં યે ગાય પહેલી છે. એ મૂંગી રાંક માનો રાજા રખેવાળ છે. જેટલી ગાયની સેવા એક રાજા કરે તેટલી કોણ કરે? મારા બાપ પાસે વિદ્યાર્થીઓ ભણવા આવતા ત્યારે દિલીપ રાજા રાણીની સાથે ગાયની સેવા કરતા તે ભણાવતા, એ સાંભળેલું. પણ એ માની સેવા કર્યા પછી એ રાજાને કેવું સુખ લાગ્યું હશે તે તો આટલાં વર્ષે સમજાય છે.'

એ મૂળવાજી ઠાકોરની ગોસેવા પણ શ્રવણમનોહર છે.

ઈ. સ. ૧૮૮૭માં પ્રભાશંકર દલપતરામનાં વહુ રમાબહેનને સીમંત હતું. રમાબહેનના પિતા તે ઝંડુ ભટ્ટના નાના ભાઇ વિશ્વનાથ ભટ્ટ. પહેલી સુવાવડ સામાન્ય રીતે બાપને ત્યાં હોય. પણ કોઇ કારણે પિયરમાં મુશ્કેલી હતી. આ વાતની રતનફઇને આગળથી ખબર પડી ગઈ. આથી 'પ્રભાશંકર મારો ભાણેજ, અને ઝંડુ ભટ્ટ તથા મારા ઘરને ફક્ત ચાર પેઢીનું છેટું, એટલે મારું ઘર તે રમાનું પિયરઘર જ છે' એમ કહી, એ આગ્રહ બન્ને પક્ષો પાસે કબૂલ કરાવી, તે રમાબહેનને પોતાને ત્યાં લઇ ગયાં. ત્રણ મહીને સુવાવડ આવી. પુત્ર જન્મ થયો, (એ પુત્ર તે અનંતરાય જે ભાવનગર રાજ્યના દીવાનપદે હતા.) એ ભાદરવાના દિવસો હતા. વહેલી સવારે દળણું દળી, સુવાવડીને શેક નાખી, એ સીમમાં ખડ વાઢવા જતાં, ને ત્રણ ભારી ખડ લાવી તેના પૈસામાંથી સુવાવડીને શીરો કરી ખવડાવતાં.

એ ફઇના ભત્રીજા તે પ્રભાશંકર પટ્ટણી. એ જ્યારે ભાવનગરમાં હજૂર-સેક્રેટરી પદે આવ્યા ત્યારે એમણે ફઇને પચાસ રૂપિયાનો મની-ઑર્ડર કર્યો ને કાગળ લખ્યો કે 'ફઈ, હવે તો પથરો છોડ. તારે પુણ્ય કરવા માટે તું માગે તે મોકલી શકું એવી મારી સ્થિતિ તારા આશીર્વાદથી છે. માટે મારા પર દયા કરી પથરો છોડ.'

એ મનીઑર્ડર પાછો આવ્યો. પછી એક કાગળ આવ્યો. કોઈની પાસે રતનફઇએ લખાવ્યું હતું: 'મેં પથરો રાજીખુશીથી મારો કર્યો છે. મને એનો ભાર કદી લાગ્યો નથી. બીજા પથરા કરતાં આનો ભાર હળવો છે. ને પુન્ય કરવાની મને અબળખા નથી. છોકરાઓ મોટા થઈ ગયા છે, એનો ય ભાર હવે મારા પર નથી. મેં મારો ભાર ભગવાન પર નાંખ્યો છે, એ બીજા પર ન નાખે તેમ માગું છું. તું આમ નકામા કાગળ લખ ને જવાબમાં નાહક પરબીડિયાંનો ખરચ થાય એ નથી ગમતું. બાકી બધી પથરા તાણનારીને તારી ફઈ સમજી તું એને સુખી કરી શકે તેવો થા અને સદા રહે એવા મારા આશીર્વાદ છે.'

એ સરપ્રભાશંકર કહેતા: 'હું બાળક હતો ત્યારે મોસાળ રાત રહેતો ને રાતમાં જ્યારે જ્યારે જાગું ત્યારે ફઈ ઘંટી ફેરવતાં હોય તે સંભળાતી!'

એ ઘંટી મરણના દિવસ સુધી રતનફઇએ છોડી નહિ. સવારે દળણું દળી, ગાયની પૂજા કરી, બપોરે પોતાની નણંદની દીકરી નર્મદા તથા તેના પતિને અને નાની બહેન રેવાની દીકરીને જમાડી, બે કલાક પછી તેણે દેહ છોડી દીધો.


કલાવૃત્તાં

કાલીઘાટ ચિત્રશૈલી

આપણાં પ્રાચીન ગુજરાતી પોથીચિત્રો ને સલાટી શૈલીનાં ભીંતચિત્રોની સમકાલીન આ શૈલી બંગાળમાં આ સદીના ત્રીસીના દાયકામાં વિલીન થઈ તેનો પાપ કે દોષ ત્યાંની સુફિયાણી બનેલી કલાદૃષ્ટિને જ છે. સપાટ કાગળ પર સપાટો લેતી વહેતી રેખામાં ઘાટનું ઘનત્વ બતાવવાની તેની તાકાત પ્રશસ્ય હતી. દેવદેવીઓનાં ચિત્રો અને પૌરાણિક પ્રસંગોથી માંડી લોકકથાઓ અને પ્રચલિત સામાજિક રૂઢિઓ પરના કટાક્ષો સુધીના વિશાળ પટ પર આલેખાએલાં અને મામૂલી કિંમતે વેચાતાં એ ચિત્રો હજી હમણાં સુધી યાત્રાળુઓ અને આમ જનતાનાં રસ અને રંજનનું સાધન હતાં. વિખ્યાત બંગ કલાકાર યામિની રાયની શૈલીનું પ્રેરણાસ્થાન પણ એ બનેલાં.

લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમના ભારતીય કલાવિભાગના વડા અને જાણીતા કલામીમાંસક મિ. વિલિયમ આર્થરે સોંપેલું તેનું મૂલ્ય પ્રીછીને થોડા વખત પર તેના વિષે એક પુસ્તક બહાર પાડેલું. તે પછી હમણાં માર્ગ પબ્લિકેશન્સ તરફથી એમણે એવાં વીસ ચિત્રોનું બીજું પુસ્તક તેની મર્મગામી વિવેચના સાથે પ્રકટ કર્યું છે. ઓગણીસમી સદીના બંગાળનાં સામાજિક વલણો અને વૃત્તિઓને સંવાદી લયબદ્ધ રેખાઓમાં નિરૂપતાં એ ચિત્રોની શૈલી દર્શાવતો એક નમૂનો આ નીચે આપ્યો છે.





ફ્રેન્ચ કલાકાર જૅક્સ ફ્રૉમૉનૉટે ભારતમાં ચાર માસ રહીને કરેલાં બાવન ચિત્રોનું એક પ્રદર્શન ગયા સપ્ટેમ્બરમાં લંડનમાં "આસ્પેક્ટ ઑવ ઇન્ડિયા"ના નામથી ભરેલું તે આપણા વડા પ્રધાન જવાહરલાલને હાથે ખુલ્લું મુકાએલું. તેમાં એણે કરેલી પંડિતજીની છબિ પણ હતી. એ છબિ જોઇને એમણે કહેલું "ખરેખર, મારી આવી 'અનેરી' છબિ મેં કદી જોઈ નથી!"

આ માસથી મુંબાઈના જાણીતા અંગ્રેજી અઠવાડિક 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા'-માં નામાંકિત (અને પ્રથમ) બંગ નવલકથાકાર બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયની જાણીતી નવલ 'કૃષ્ણકાન્તનું વસીહતનામું'નો અનુવાદ ક્રમશઃ છપાવો શરૂ થયો છે. ઓગણીસમી સદીના બંગાળી જીવનનું તાદૃશ નિરૂપણ કરતી એ કથાને આપણા પરિચિત યુવાન કલાકાર પ્રદ્યુમ્ન તન્ના ચિત્રિત કરી રહ્યા છે, તે એ કાલીઘાટ શૈલીમાં જ છે, એ જાણવું રસમય થઈ પડશે. એના સંદર્ભમાં ભાઇ તન્નાની શક્તિઓને બિરદાવતાં 'વીકલી'ના કલાવિદ તંત્રી શ્રી એ. એસ. રમણ લખે છે: 'હમણાં એકાદ વરસ ઈટાલીમાં ગાળી આવેલા તન્ના ભારતીય કલામાંની પોતાની શ્રદ્ધાને યુરોપીય કલાસ્વામીઓના ક્રિયાકલ્પ વિષેના પોતાના આદર વડે વધારે દૃઢીભૂત કરીને આવ્યા છે. ભારતીય પરંપરાના દોર પર પાત્રચિત્રણાની આગવી શૈલી સર્જનારા આપણા શ્રેષ્ઠ કલાકારો પૈકીના એક તન્ના છે. એની રેખાવટ શોભનગર્ભ પણ પ્રવાહી છે... પરંપરાગત રૂપ અને મૂલ્યોનો આદર કરતા હેબ્બર, તન્ના અને એવા બીજાઓના આ પ્રાણવાન પ્રયત્નો આજની ક્યાંય થડમૂળિયાં નહિ ધરાવતી એવી ધમકીરૂપ ને ડહોળાએલી અર્વાચીનતા (મીનેસિંગ, મડલ્ડ મૉડર્નિટી)ના સંદર્ભમાં ખાસ કરીને અર્થસૂચક—નોંધપાત્ર છે.'

કાવ્યાનુવાદની સ્પર્ધા

સપ્ટેમ્બર અંકમાં એક અંગ્રેજી ભજનની ભાવાનુકૃતિ ગુજરાતીમાં ઉતારી મોકલવાની સ્પર્ધા જાહેર કરવામાં આવી હતી. તેની મુદત ૧૫મી નવેમ્બરની હતી તે લંબાવીને ૧૫મી જાન્યુઆરી ૧૯૬૩ સુધીની કરવામાં આવી છે. ભાગ લેનારાઓએ પત્રવ્યવહાર તેના યોજક શ્રી શિવલાલ કારીઆ સાથે, ગાંધીવિચાર-કેન્દ્ર, બાડકે બિલ્ડિંગ સરદાર પટેલ રોડ મુલુંડ મુંબાઇ-૮૦ એ સરનામે કરવો.

છોટાલાલ જીવનલાલ

આ ઓગણીસમી સદીની આખર ને આ વીસમી સદીની શરૂનાં ચાળીસેક વર્ષના ગાળા દરમ્યાન શિક્ષિત ગુજરાતના મધ્યમ (તથા ઉચ્ચમધ્યમ) વર્ગને ઉન્નત વિચારગામી અને ધર્મ-સંસ્કારપૂત બનાવનારી એક પ્રશસ્ય પ્રવૃત્તિ ચાલેલી. એ 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ના નામથી આજની પેઢી તો કદાચ જ્ઞાત પણ ભાગ્યે જ હશે. વડોદરાના સિદ્ધ પુરુષ નૃસિંહાચાર્યજીના અનુયાયીઓમાં અગ્રેસર–અને પાછળથી એ પ્રવૃત્તિના પ્રાણ બની રહેલા–શ્રી છોટાલાલ જીવનલાલ માસ્તર (જે 'વિશ્વ-વેદ'ની સહીથી લખતા) એના અગ્રણી હતા; અને દેહનું શુદ્ધિકરણ, મતનું નવીનીકરણ, મનોબળથી વૃત્તિઓનું દમન, દૂરદૂર મૂક સંદેશાઓનું સંચરણ, સંકલ્પબળથી વ્યાધિઓનું શમન, મંત્રમાં રહેલી ગુપ્ત શક્તિથી અંતઃકરણના અંધકારનો નાશ, આવી માન્યતાઓમાં શ્રદ્ધા સાથે એ વર્ગ સાધનામાં માનતો. એના સાધકોનો એક 'સાધનસમારંભ' દર વર્ષે હોળી ઉપર કોઈ નદીકિનારે કે નિર્જન રમણીય સ્થળે ભરાતો, જ્યાં અઠવાડિયા સુધી સર્વ સાધકો ધ્યાન, જપ, ભજનકીર્તન તથા પ્રવચનો કરતા. લગભગ અરધી સદીથી પણ વધુ કાળ સુધી એ છોટાલાલ માસ્તરના વિચારોએ ગુજરાતના ચોક્કસ વર્ગ ઉપર ઘેરી અસર કરીને તેને ઉચ્ચ જીવન જીવતો કરી મૂક્યો હતો.

એમનો જન્મ આજથી બરાબર ૧૦૦ વર્ષ પર સં. ૧૯૧૮ના આસો વદ ૧૩–ધનતેરશ–ના રોજ અમદાવાદ સમીપ આવેલા ઉનાવા બાવળા ગામે મધ્યમ સ્થિતિના દશા શ્રીમાળી વણિક પિતાને ત્યાં થએલો. સારું ગુજરાતી શિક્ષણ મેળવી તેમણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. એ સમસ્ત વિદ્યાર્થીકાળમા તેમણે નિશાળ ઉપરાંતનું પણ અન્ય ઘણું વાચન કરી નાખ્યું હતું; અને જે કાંઇ વાંચતા તેનો મનનપૂર્વક અભ્યાસ કરવાની પણ ટેવ હતી. વળી આત્મશ્રેય તેમજ જનશ્રેય તરફ અભિરુચિ હોવાથી અમદાવાદના પ્રાર્થનાસમાજમાં નિયમિત ભાગ લેતા, જેને લીધે પ્રતાપચંદ્ર મજુમદાર, ભોળાનાથ સારાભાઇ તથા મહીપતરામ રૂપરામ આદિના સંપર્કમાં તે આવેલા. અભ્યાસકાળમાં જ તેમણે 'ગુર્જરોદ્ધારક સમાજ' નામની સભા સ્થાપેલી જ્યાં પોતે વ્યાખ્યાનો વગેરે કરતા. કવિતા લખવાનો પણ નાનપણથી એમને શોખ હતો.

સત્તર વર્ષની વયે એમને વડોદરા હાઈસ્કૂલમાં નોકરી મળી. ત્યાં ગયા બાદ થોડા જ સમયમાં તેમને નૃસિંહાચાર્યજીનો પરિચય થયો, જેમના પ્રભાવે એમના અંતઃકરણમાં 'વેધીદીક્ષા' જેવો પ્રભાવ થયો. એ નૃસિંહાચાર્ય દૈવી શક્તિ—એટલે કે સામાના અંતઃકરણ ઉપર સચોટ અસર કરી તેમને નવી દૃષ્ટિ ને નવાં આશા–ઉમંગ આપી ઊર્ધ્વગામી બનાવવાની શક્તિ—વાળા મનાતા. છોટાલાલ તેમની પાસેથી યોગવિદ્યા તથા મંત્રશક્તિનાં ગૂઢ રહસ્યો પણ શીખેલા.

ઈ. ૧૮૮૨માં તેમણે નૃસિંહાચાર્યજીના શિષ્યોના સહકારથી 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ની સ્થાપના કરીને તેની ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ શરૂ કરી; અને એ પ્રવૃત્તિને પોષક વિચારોના પ્રચાર માટે ૧૮૮૬માં 'મહાકાલ' માસિક શરૂ કર્યું, જે લગભગ પચ્ચીસેક વર્ષ ચાલેલું. એ જમાનામાં પણ તેનો ફેલાવો ત્રણથી ચાર હજાર નકલનો હતો. 'મહાકાલ' ઉપરાંત તેમણે 'વર્ગ'ના વિવિધ કક્ષાના સાધકો માટે 'પ્રાતઃકાળ', 'ધર્મધ્વજ' અને 'યમદંડ' નામે માસિકો પણ કાઢેલાં; અને એ ચારે માસિકોનું મોટા ભાગનું લેખન તથા સંચાલન જાતે જ કરતાં. ઇ. ૧૮૯૭માં ૪૨ વર્ષની વયે નૃસિંહાચાર્યજીના થએલા સ્વરૂપાવસ્થાન પછી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના તેઓ પ્રાણરૂપ બની રહ્યા અને તન, મન તથા ધનથી સંપૂર્ણ ત્યાગપૂર્વક તેની સેવા કરી.

છોટાલાલ પર પાશ્ચાત્ય સાહિત્યની—તેમાં પણ 'ક્રિશ્ચિયન સાયન્સ', 'લાઈફ બુક્સ' વગેરે અમેરિકન વિચારસાહિત્યની ઘણી અસર હતી. ત્યાંના અનેક પ્રસિદ્ધ વિદ્વાનો સાથે એમને સબંધ હતો અને ત્યાંની કેટલીક સંસ્થાઓમાં તેમને સારી પદવીઓ પણ મળેલી. 'ફિલૉસૉફર્સ ઑવ ધ લિવિંગ ફાયર ઑવ

ચિત્ર-રસાસ્વાદ સ્પર્ધા

ગયા મે માસના અંકમાં શ્રી રવિશંકર રાવળનું એક સુંદર રેખાંકિત ચિત્ર આપીને તેનો રસાસ્વાદ કરાવવા માટેની સ્પર્ધા અમે જાહેર કરી હતી. એમાં જે ૪૩ વાચકોએ ભાગ લીધો તે પરથી ભાગ લેનાર દરેક જણ ચિત્રગર્ભિત ઊર્મિઓ ને ભાવથી જે વિગલિત થયા જણાય છે તેમાં સંસ્કારિતાનો ઉત્કર્ષ જણાય છે. વિરોધી વયનાં પાત્રો વચ્ચેની ભાવસરવાણી લગભગ દરેકના મનને સ્પર્શી ગઈ છે. અંધ દાદા અને કુમાર પૌત્ર ક્યાથી આવે છે, ક્યા જાય છે, કયો સમય છે, તેમની પોટકી કે પાત્રમાં શું છે અને શા માટે છે વગેરેના ઉલ્લેખો કરીને તે સમજવા મથામણ કરી છે. નામકરણના પ્રયત્નો પણ એવા જ રસિક બન્યા છે. કેટલાકોએ ચિત્રવિસ્તારની બહાર તર્કો, પ્રસંગપરંપરાઓ અને સંવેદનોનું અનુસંધાન કરવાનો પ્રયત્ન કર્યો છે. કોઈએ આવી સ્પર્ધા ચાલુ રાખવાનાં સૂચન પણ કર્યાં છે. ટૂંકામાં આ પરથી આપણે ત્યાં ચિત્રરસ માણવાનો પરિપાક થયાનો સંકેત થાય છે. કેટલાકનાં રસદર્શનના અમુક ભાગ અભિનંદનપાત્ર પણ છે. પરંતુ સમગ્ર સમૂહમાંથી પહેલા બીજા ત્રીજા તરીકે આગળ તરી આવે એવાં કોઈ જણાયા નથી. આથી એ પ્રકારનાં પારિતોષિક ન આપતાં ભાગ લેનાર પૈકી ૪૧ વ્યક્તિને અમે એક નાનકડો ચિત્રસંપુટ ભેટ તરીકે મોકલીએ છીએ. બે જણે સ્પર્ધાનો રસાસ્વાદ ન કરાવતાં માત્ર નામકરણ જ મોકલ્યાં છે. વસ્તુતઃ સ્પર્ધા રસાસ્વાદ માટે હતી.

અને જેમણે 'સ્પર્ધામાં ભાગ લેવાની ઇચ્છાથી નહિ પણ મનમાં આ ચિત્રથી જે પ્રતિભાવ જાગ્યો તે રજૂ કરવાના ઈરાદાથી' મોકલેલો એ પ્રાધ્યાપિકા શ્રી સુસ્મિતાબહેન મેઢનો રસાસ્વાદ પ્રતિનિધિ રૂપ જણાયાથી આ નીચે પ્રકટ કરીએ.

"જીવનની સંધ્યાએ ઘેરી લીધેલા, સંસારની કડવીમીઠીને જાણે ઘોળી પી, જીવનને આરે પરમ શાંતિ અનુભવતા વૃદ્ધને નિર્દોષ, નિખાલસ, આશાપૂર્ણ, ઉત્સુક, કોમલ કિશોરનો સહારો છે કે કિશોરને વૃદ્ધનો, એવો એક કોયડો રજૂ કરતું હોય એવું આ ચિત્ર કેવળ

ધ વેસ્ટર્ન વર્લ્ડ' નામક સંસ્થામાં તેમને ડેપ્યુટી ગ્રાન્ડ માસ્ટર-નું ઉત્કૃષ્ટ પદ મળ્યું હતું.: એ જ રીતે 'રેડિયો ઍક્ટિવિટી'ની નવી શોધ કરનાર પ્રસિદ્ધ વિદ્યાભિજ્ઞ ડૉ. ઑરવિલ લીચ તરફથી તેમને હિંદની શાખાના 'માસ્ટર ઑવ ધ લિવિંગ્સ્ટોનિયન ફિલૉસૉફી' બનાવવામાં આવ્યા હતા.

તેમણે 'હર્મેટિક' ફિલસૂફી વાંચેલી. પરિણામે 'અલ્કેમી' એટલે રસવિદ્યાનો પણ એમને શૉખ લાગેલો. એમની નવલકથા 'યોગિનીકુમારી'માં આધ્યાત્મિક વાતો, ચમત્કારો, રસવિદ્યા વગેરે સારા પ્રમાણમાં છે. એ 'રસવિદ્યા'માં એ નવલકથાના 'પીળીપોથી'ના પ્રકરણમાં આપેલી રસવિદ્યા—લોઢાનું સોનું બનાવવાની વાતો કદાચ હશે, તે પરથી મોટા ભાગના લોકો એ વાંચતા; પણ વસ્તુત: તો માણસની ધાતુ પલટીને તેની ઊંચી ધાતુ કરવી એવું એમનાં લખાણોમાં દેખાય છે. સ્વ. બ. ક. ઠાકોર એ નવલકથા પર પ્રસન્ન હતા, અને આજથી પંદરેક વર્ષ પર એમણે એક પત્રમાં લખેલું કે આ વાતની કલા અજંટાની ચિત્રકલા જેવી છે. કલાકારની પીંછી ત્યાંના ખડકો ને વનસ્પતિમાંથી રંગરોગાન બનાવી જેમ ધીમેધીમે ને આસાની-થી ચીતરે છે, તેમ છોટાલાલના અનુભવો એમાં કલાકારી કરે છે.

'મહાકાલ' આદિ સામયિકો તથા 'સદુપદેશશ્રેણિ' નામક અર્ધવાર્ષિક ગ્રંથમાં પડેલાં એમનાં લખાણ ઉપરાંત 'અધ્યાત્મક પોષક ગ્રંથમાળા'માં પણ તેમનાં ઘણાં લખાણો છે. એ નિમિત્તે સ્થપાએલા 'સહકારી વિચાર બલપોષક મંડળ' તથા 'અધ્યા-ત્મબલ પોષક મંડળ'માં બેથી ત્રણ હજાર સભ્યો હતા.

'વિદ્યાર્થીનો સાચો મિત્ર', 'બંધકોશનો ઉપાય', સુધા-સ્રોતસ્વિની', 'બ્રહ્મચર્ય', 'રોગ ટાળવાના ઉપાયો', 'પ્લેગથી બચવાનો કોઈ ઉપાય નથી શું?', 'ઈશ્વરની ભક્તિ શા માટે કરવી?', 'મૂર્તિપૂજાનું રહસ્ય', 'બાળકોને કેવી રીતે કેળવવાં?', 'દુગ્ધોપચાર', 'ધનવાન થવાની અમોઘ કળા' આવાં સામાન્ય-જ્ઞાન વિષયક એમનાં પુસ્તકોની એ કાળમાં બોલબાલા હતી.

'માસ્તર સાહેબ' (જે નામથી એ શ્રેયસ્સાધક અધિકારી વર્ગમાં ઓળખાતા)નાં લખાણોમાંથી ઉપર્યુક્ત સંકલન કરીને



છોટાલાલ જીવનલાલ


તાજેતરમાં શ્રી જગન્નાથ પૂંજાલાલ ડૉક્ટરે 'વિચારરત્નરાશિ' તેમજ વિશ્વવંદ્યકિરણાવલી' નામની નવી માળાનું પ્રકાશન શરૂ કર્યું છે. એ જોતાં લાગે કે એના લેખક સાધારણ માણસ નથી.

પુરુષાર્થ એ એમનું જીવનસૂત્ર હતું. અધ્યાત્મ તથા શારીરિક બલની ખીલવણી માટે તેઓ અત્યંત આગ્રહી હતા. એમનામાં નિરોધશક્તિ પ્રબળ હતી. મનોજય એમણે ઠીક કરેલો અને ધારણા, ધ્યાન તથા સમાધિ સુધી પહોંચેલા. એકબે મોટી શસ્ત્રક્રિયાઓ એમણે ક્લૉરૉફૉર્મ વિના કરાવેલી અને એ વખતે પોતે મનને પ્રાણમાં વાળી દીધેલું એવું કહેવાય છે.

ઈ. ૧૯૧૧માં, સંવત ૧૯૬૮ના માગશર વદ પાંચમના રોજ વડોદરામાં જ એમનું અવસાન થયું. (સંકલિત)

રેખાઓ પણ કેટલી અભિવ્યંજનાશક્તિ ધરાવે છે તેની પ્રતીતિ કરાવે છે. નૂર ઓઝલ થએલાં નયનોમાંથી વ્યક્ત થતા શાંતિ શ્રદ્ધા ને સંતોષ-ના ભાવો કલાકારની સર્જનશક્તિની જેમ પિછાન આપે છે, તેમ જીવનપ્રભાત ને જીવન-સંધ્યાને એકીસાથે વ્યક્ત કરતું આ ચિત્ર જીવનસાતત્ય અને જીવનમાંગલ્યનું પણ દર્શન કરાવે છે. કિશોરના મુખભાવો પણ વૃદ્ધના ભાવો જેટલી જ સાહજિક સુરેખતાથી ઉપ-સાવી શકાયા છે. આથી જ એને જેમ 'સ-હારો' શિર્ષક આપવાનું મન થાય છે, તેમ 'જીવનસાતત્ય' પણ યોગ્ય લાગે છે. 'પાનખર અને વસંત' પણ કહી શકાય; પણ એ સામા-ન્યતામાં સરી પડતું જણાય છે. ટૂંકમાં, કેવળ રેખાથી સર્જેલું આ ચિત્ર પણ એક હૃદ્ય, પ્રસન્ન એવી છાપ આપણા ચિત્ત પર મૂકી જાય છે."

ઑક્ટોબરની ૨૪મીના 'રાષ્ટ્રસંઘ-દિન' નિ-મિત્તે તેનું એક પોસ્ટર (પ્રચાર ચિત્ર) કરવા માટે ભારત તરફથી ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયા-નાં બે ઈનામો કાઢેલાં. તેમાં શ્રી દિલીપકુમાર દાસના આ ચિત્રને પહેલું ઈનામ મળેલું. તેઓ મધ્યસ્થ સરકારના "ડાયરેક્ટરેટ ઑવ ઍડ-વર્ટાઈઝિંગ ઍન્ડ વિઝ્યુઅલ પબ્લિસિટી" ખાતામાં કલાકાર છે. ચિત્રમાં બે હાથ ઊંચા કરીને અનુરોધ કરતી એક વ્યક્તિ દર્શાવી છે.





નવા વર્ષના અભિનંદન-પત્રો: વર્ષોવર્ષ 'કુમાર'ના અનેક વાચકો અભિનન્દન-પત્રો મોકલતા રહે છે. કોઈ છાપેલાં (પણ સુંદરમાં સુંદર ચૂંટીને) મોકલે છે, કોઈ ઉમંગ ને સદ્‌ભાવપૂર્વક સ્વહસ્તે શુભાકાંક્ષાઓ લખીને મોકલે છે, અને જેમને કલાનો પ્રસાદ વરેલો છે એ તો અત્યંત હોંશપૂર્વક નાનાવિધ કલારૂપમાં પોતાની લાગણી વ્યક્ત કરે છે. એ સૌને વ્યક્તિગત લખવાનું શક્ય ન હોવાથી અહીં એમનો સૌનો આભાર માનીએ છીએ અને કલાકૃતિઓ પૈકીની થોડી ચૂંટીને આ ઉપર આપીએ છીએ. એમાં ડાબી બાજુ ઉપરથી સોમથમ ઇન્દ્ર દુગડની, તેની નીચે ખોડીદાસ પરમારની ને તેની નીચે ભૂપત લાડવાની કૃતિ છે. જમણી તરફ પહેલું કાર્ડ વિનોદ શાહે 'સ્ક્રીન પ્રિન્ટિંગ'થી કરી મોકલ્યું છે. તે પછીની બે કૃતિ અનુક્રમે એચ. પી. ખાટસુરીઆ ને જયંત પરીખની છે. આ બધાના મૂળ રંગોની ખરી ઝલક તો આ એકરંગી છાપમાં ન આવી શકે; પણ છતાં આ છ યે કૃતિના કલાકારોની આગવી આલેખનશૈલી તો એમાં દેખાઈ આવે છે જ.

કંકાવટી

વિશ્વમહિલા

સમર્થ લેખિકા, વિદ્વાન રાજદૂત, આદર્શ માતા, ગરવી ગૃહિણી ને ભૂતપૂર્વ 'પ્રથમ અમેરિકી મહિલા' તરીકે કીર્તિ કમાનાર શ્રીમતી આના એલિયેનાર રૂઝવેલ્ટ (ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખનાં પત્ની)નું આ મહિનાની સાતમીએ અઠ્ઠોતેર વર્ષની વયે અવસાન થયું.

એમનો જન્મ ૧૮૮૪ની ૧૧ની ઑક્ટોબરે થએલો. શિક્ષણ એમણે ઇંગ્લંડમાં લીધેલું અને વિવિધ ભાષાઓ તથા ઈટલી-ફ્રાંસની કલાસંસ્કૃતિનાં આ તલસ્પર્શી જ્ઞાતા પોતાના અભ્યાસકાળ દરમ્યાન સમગ્ર યુરોપ ઘૂમી વળેલાં.

ઈ. ૧૯૦૫માં એમનું લગ્ન ફ્રૅંકલિન ડેલાનો રૂઝવેલ્ટ સાથે થયું; ને ઈ. ૧૯૨૧માં પતિને લકવાનો રોગ લાગુ પડયા બાદ તો એમનાં અર્ધાંગનાને બદલે 'સર્વાંગિની' જ બનીને એ રહેલાં. પતિની સમગ્ર કારકિર્દી દરમિયાન તેમનાં સહચારિણી તરીકે, તેમજ તેના અવસાન બાદ નિજી બહુક્ષેત્રીય પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સામાજિક, રાજકીય ને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક 'ઐતિહાસિક પ્રભા' બની રહ્યાં હતાં.

ઈ. ૧૯૪૬માં રૂઝવેલ્ટના અનુગામી પ્રમુખ ટ્રુમૅને તેમને સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે અમેરિકી પ્રતિનિધિ-સભ્ય તરીકે નીમ્યા બાદ તેમણે 'માનવહક પંચ'નાં અધ્યક્ષ તરીકે વિશાળ દૃષ્ટિવાળું જે ખતપત્ર તૈયાર કર્યું તે આજે જગતનો એક અમૂલ્ય દસ્તાવેજ બની રહ્યું છે.

વિશદ વક્તા ને સચોટ લેખક, શીઘ્રજવાબી, નમ્ર, ખંતીલાં ને સ્વતંત્રમિજાજી શ્રીમતી રૂઝવેલ્ટ 'સસ્મિતતાનો તણખો' ગણાતાં. ગૃહકાર્યથી માંડીને વિદેશનીતિ સુધીની તેમની અસરકારક પ્રતિભા એ એમની નિજી કમાઈ હતી. વિશાળ વાચકવર્ગ ધરાવતાં મહિલા પત્રકાર તરીકે પણ તેઓ લબ્ધપ્રતિષ્ઠ છે. 'માઈ ડે' નામની તેમની દૈનિક કટાર બસ્સોથી યે વધુ વૃત્તપત્રોમાં નિયમિત પ્રસિદ્ધ થતી રહેલી. વૉઈસ ઑવ અમેરિકા પરથી પ્રસારિત થતા તેમના દૈનિક વાર્તાલાપે હજારો શ્રોતાનું જીવન ભર્યુંભાદર્યું ને હેતુલક્ષી બનાવેલું.

ઈ. ૧૯૫૨ની તેમની ભારત-યાત્રા વિષે લખાએલું તેમનું 'ઇન્ડિયા ઍન્ડ ધ અવેઈકનિંગ ઇસ્ટ' પુસ્તક એક સમૃદ્ધ જ્ઞાનસંપુટ ગણાય છે ને એમની આત્મકથા અમેરિકાના જીવનમાં મોંઘું ઘરેણું બની રહી છે.

ઘરગથ્થુ ઔષધ .... ૧૧] સૂંઠ

'સૂંઠને ગાંગડે ગાંધી' એ પ્રયોગથી સૌકોઈ સુપરિચિત હશે; પણ સૂંઠ જેવી સુલભ ચીજને આયુર્વેદજ્ઞોએ 'વિશ્વભેજ' એવું ગૌરવપૂર્ણ નામ આપ્યું છે એની બહુ ઓછાંને જાણ હશે.

છેક ચરક-સુશ્રુતના કાળથી સૂંઠનો ઔષધ તરીકે બહોળો ઉપયોગ થતો આવ્યો છે. તે તીખી, વિપાકમાં મધુર, જરા સ્નિગ્ધ, હલકી, ઉષ્ણવીર્ય, દીપન, રેચન, હૃદ્ય તથા કફ ને વાયુનો નાશ કરનાર છે.

ડૉ. વા. ગ. દેસાઈના મતાનુસાર 'સૂંઠથી પચનક્રિયા બરાબર થાય છે તથા પેટમાં વાયુનો સંચય થતો નથી. બધી જાતની પીડાને શાંત કરવા માટે સૂંઠનો ઉપયોગ થાય છે. જીર્ણ સંધિશોથમા એક તોલો સૂંઠની ફાંટ રાતે સૂતી વખતે પીવાથી ઊંઘ આવે છે. પેટ ફૂલવાથી છાતીમાં દર્દ થતું હોય તો સૂંઠ આપવાથી વાયુ સરે છે અને છાતીની પીડા શાંત થાય છે.'

સૂંઠનું પાણી

સૂંઠ નાખી ઉકાળીને ઠારી રાખેલું પાણી ઘણા રોગોમાં ખૂબ જ લાભ કરે છે. સળેખમ, દમ, ઉધરસ, નવજ્વર વગેરેમાં માટલાનું પાણી બંધ કરી દર્દીને સૂંઠનું પાણી પીવા આપવું હિતાવહ છે. એ પાણીના ઉપયોગથી વાયુ અને કફનો નાશ થાય છે, આમનું પાચન થાય છે અને જઠરાગ્નિનું બળ વધે છે. ઉપર્યુક્ત વિકારોમા જો રોગી હલકો ખોરાક શરૂ કરી માત્ર સૂંઠનું પાણી જ પીવાનું શરૂ કરે તો વ્યાધિ આગળ વધતો અટકી જાય છે અને થોડા જ દિવસમાં દોષો સમાન અવસ્થામાં આવી જાય છે. વિપુલ પાણીના પ્રદેશ મલબાર તરફ શરદી વગેરેના પ્રતિકાર રૂપે 'ચુકકુ વલ્લમ'નો ઘણો જ મહિમા છે. ચુકકુ એટલે સૂંઠ, વલ્લ એટલે પાણી. મલબારવાસીઓ તો સૂંઠનું નવશેકું પાણી પીવામાં બહુ માને છે. પરિણામે વાયુ અને કફના રોગોથી તેઓ બચી જાય છે. આપણે ત્યાં ગુજરાતમાં પણ શિયાળાની ઠંડીમાં માટલાનું પાણી બંધ કરી સૂંઠનું પાણી પીવાનો રિવાજ થાય તે ઈષ્ટ છે.

નાગરફાંટ

નાગર એટલે સૂંઠ. વીસ તોલા ઊકળતા પાણીમાં એક તોલો સૂંઠનું ચૂર્ણ નાખી તપેલી નીચે ઉતારી ઢાંકી દેવી. ઠરી ગયા પછી આ પાણીને ગાળી લેવું. ખાધા પછી પેટમાં આફરો ચડતો હોય અને પેટમાં શૂળ જેવી વેદના થતી હોય ત્યારે નાગરફાંટનો ઉપયોગ લાભકારક છે. અઢીથી પાંચ તોલા નાગરફાંટનું પ્રવાહી પી જવું.

જીર્ણ અતિસાર

દવાઓ કરીને કંટાળી ગયા હોય એમણે ખોરાકનો ત્યાગ કરી દહીંના મઠાની અંદર શેકેલું જીરૂં, સૂંઠ અને સિંધવ એ ત્રણેનું મિશ્રણ કરી નાખવું અને રુચિ થાય ત્યારે કેવળ એ મઠાનો જ ખોરાક તરીકે ઉપયોગ કરવો. પીવા માટે સૂંઠના પાણીનો ઉપયોગ કરવો. શ્રદ્ધાપૂર્વક ધીરજથી આ પ્રયોગ કરનારનું પાચનતંત્ર સુધરવા માંડે છે અને અતિસારથી અવશ્ય મુક્ત થવાય છે.

પથ્યા ગોળી

બે તોલા હરડે, બે તોલા ગોળ અને એક તોલો સૂંઠ. હરડે અને સૂંઠને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી ગોળને ખાંડણીમાં નાંખી છૂંદવા માંડવો. ગોળ નરમ બનતો જાય તેમ તેમ ચપટી ચપટી હરડે-સૂંઠનું ચૂર્ણ નાખતા જવું ને દસ્તાથી ખાંડતા જવું. વગર પાણી નાંખ્યે બે તોલા ગોળમાં હરડે-સૂંઠનું ચૂર્ણ સમરસ થઈ જાય એટલે અર્ધા તોલાની એક, એ માપે ગોળીઓ બનાવવી અને રોજ સવાર-સાંજ એક એક લેવી. આમના રોગીઓ માટે આ 'પથ્યા' હિતાવહ છે. આમવાત અને અજીર્ણમાં 'પથ્યા'નું સેવન ઘણું જ ઉપયોગી છે.

લાભશંકર ઠાકર

બટેટા સાબુદાણાની પૂરી

સામગ્રી: બટેટાં શેર-૧; સાબુદાણા શેર ૦ાા; તલ, કોપરૂં, કોથમીર, લીલાં મરચાં, આદુ, ગરમ મસાલો, ખાંડ, લીંબુ, મીઠું.

રીત: પ્રથમ બટેટાંને બાફી છોલી ને છીણી નાખવા. સાબુદાણાને ૦ા કલાક પલાળી, પાણી ન રહે તેમ નિતારી, છીણેલા બટાકામાં નાખવા અને ઉપર પ્રમાણે લખેલો મસાલો નાખી ખૂબ મસળી ચીકણું બનાવવું. પછી હાથ પર તેલ લગાવી લૂવો વાળી ગોળ પૂરી બનાવી તેલમાં તળવી. પૂરી ઉપસીને દડા જેવી બનશે.

કરે તેનું કામ, રાખે તેનું દામ,
ને ભજે તેનો રામ.

ગણિત સરળ બનાવો

૫.......................................માધવજી નરસી દેવળિયા

જેમ તેત્રીસથી ગુણવા ૩૦+૩ કે ૪૪થી ગુણવા ૪૦+૪ કરી શકાય (૩૦થી ગુણી તેનો દસમો ભાગ કે ૪૦થી ગુણી તેનો દસમો ભાગ ઉમેરી શકાય) એ જ રીતે ૩૮, ૫૭ કે ૭૬ના ગુણાકારમાં પણ થઈ શકે. પદ્ધતિ એકસરખી જ છે પણ અહીં સરવાળાને બદલે બાદબાકી કરવી પડે. જુઓ : ૩૮=૪૦-૨ (બે એ ચાળીસનો વીસમો ભાગ છે.), ૫૭=૬૦-૩ (૩એ ૬૦નો ૨૦મો ભાગ), ૭૬=૮૦-૪ (૪એ ૮૦નો ૨૦મો ભાગ). એટલે કોઈ પણ રકમને—

૩૮થી ગુણવા ૪૦થી ગુણી તેનો વીસમો ભાગ બાદ કરવો.

૫૭ „ ૬૦ „ „ „ „ „ „

૭૬ „ ૮૦ „ „ „ „ „ „

વીસમો ભાગ કરવા માટે ૪૦, ૬૦ કે ૮૦થી ગુણતાં જે ગુણાકાર આવે તેમાં જમણી તરફનું મીંડું ઉડાડી દેતાં જે રહે તેના અર્ધા કરવાથી મળી શકશે. જેમકે : ૩૭×૩૮=૩૭×૪૦=૧૪૮૦. ૧૪૮૦નો વીસમો ભાગ કરવા માટે મીંડું ઉડાડી દેતાં ૧૪૮ રહ્યા. એના અર્ધા એટલે ૭૪. એટલે ૧૪૮૦–૭૪=૧૪૦૬.

આ જ રીતે ૪૨, ૬૩, ૮૪ના ગુણાકાર વખતે ઉપરની રીત પ્રમાણે ૪૦+૨, ૬૦+૩ અને ૮૦+૪, થઈ શકે. પણ અહીં વીસમો ભાગ બાદ કરવાને બદલે ઉમેરવો જોઇએ.

હવે જે રકમને ૭૬થી ગુણવી હોય તે રકમને ત્રણસોથી ગુણી ચારે ભાગી નાખવી અને પછી મૂળ રકમ તેમાં ઉમેરવાથી બને રકમનો ગુણાકાર આવશે. કેમકે ૭૬=૭૫+૧=$\frac{૩૦૦}{૪}$+૧ મૂળ રકમ). દા.ત.—

૨૮×૭૬=૨૮ ($\frac{૩૦૦}{૪}$+૧)=૨૮×$\frac{૩૦૦}{૪}$+(૨૮×૧)
=$\frac{૮૪૦૦}{૪}$+૨૮
=૨૧૦૦+૨૮=૨૧૨૮
=૨૮×૭૬ =૨૧૨૮.

આ જ રીતે જે રકમને ૭૪થી ગુણવી હોય તે રકમને ત્રણસોથી ગુણી ચારે ભાગી નાખવી અને પછી મૂળ રકમ તેમાંથી બાદ કરવી એટલે બંને રકમનો ગુણાકાર આવશે. (કેમકે ૭૪=૭૫-૧=$\frac{૩૦૦}{૪}$-૧)

૨૨½ના ગુણાકાર વખતે. ૨૨½=૨૫-૨½. ૨૫એ સોનો ચોથો ભાગ છે. (=$\frac{૧૦૦}{૪}$) અને ૨½ પચ્ચીનો દસમો ભાગ છે.

એટલે જે રકમને ૨૨½થી ગુણવી હોય તે રકમને સોએ ગુણી (તેની જમણી તરફ બે મીંડાં મૂકી) ચારથી ભાગી નાખવી. જે જવાબ આવે તેમાંથી તેનો દસમો ભાગ બાદ કરવાથી જવાબ આવશે. જેમકે—

૨૮×૨૨½=૨૮ (૨૫-૨½)=૨૮ ($\frac{૧૦૦}{૪}$-૨½)
=$\frac{૨૮૦૦}{૪}$-૨૮ (૨½)
=૭૦૦-૭૦=૬૩૦

૨૮×૧૦૦=૨૮૦૦. એને ચારે ભાગતાં=૭૦૦
—૭૦૦નો દસમો ભાગ=૭૦
૨૮×૨૨½=૬૩૦

એ જ રીતે ૨૭½ના ગુણાકાર વખતે. ૨૭½=૨૫+૨½. ૨૫એ સોનો ચોથો ભાગ છે (=$\frac{૧૦૦}{૪}$) અને ૨½ પચીસનો દસમો ભાગ છે. એટલે જે રકમને ૨૭½થી ગુણવા હોય તે રકમને સોએ ગુણી ચારે ભાગી નાખવી. જે આવે તેમાં તેનો દસમો ભાગ ઉમેરવો.

૮૪ના ગુણાકાર વખતે. ૮૪=૪+૮૦=૪+૪ (૨૦) એટલે જે રકમને ૮૪થી ગુણવી હોય તે રકમને ચારથી ગુણતાં જે આવે તેમાં તેના વીસ ગણા કરીને ઉમેરવાથી બંને રકમનો ગુણાકાર આવશે. જેમકે—

૨૮×૮૪=૨૮× (૪+૮૦)= ૨૮ (૪+૪ [૨૦])
૪×૨૮ = ૧૧૨
+૮૦×૨૮= (૧૧૨ના વીસ ગણા) ૨૨૪૦
૨૮×૮૪=૨૩૫૨

૪૮ના ગુણાકાર વખતે. ૪૮=૪૦+૮. ૮એ ૪૦નો પાંચમો ભાગ છે. જે રકમને ૪૮થી ગુણવી હોય તે રકમને ૪૦થી ગુણતાં જે આવે તેમાં તેનો પાંચમો ભાગ ઉમેરવાથી બને રકમનો ગુણાકાર આવશે. પાંચમો ભાગ કરવા માટે ચાળીસે ગુણતાં જે આવે તેમાં જમણી તરફનું મીંડું ઉડાડી દેતાં જે રહે તેના બમણા કરવાથી આવશે.

જેમકે—૩૩×૪૮=૩૩× (૪૦+૮)

૩૩×૪૦=૧૩૨૦. ૧૩૨૦નો પાંચમો ભાગ કરવા માટે મીંડું ઉડાડી દેતાં ૧૩૨ રહ્યા. તેના બમણા કરવાથી ૨૬૪ થયા.

૩૩×૪૦= ૧૩૨૦
+ ૩૩× ૮= (૧૩૨૦નો પાંચમો ભાગ) ૨૬૪
૩૩×૪૮=૧૫૮૪

૫૨ના ગુણાકાર વખતે. ૫૨=૫૦+૨=$\frac{૧૦૦}{૨}$+૨. જે રકમને બાવનથી ગુણવી હોય તે રકમને સોએ ગુણી બેથી ભાગી નાખવી અને જે આવે તેમાં મૂળ રકમના બમણા કરી ઉમેરવા. એટલે બંને રકમનો ગુણાકાર આવશે.

જેમકે—૨૮× ૫૨ =૨૮ (૫૦+૨)=૨૮ ($\frac{૧૦૦}{૨}$+૨)
૨૮×૧૦૦=૨૮૦૦ બેથી ભાગતા ૧૪૦૦
+ ૨૮×૨ ૫૬
૨૮×૫૨=૧૪૫૬

ઉપરની રીત પ્રમાણે ૪૮થી ગુણવી હોય તો મૂળ રકમના બમણા કરી ઉમેરવાને બદલે ઓછા કરવાથી બંને રકમનો ગુણાકાર આવશે.

૨૪ના ગુણાકાર વખતે. ૨૪=૨૫-૧=$\frac{૧૦૦}{૪}$-૧. કોઈ પણ રકમને ૨૪થી ગુણવી હોય તો તે રકમને સોએ ગુણી, અને ચારે ભાગી નાખવી. જે આવે તેમાંથી મૂળ રકમ બાદ કરવાથી બંને રકમનો ગુણાકાર આવશે. જેમકે—

૪૭×૨૪=૪૭ (૨૫-૧)=૪૭ ($\frac{૧૦૦}{૪}$-૧)
=૪૭×૧૦૦=૪૭૦૦ ચારે ભાગતાં =૧૧૭૫
—૪૭×૧=મૂળ રકમ ૪૭
૪૭×૨૪=૧૧૨૮

આ જ રીતે કોઈ પણ રકમને ૨૬થી ગુણવી હોય તો તે રકમને સોથી ગુણીને ચારે ભાગી નાખવી. જે આવે તેમાં મૂળ રકમ ઉમેરવાથી બને રકમનો ગુણાકાર આવશે. (ચાલુ)

ગયા જુલાઈની ૧૧મી તારીખે અમેરિકાથી યુરોપમાં ટેલીવિઝન પર જીવંત છબિ મોકલ્યા પછી ટેલસ્ટારે જે અનેકવિધ કામગીરી બજાવી છે તેમાં અમેરિકા અને ઇંગ્લંડના સમય મેળવવાની કામગીરી મુખ્ય છે. ટેલસ્ટારની મદદથી આ સમયમાં સેકંડના એક કરોડમા ભાગ જેટલી ચોક્કસાઈ જાળવી શકાય છે. આ અગાઉ રેડિઓ-સંકેતોથી માત્ર સેકંડના બે હજારમા ભાગ જેટલી ચોક્કસાઈ રહી શકતી હતી. અને છેલ્લે હમણાં પાંચમી સપ્ટેમ્બરે ન્યૂ યૉર્ક અને પારીસના શેરબજારના સોદા પણ આ ટેલસ્ટારની મદદથી કરવામાં આવ્યા હતા!

સાગર-સપાટીની હેઠળ

રંગ-ગઠરિયાં-૨૩
ચન્દ્રવદન મહેતા



. ડૉન કિહોટે અને સાન્કો પાન્ઝા

કોણ જાણે કેમ, ઇંગ્લંડ છોડતાં પગ ન ઊપડયો. લંડનની ધરતી છોડતાં, ધરતી ઉપરથી હવાઈ જહાજમાં જવા સીડી ચડતાં, બે ત્રણ દડદડ આંસુ સરી પડયાં. એવા તે કોણ અહીં સગાંવહાલાં હતાં જ? કોઈ જ નહિ. છતાં અહીંનાં લોક વહાલાં લાગતાં હતાં. રાજકારણમાં આડાઅવળા દાવ રમનારી અને પેચ લડાવનારી એવી એ પાંચ ટકા ખેલનારી વ્યક્તિઓને બાજુએ મૂકો, તો પછી બાકીના સામાન્ય લોકોએ રહેણાકનો જે ઘાટ અહીં રચ્યો છે તે દિમાગને ખુશ કરે એવો લાગ્યા વિના નહિ રહે. ધાણી શાણી અને સમજદાર પ્રજા, જેની શાહાનશાહતો વિસ્તરી અને વણસી ગઈ, જેણે લડાઇઓ યે ઘણી જાણી. ભોઇવિચારીને ડગલું ભરનારી એટલી જૂનવાણી, અને છતાં પ્રગતિમાં પાછળ નહિ રહેનારી પ્રજા. બીજું બધું આનું સારુંનરસું, કહ્યુંકારવ્યું ન ગણીએ ને ફક્ત બેત્રણ સૈકાઓથી લોકશાહીનો ખયાલ ઘડી, એમાં પ્રજાજનના સ્વમાનના, પરસ્પરના વ્યવહારના, ને સાથોસાથ લક્ષ્મીપાગળી નહિ પણ નક્કર દેશદાઝના રંગ પૂરી આપ્યા છે ને એ ત્રણે મહત્ત્વની બાબતોને સંગીન ને સ્થિર સ્થિતિ ઉપર મૂકી દીધી છે, એ માટે તો એ પ્રજાને ધન્યવાદના બે બોલ કહેવા જ પડશે.

. . પણ આંસુ સરવાનું કારણ શું? કોઇના પ્રેમમાં તો હું પડ્યો નહોતો, કોઇએ મને પરણવાની મરજી પણ બતાવી નહોતી, છતાં મહિના માસમાં એવડી તે શી માયા બંધાઈ ગઈ હતી એનો વિચાર કરતાં પણ મને કોઈ ખાસ કારણ હાથ લાગ્યું નહિ.

એની જાહોજલાલી ઓસરતાં ગરીબી આવી એટલે દયા આવી હશે? આ પ્રજાને વળી કોઇની દયા ન ખપે, એને મારી દયાની કિંમત કેટલી? નટ-નાટકશાળાને રાજા મારફત, રાજખજાના થકી મોંમાં અપાવ્યાં એ કારણ હશે? આટલાં સારાં અને સમજ પડે એવાં, સુંદર અભિનયવાળાં નાટકો જોવાનાં હવે નહિ મળે, એ કારણ હશે? કોણ જાણે! એક વખતના શિક્ષક પ્રો. રીસનને આટલે વર્ષે મળવા એથી તો આમ ન બન્યું હોય? કે પછી રંગભૂમિને અને રૂપેરી પડદાને ઝબ આપનાર એલેક ગિનેસ જેવા નટે અત્યંત ઊમળકાભેર મને જમાડી, કલાકો સુધી વાતો કરી દોસ્તી જમાવી એ કારણ હશે? કોણ જાણે.

પોણા ભાગનાં પગથિયાં ચડી, પાછા વળીને લંડન તરફ નજર નાખી લીધી. સજળ આંખ પણ હેલસિન્કીમાં મળેલા મશહૂર નટ ક્લૅરેન્સ ડરવેન્ટની અને સ્ટીવન ટૉમસની ઝાંખી પ્રતિમાઓ તરવરતી જણાઈ. એ બંને વ્યક્તિઓને આ જન્મમાં ફરી મળવાનું કદી નહિ બને એ સૂચક કારણ હશે? કોણ જાણે! જહાજની અંદર જઇને બેઠો ત્યારે તો કંઈક વ્યક્તિઓના મુખમાળા ઝપાટાબંધ નજર સામે ફરવા લાગી. વિમાને ક્યારે ધરતી છોડી, ક્યારે ધરતીની સરહદ છોડી સાગર ઉપર પાંખો વીંઝયા, ક્યારે ચેનલ ઓળંગી, ક્યારે જમીન દેખાવા માંડી, એની કશી જ જાણ થઈ નહિ. અને જ્યાં ઊતર્યાં એ ધરતી સાગરની સપાટી કરતાં હેઠળ હતી એ જાણ્યું ત્યારે જ એ અન્યમનસ્ક મન જાગ્રત થયું: હૉલૅન્ડ, જળમાંથી જ ટપકાવેલી જમીન તે આ! તો યે આમ્સ્ટરડામમાં પગ મૂકતાં, ખરેખર, ફરીથી લંડન જવાનું હવે નહિ મળે એ વિચાર-પડછાયા મનનો કેડો મૂકતો જ નહોતો.

આપને થશે કે આ શું? હૉલૅન્ડની ધરતી પર ઊતરતાં, અહીં મોખરામાં જ, આ બે ઘોડેસવારે સવારી કરતા, એમાંના એક સૂકલકડો અને બીજો કોડગરો, એક ભાલાધારી અને બીજો, બાજુ ઉપર બે ઝોળાધારી એવા બે પ્રવાસવીરોની તસવીરો કયા હેતુથી ગોઠવેલી હશે? હું પણ એ જ વિચારું છું. માથે અનોખો મુકુટ ધારનાર એ વ્યક્તિ તાકીતાકીને ભીંતે મઢેલી પવનચક્કી જુએ છે, અને એ જોતાં જ એને એમાં આરમ્ભબો રાક્ષસ દેખાય છે! અને પછી તો એને પાછો વાળવાનો કે વારવાનો એના કોડમડા શાગિર્દને લાડાવો જ ક્યાં મળે છે? આસ્થો ક્યચ્યાવીને એ ભડવીર જો તૂટી પડયો છે:... એના આ સંભ્રમશૂર, રોમાંચક કિસ્સાએ ઇતિહાસને સદાકાળને માટે અમર બનાવ્યો છે. ના છે; હજી એ સ્પૅનિયા ભૂમિનાં રણમેદાનો ખૂંદવાની વાર છે, પણ ત્યાં જે પવનચક્કાં ડૉન ક્વિક્ઝોટે (સાચો ઉચ્ચાર 'કિહોટે') એ જોયેલાં એવી અગણિત પવનચક્કીઓનો આ પ્રદેશ! એવી ઓળખાણ આપવી આ છબી! ખરેખર, હૉલૅન્ડના સરકારી દફતરમાં, માહિતીખાતામાં જરૂર કોઈ ફક્કડ મગજમાં અક્કલના દુરસ્ત સંચા લઇને જન્મ્યો હોય એવો અમલદાર હોવો જોઇએ!


પોતાને મસ્તકે ધારણ કરેલા હજામના તાંસળાને મેમ્બ્રીનોનો સોનાનો મુકુટ માનનાર આ ડૉન કિહોટેને હું જોઉં કે પેલા ભોળા ખેડૂત, કોડમડા, અને હમેશાં અમર આશામાં જીવનાર શ્રીમાન સાંકો પાન્ઝાના દિદાર નિહાળું, ત્યાં તો પાછળથી કોઇએ મારું બાવડું પકડયું જ છે! અને ફરીને જોઉં છું તો હસીને કહે છે 'ઈટ ઈઝ મી!' (એટલે કે, 'એ તો હું'—સાદા ગુજરાતીમાં 'સેવક પોતે.')


એ સદ્‌ગૃહસ્થ ન સૂકા, કૃષ્ણએલા કે કંતાએલા, વા ન એ ગંઠારગચ્ચો કે બઝારબજ્રુ. ઊલટા સાફ દેખાવડા, મળતાવડા લાગતા હતા. મને કંઈ એકાએક ગમ પડી નહિ, એટલે એણે ઉમેર્યું કે 'તમે અમારા મહેમાન છો. મારું નામ ટરમાટન. આ પેલું ચિત્ર ચોડયું છે તે અમારા જ દફતરમાંથી નિપજ્યું છે, અમારું જ કારસ્તાન છે. તમે જ મિ. મહેતા ને? હું ટરમાટન, ડૉન કિહોટે નહિ!' 'હા છે.'

એર ટર્મિનસ ઉપર બસમાંથી ઊતર્યાં પછી આ સંવાદ ચાલ્યા.

'અમારે ત્યાં વિન્ડમિલો બહુ, એટલે અમે આ ચિત્ર અહીં...'

'એ બરાબર; પણ હું ક્યાં ડૉન કિહોટે છું? આ તો તમે અમારા જેવા પ્રવાસીઓની મજાક કરો છો!'





યુરોપના ઉત્તર સમુદ્રને કિનારે સાગરસપાટી-ની યે નીચાણમાં આવેલી હૉલૅન્ડની ધરતી આપણી સૌની જેમ કિરતારની દેણ નથી, પણ માનવીના પુરુષાર્થની સરજત છે. અને તેમાં યે બાજુના નકશાઓમાં બતાવેલો 'ઝુઇડર ઝી' ધરાવતો તેનો વાયવ્ય પ્રદેશ તો, ૧૩મી સદીથી આજ સુધીમાં માણસે સાગરદેવ પાસેથી એ ભૂમિ ધીમે ધીમે ખૂંચવ્યા જઈને કેમ વસાવી તેનો આપણને ખયાલ આપે છે. એ ખૂંચવેલા પ્રદેશને ઊભરાઈ આવતાં પાણીથી સતત સૂકો ને મુક્ત કેમ રાખવો એને માટે હૉલૅંડવાસીઓએ શોધેલી તરકીબો અને એ ઉલેચવાનું જે યજ્ઞકાર્ય ત્યાંની પ્રજા અહોરાત્ર ચાલુ રાખ્યા કરે છે તે દુનિયાભરમાં અદ્‌ભુત અને અજોડ છે.

૧૩મી સદીમાં... હૉલૅન્ડનો વાયવ્યપ્રદેશ ...અને આજે

'ના સાહેબ! તમે તો એકલા છો; સાથે સાંકો ક્યાં છે? એટલે તમે ડૉન નહિ. અને વધારામાં તમે જો પવનચક્કીને રાક્ષસ માનો તો જ તમે ડૉન કિહોટે. પણ તમે તો પવનચક્કી જ જુઓ છો, એટલે તમે તો મિ. મહેતા જ. આવો, આ બાજુ અમારી ગાડીમાં બિરાજો.'

'અચ્છા! હવે મનેસમજ પડી. તે તમે પણ સામા કાંઠાના અંગ્રેજોની માફક ઠઠ્ઠા ઉડાવો, એમ ને?'

'એમના જેવા તો નહિ જ, પણ એમનો ચેપ તો અમને લાગે જ ને?' અમારે વળી આ બાજુ ફ્રાન્સ, એટલે અમને બેની અસર ચડે,—વિટ અને હ્યૂમર.'

આ ટરમાટન સાહેબ આપણને ગમી ગયા. અત્યંત ચપળ શરીરનો માણસ. બુદ્ધિ પણ એટલી જ ચપળ. હૉટેલ 'હર્મિટેઇજ' સુધી જતાં એણે હૉલૅન્ડ વિષે જીભની ચાવીએ આખો તિલિસ્માતી ભંડાર ઉઘાડો કરી દીધો. એમાં એણે એક વાત એ પણ કહી કે સૈકાઓ પહેલાં આ અસ્પેનિયાઓ દરિયાઈ માર્ગે હૉલૅન્ડ ઉપર લાઈડન ગામ પાસે હલ્લો કરવા આવ્યા હતા.

તમે નહિ માનો, પણ આ મુલક ખરેખર સાગરની સપાટી નીચે જ છે, અને છતાં એના પ્રજાજનો દરરોજ જમીન વિસ્તારતા જાય છે. ન વિસ્તારે તો જાય ક્યાં? કારણ પોતે વસ્તી વિસ્તારે છે. ખીચોખીચ વસ્તીનો આ મુલક. દરિયો પૂરીને જ જમીન ઊભી કરવી પડે. જળ ત્યાં થળ અને થળ ત્યાં જળનો કરવાવાળો હજાર હાથાળો તો બેઠો ઉપર, આપણો ભગવાન; પણ આ પ્રજાએ તો જળ ત્યાં થળ કરી, જળને ખાળવા માટે તૂટે નહિ એવા બંધ બાંધ્યે જ છૂટકો. કૅનેડામાં વસે એકચોરસ માઈલમાં પાંચ માથાં, ભારતમાં વસે ત્રણસો બત્રીસ માથાં, જાપાનમાં વસે છસો અઠ્ઠાવન, અને અહીં નેધરલૅન્ડ એટલેકે હૉલૅન્ડમાં વસે છે એક ચોરસ માઇલે નવસો ઓગણીસ માથાં!—કૅનૅડાથી લગભગ બસોગણાં, ભારતથી લગભગ ત્રણ ગણાં,—એટલે જાય ક્યાં? આંકડાશાસ્ત્રીઓએ એમના જનમમરણના આંકડા કાઢી હવે પછીનાં પાંચ દસ વર્ષોમાં વસ્તી કેટલી વધશે એનો અંદાજ પણ કાઢ્યો છે. પણ એ આપણો વિષય નથી. જાણવા જેવું તો એ છે કે મોટા ભાગનો આ મુલક જળસપાટીથી નીચે હોવાથી એમાં આવતા દરિયાના ધસમસતા જુવાળો ખાળવા માટે બારસો માઈલ જેટલા લાંબા એમાં બંધ બાંધવામાં આવ્યા છે. એ બંધમાં ક્યાંક ગાબડાં પડે તો આખા ઉપરનો દેશ પાણીમાં! એકાદ ગામ કે શહેર નહિ, આખો મુલક જ પાણીમાં ડૂબકાં ખાય! એટલે આટલા લાંબા વિસ્તારના બંધની સતત જાળવણી અને દેખરેખ રાખવાનું અને ઉપરાંત પાણીવાળા ભાગમાં જમીન ઊભી કરવાનું એમ બંને કામ રોજેરોજ ચાલ્યા જ કરે છે.

બારસો માઈલ લાંબા બંધ એટલે શું? એટલે મુંબાઈથી ફક્ત કલકત્તા, યા મુંબાઈથી દિલ્હીનાં અંતર કરતાં દોઢા એવા ઈંટ-સિમેન્ટ-કાંકરીટ-લોખંડના સાગર સામે તોતિંગ કિલ્લા! એટલું જ નહિ, પણ સામાન્ય કિલ્લાઓ સામે તો દસે વર્ષે યા વીસે વર્ષે દુશ્મન હલ્લો લઇને આવે; પણ અહીં ઓગણીસમી સદીમાં ફ્રાન્સના એક કોરીઓલિસનામના ગણિતશાસ્ત્રીએ, આ આપણી ધરતી ફરતી રહેતી હોવાથી, એના ભૂતળ ઉપરના સાગરજળના કુદરતી ઉછાળામાં વહેણ ભરતીની ફરતી અસર પહોંચતાં જે ફેરફાર થાય છે એની ગણતરી કરી છે, અને એ ફેરફાર કેટલા ને કેવા પ્રકારના છે એનો પણ અંદાજ ગણી કાઢ્યો છે. આ ફેરફારોને લઈ આ બંધ ઉપરના ઘસારામાં પણ ફરક પડતા રહે છે. ધરતીની કુદરતી અસરને લઇને થતો એ વિવિધ ઘસારો ખાળવા અહીંના ઈજનેરોએ હવામાં અને પાણીમાં બસોબસો ફીટની ધરીના અડીખમ પંખાઓ બનાવી ગોઠવ્યા છે, જે સતત ફરતા રહે છે અને ઘસારો નાબૂદ થાય છે! આવા પંખાની શોધ ૧૮૫૦માં જર્મન વૈજ્ઞાનિક મૅગ્નસે કરેલી, એટલે એને 'મૅગ્નસ અસર' કહે છે. કુદરતની જે અસર શોધી તે 'કોરીઓલિસ અસર' એની સામે ટક્કર ઝીલે તે 'મૅગ્નસ અસર.' એક ફ્રેન્ચ શોધ, બીજી જર્મન શોધ; બંનેનો ઉપયોગ હૉલૅન્ડમાં.

વળી આ ઉપરાંત દરિયાનું પાણી, એમાં ખારાશ કેટલી, એમાં આવતો કાદવ કેવો, નદીઓમાંથી વહેતાં મીઠાં જળ ખારાં થવા માંડે ક્યારે, એની મીઠાશ સચવાય કેવી રીતે,—એવા, ગણ્યા ગણાય નહિ એટલા સવાલોના ઉકેલ આ લોકોએ શોધ્યા છે. રાત ને દિવસ સાગરના ગહેરા મરડવાના યા એને ડારવાના કામમાંથી કંઈનું કંઈ લોકોપયોગી એના વિચારકો હાંસલ કરતા જ રહે છે. પણ આપણે રંગ ગઠરિયાં બાંધવાવાળા આ બંધ-બાંધણીમાં ક્યાં પડ્યા?

આપણે ડૉન કિહોટેનું ચિત્ર જોઈ શરૂઆત કરી. એ મહાનુભાવે પવનચક્કીઓને પડકારી પોતે પટકાયા; અહીંના લોકો માળા સાગરને પડકારે છે, અને હજી સુધી તો એને પછાડેલો રાખી શક્યા છે.

લંડનમાં 'કૉમ્પ્લેસન્ટ લવ્હર'નું એક નાટક જોયું હતું. એમાં આમ્સ્ટર્ડામને 'વેનિસ ઑવ ધ નૉર્થ'—ઉત્તરનું વેનિસ એવું વારંવાર કહેવામાં આવતું. તે આ આમ્સ્ટર્ડામ. આમ્સ્ટલ નદી ઉપરનો ડૅમ, બાંધેલો બંધ. અને ગલીગલીમાં નદીનો ફાંટા ને એ ઉપર પુલ. એ પરથી ટ્રામ જાય, મોટર જાય, લોકો જાય. નીચે મોટરબોટો ફરે. પાણીના વોકળઓના

જ મહોલ્લા. અલબત્ત, વેનિસની રોનક અનેરી છે, પણ એ ચર્ચામાં અટવાયા તો આમ્સ્ટર્ડામને ભૂલી જઈશું, એટલે અહીં જ રહીએ.

હૉટેલ નાની પણ સારી અને સ્વચ્છ હતી. હોટેલ કરતાં એનો મહોલ્લો મને વધારે ગમ્યો; કારણ એમાં ચારપાંચ બીજી હોટેલો હતી, અને તેમાં એક બ્રિટાનિયા, બીજું અસ્પેનિયા, ત્રીજી ફ્રાંસિયા, એમ જુદાજુદા દેશાનુસારની. તો યે ગમે તે દેશનાં માણસો ગમે તેમાં ઊતરતાં ને જતાં આવતાં જોયાં. એ મહોલ્લાની આ બાજુ બજાર ચૉક. ત્યાં જઇને ઊભા રહીએ તો મનને ગમે એવો લત્તો; અને બીજે છેડે નાકા ઉપરનો ધોરી રસ્તો ઓળંગ્યો કે ક્લબ. એ ક્લબનું મકાન પણ અતિ સુંદર, અને આસપાસ મહેકતો ફ્રૅન્ડેલ પાર્ક, બાગ. ફ્રૅન્ડેલ કોઈ રાજદ્વારી પુરુષ નહોતો, મોટો કવિ-નાટકકાર. એના નામને સાંકળી બાગ બનાવ્યો છે; છતાં ચારેકોર શાહી ઠાઠમાઠ! આપણા દોસ્ત ડેર ટરમાટન સૌથી પહેલાં આ ક્લબમાં જ મને લઈ ગયા. અહીં પણ ખાવાપીવાની અચ્છી વ્યવસ્થા. ચાપાણી, નાસ્તો, જે જોઇએ તે જ્યારે માંગો ત્યારે મળે. અહીં જ 'હૉલૅન્ડ ફેસ્ટિલ'નું દફતર—એક નાની ઓરડી. એમાં માંડ છ ખુરશી અને બે નાનાં ટેબલો. એક ટેલિફોન, એક બાઈ અને એક ભાઈ. પણ એટલી વસાહતથી યુરોપભરમાં આ લોકો હુકમ ખેલે! હૉલૅન્ડમાં આમ્સ્ટર્ડામ, રોટર્ડામ, ઉટ્રેચ, ને હેગ આ ચાર ગામ; ત્યાં ફેસ્ટિવલનાં ધામ. એ દરેક શહેરમાં ત્રણચાર સરસ નાટકશાળાઓ; એ દરેકમાં દર રાતે મહિનાભર નાટક, ઑપેરા, ડાન્સ-રૉ કે સિમ્ફૉની કૉન્સર્ટ ચાલે; એટલે કે ત્રીસે દિવસ ચાર ચોકું સોળ થીએટરોમાં ચાર પ્રકારના ખેલો ભજવાય; એટલે કુલ્લે લગભગ એકસો ઍંશી ખેલો થાય. એ બધાની દેખભાલ, ગોઠવણ, વ્યવસ્થા, વ્યવહારક્રિયા આ 'દસ બાઈ દસ ફીટ'ની ઓરડીમાંથી યોજાય. આ ઉપરાંત લાઈડન, આર્નેમ, હાર્લેમ, ડેલ્ફ્ટ, ગ્રૉનિન્જન, એવાં બીજાં ગામોમાં એમાંના કેટલાક ખેલો એ જ મહિના દરમ્યાન ગોઠવવામાં આવે એ જુદા. એટલેકે હૉલૅન્ડનાં મોટા ભાગનાં ગામોમાં જે જે નાટકો આ ફેસ્ટિવલ દરમ્યાન યોજાય, એનો લાભ સૌકોઇને મળે.

સોળમી જૂનથી પંદરમી જુલાઈ સુધી આ કાર્યક્રમ ચાલે. એમાં ઇંગ્લંડથી એનું સારામાં સારું નાટક, સ્પેઈનથી એના સારામાં સારા નાચનારાઓની મંડળી, ચેકોસ્લોવાકિયાથી, ફ્રાન્સથી, એમ જુદાજુદા દેશોમાંથી અચ્છામાં અચ્છા જલસા કરનારાઓને નિમંત્રણ અપાય એ એક વાત. ઉપરાંત, હૉલૅન્ડના બાલે નૃત્ય કરનારાઓ, નાટક કરનારાઓ અને સિમ્ફૉનિક સંગીત વગાડનારાઓ પોતપોતાની કૃતિઓ રજૂ કરે તે જુદું. અને ત્રીજી વાત તે હૉલૅન્ડમાંની નટમંડળી દુનિયાના મશહૂર નાટકોમાંથી એકાદ બે કૃતિ પસંદ કરી, એની ઝીણી ઝીણી વિગતોનો અભ્યાસ કરીને રજૂ કરે તે. આવા લગભગ બસો કાર્યક્રમો એ ત્રીસ દિવસમાં જુદાંજુદા શહેરોમાં રજૂ થાય. જરા ધીરજ રાખજો, હ! આ તો હજી શરૂઆત છે. ધ્યાનમાં રાખજો કે હજી આપણે પેલી દસ બાઈ દસની, ક્લબ ઉપરની એક ઓરડીમાં બેઠા છીએ.


હવે તો. ૧૬મી જૂનથી માંડી ૧૫મી જુલાઇ સુધીમાં આ નાટકો, નાચો કે સંગીતના જલસામાંથી કયા કયા મારે જોવા છે એનો મારે નિર્ણય કરવો રહ્યો. ચાલો, આપણે યાદી બનાવી. હવે એક દિવસ એટલેકે વીસમી જૂને આમ્સ્ટર્ડામમાં હૉલૅન્ડની બાલે ટોળીનું 'સ્વૉન લેઇક' બાલે છે અને સાથે શેક્સપીઅરનો એક નાટક શહેરમાંની બીજી નાટકશાળામાં છે. બને તો બંને પ્રયોગો જોવા છે. બને? હા બને. એ કેમ બને તે માટે એક બીજી વિગત નોંધી લો. શહેરો નાનાં છે; લાખ દોઢલાખની વસ્તીનાં; પાસે પાસે છે; છતાં દરેક શહેરમાં એક કરતાં વધારે નાટકશાળાઓ છે. આમ્સ્ટર્ડામ જેવાં શહેરોમાં તો પાંચ થીએટરો હોય જ એમાં શી નવાઈ? આજે મિયો જુલિએટ આમ્સ્ટર્ડામમાં તો કાલે એ નાટક રૉટર્ડામમાં, તો પરમ દિવસે ઉટ્રેચમાં. એ જ પ્રમાણે સિમ્ફૉનિક કૉન્સર્ટો અને બાલે ડાન્સના પ્રોગામો ગોઠવાએલા હોય. એટલે આજે આમ્સ્ટર્ડામમાં એ પ્રયોગો જે સાથે હોવાથી નહિ જોઈ શકાય તે કાલે પચાસ સાઠ કિલોમીટર એટલે કે કલાકની અંદર લઈ જનારી ઇલેક્ટ્રિક ટ્રેઈનમાં યા બસમાં જઇને જોઇ આવી શકો. ટિકિટ? આપ નક્કી કરો કે આ ટેલીફોન ફિરકાવ્યો, કે ત્યાં રણક્યો, કે તરત જવાબ મળ્યો જ છે, કે ચોથી હારમાં પંદરમી બેઠક નોંધાઇ ગઇ છે!

ના જી, વાત મેં કહી એ જ નથી. આ થકી વિકટ એમની વ્યવસ્થા છે. દોઢેક મહિના પહેલાં બહુ સુન્દર કાગળોમાં છપાએલી એમના કાર્યક્રમની પોથી એમણે મને મોકલી આપી હતી. મારા જેવા દર સાલ જુદા જુદા દેશોમાંથી નોતરવામાં આવતા ભાગ્યવાન મહેમાનોને આ પોથી અહીંના વહીવટદારો પહેલેથી મોકલી આપે છે. આપ પૂછશો કે આપને વળી ડચ ભાષા કિયે દિવસે આવડતી હતી જે? અમે કહીએ છીએ કે આજે પણ અમને કયાં આવડે છે જે? આ કાર્યક્રમની અત્યંત સુંદર આકર્ષક સ્વચ્છ સગવડભરી ચોપડી અંગ્રેજી, ડચ, ફ્રેન્ચ ને જર્મન ભાષાઓમાં છાપવામાં આવે છે. ના જી, જુદીજુદી ચોપડીઓ નહિ, એક જ ચોપડીમાં એક જ પાના ઉપર બેત્રણ ભાષા બાજુબાજુમાં વાંચવા મળે, એવું છાપકામ એ લોકો કરે છે.

એમાં ફક્ત કાર્યક્રમો જ નહિ. નોંધતા જજો,—અહીં આપણે ત્યાં કાર્યક્રમો છપાવવા માટે કદીક ભવિષ્યમાં માર્ગદર્શક થાય એટલા માટે,—કે એમાં દરેકેદરેક થનારા નાટકનો સાર, એના કર્તાની છબી, એમાં ભાગ લેનારામાંનાં પ્રખ્યાત નટનટીઓની છબીઓ, ઉપરાંત એ નાટકમાંનાં કેટલાંક દશ્યોની પણ છબીઓ, એ છબીઓમાં જે હોય તે જ સેટિંગ-સીનેરી સાથે તે જ ભજવનારાઓ મહિનોભર નજરે જોવા મળે. એ જ પ્રમાણે સિમ્ફૉનિક સંગીતના કંડક્ટરની, સ્પેનથી આવનારી નૃત્યમંડળીની, કેટલાકની છૂટી કેટલીક ગ્રૂપમાં, સફાઈથી છાપેલી છબીઓ અહીં મોજૂદ છે. સો સવાસો પાનાનું આ દળદાર પુસ્તક, એમાં આ બધા સાર, ને ભજવાતી વસ્તુઓના છબીઓમાં આકાર; ઉપરાંત એ નાટકશાળાઓના ચાર્ટ—એટલે કે ખુરશીઓના નંબરના નકશા-પ્લાન. અક્ષરોને મોટા કરી આપનારો કાચ હાથમાં ઝાલ્યા વિના સંખ્યા વાંચી, હાર જોઈ, નંબર નક્કી કરી શકો. એ આગળથી લખી દો, એટલે પહોંચતાંવાર તમારી ટિકિટ, ગામનો નકશો, તમારા ઉતારાથી ત્યાં જવાની ટ્રામનો નંબર, યા બીજે શહેર જવાનું હોય તો ટ્રેઇનનો સમય, બધો મસાલો એક કવરમાં હાજર!

ના જી; હું રહ્યો એ દરમ્યાન આ બધા છાપેલા કાર્યક્રમોમાં (આપણી માફક) કોઈનું માથું દુખ્યાથી કે કોઈના રીસછણકાથી, કે કોઇના સગામાં લગ્ન તો શું પણ કા'ણ મો'કાણ થવાથી કે પ્રમાણમાં જોઇએ એટલું માન ન મળવાને કારણે ખોટું લાગવાથી, કોઇ કાર્યક્રમ રદ થયો હોય કે એમાં તારીખ-દિવસ બદલાયો હોય યા કાર્યક્રમમાં ભાગ લેનારાઓમાંથી કોઇને બદલે કોઈ નવો આવ્યો હોય એવું બન્યું જાણમાં નથી. એવા ફેરફાર કોઈને પૂછવાની જરૂર જ નહોતી. છબું છાપેલું હતું, અને તારીખો મુકરર હતી. તે જ પ્રમાણે ક્રમ ચાલ્યા કરતો હતો. એમાં ફેરફાર જણાય તો જ કોઈને પૂછવાપણું થાય ને? ૧૯૪૭ની સાલથી હૉલૅન્ડમાં આ પ્રકારનો ઉત્સવ ઉજવાય છે અને એના કાર્યક્રમોમાં ઉત્તરોત્તર સુધારા વધારા થતા જ રહ્યા છે.

દોઢ મહિના પહેલાં જો આ કાર્યક્રમ છપાઇને મારા હાથમાં આવ્યો હોય, (ને એ યે જુદીજુદી ભાષાઓમાં છપાવવાનો ને આટલી અઢ-



ગૌરવના જીવંત પ્રતીકસમું
પ્રાણીસૃષ્ટિમાં અધિક બળવાન
અને તીવ્રતર બુદ્ધિવાન

હાથી

ભારવાહક જાનવરો-૫

લેખક: અવંતીલાલ વસાવડા

પૂર્વની સંસ્કૃતિમા બળ ને બુદ્ધિમા શ્રેષ્ઠ ગણાતા હાથીઓનું મહત્ત્વ અતિશય ગણાતું હતું. છેક પૃથ્વીરાજ ચૌહાણના કાળ સુધી હિંદી દળોમાં હાથીઓનું જ પ્રાધાન્ય રહેતું. તે પછી પણ એનું સ્થાન બહુ ઊતર્યું નથી જ. અતિ બળવાન અને માણસો સાથે સારી પેઠે હળી શકે તેવું તથા સમજદાર પ્રાણી હોઇ ભારવાહનનાં અનેક કાર્યોમાં એનો ઉપયોગ થાય છે. એના જાતિવિશેષ વર્ગો તો માત્ર બે જ. આફ્રિકન અને હિંદી. હિંદી હાથી હિંદ ઉપરાંત, બ્રહ્મદેશ, સિયામ, ચીન, સુમાત્રા ને ઠેઠ બોર્નિયો સુધીના અગ્નિ એશિયામાં મળી આવે છે. હિંદમાં હિમાલય, વિન્ધ્યાચળ ને આસામમાં તથા સિલોનમાં એનો કુદરતી વસવાટ છે. હિમાલય ને દક્ષિણ હિંદમાં ઘણી વાર તેઓ ચાર પાંચ હજાર ફૂટની ઊંચાઇએ પણ જોવા મળે છે, એ જ રીતે આફ્રિકાના હાથીઓ પણ કેન્યા પર્વત પર દેખાય છે, એ પરથી સમજી શકાય કે તેઓ પર્વત પર પણ ચડી શકે છે.

આફ્રિકન હાથી સાધારણ રીતે બારથી ચૌદ ફૂટ તથા હિંદી હાથી સરેરાશ નવેક ફૂટ ઊંચા હોય છે. વજન લગભગ સો સો મણ જેટલું ને તાકાત લગભગ પચાસ માણસ જેટલી કે પાંચ ઘોડા જેટલી હોય છે. મોટી ઉમરના હાથી જંગલમાંથી પકડાયા પછી કેળવી શકાય છે. પાળ્યા પછી ધાર્યા પ્રમાણે શાંત અને મિલનસાર સ્વભાવના થઈ રહે છે અને સહેલાઈથી હુકમ માને છે. સામાન્ય કામ માટે આપણા દેશમા અને બ્રહ્મદેશમાં હાથીને લાંબા કાળથી પાળવામાં આવ્યા છે અને વિશેષે જંગલોમાં લાકડાં ઉપાડવાનું, ખસેડવાનું અને ભાર વહન કરવાનું કામ તેની પાસેથી લેવામાં આવે છે. હાથી પોતાની સૂંઢ વડે સુગમતાથી મોટા વૃક્ષો ઊંચકી શકે છે તેવી જ રીતે સોય જેવી ટચૂકડી ચીજ પણ તે સહેલાઈથી ઉપાડી શકે છે. આ સિવાય સવારી સરઘસમા એનો ઉપયોગ થાય છે અને વાઘ જેવાં હિંસ્ર પશુનો શિકાર કરવા માટે શિકારીઓ હાથીસવાર થઈને જંગલમાં જાય છે. બે હાથીને લડાવીને લોકોનું મનોરંજન કરવા માટે સાઠમારીમાં તેનો ઉપયોગ થયો છે. 'ત્સેત્સે' માખીના કરડવાથી તેને 'નાગાના' રોગ થતો નથી તેથી તેના રંજાડવાળા વિસ્તારમાં હાથી ઉપયોગી અને કાર્યક્ષમ નીવડયા છે. ઉત્તર પ્રદેશમા જંગલો સાફ કરી, જમીન ખેડીને કૃષિલાયક બનાવવા માટે તેના હળખેડમાં પણ ઉપયોગ થયો છે ને ટ્રેકટરની સરખામણીમાં હાથી આ કાર્ય સસ્તે દરે કરે છે એમ જણાયું છે. એનો ખોરાક પુષ્કળ પ્રમાણમાં અને સસ્તે ભાવે જંગલની આસપાસના વિસ્તારમાં મળે તેથી એવા ભાગોમાં એનો ખેતી અને અન્ય ભારે કાર્યો માટે વિશેષ ઉપયોગ કરી શકાય. ભૂતકાળમાં રણમેદાનમાં દુશ્મનની હરોળ અને મોરચા તોડવા અને કિલ્લાના તોતિંગ દ્વાર તોડી પાડવા એનો વપરાશ થતો હતો. અત્યારે જુદાજુદા દેશોનાં પ્રાણિસંગ્રહાલય, સરકસ અને વિષુવવૃત્ત આસપાસના દેશો સિવાય અન્ય સ્થળે તેનો ઉપયોગ થતો નથી. એના દંતશૂળ હાથી-દાંતમાંથી કલાકારીગીરીની અનેક વસ્તુઓ બનાવવામાં આવે છે. એ બેસે છે ત્યારે પોતાના પાછલા પગ પસારી શકે છે.



ડાબી બાજુ: હિંદુસ્તાનના અને આફ્રિકાના ... વચ્ચે તફાવત બતાવતાં ચિત્રો. આફ્રિકન હાથીનું માથું હિંદી હાથીથી નાનું હોય છે, પણ કાન બહુ મોટા આશરે પાંચ ફૂટ લાંબા ને ત્રણ ફૂટ પહોળા. વળી તેની સૂંઢને છેડે આંગળાં જેવા બે ફાટા હોય છે, જ્યારે હિંદી હાથીને એક જ હોય છે. જમણી બાજુ. તોતીંગ લાકડાંની હેરફેર કરતો હાથી, તથા હાથીનો શિકારમાં ઉપયોગ.

જક કથાઓ છાપવાની એના બ્લૉક તૈયાર કરવાના) તો એ પ્રેસમાં ક્યારે ગયા હશે, પ્રેસમા જતા પહેલાં એ નાટકકારોના ગ્રુપ ફોટા પડ્યા ક્યારે હશે, ને ઑલ ઇંડિયા રેડિયો પાર્ટી(સ) બ્રૉડકાસ્ટથી જે મંડળીઓને બોલાવવાની, એમને તારીખો ફાવે છે કે નહિ તે પુછાવ્યું ક્યારે હશે, એના અંદાજ કાઢ્યા. એમને આપવાની રકમ, એમની સાચવવાની સગવડ, એમને જોઈતાં સાધનો એ બધાંની વ્યવસ્થા વિચારાઇ હશે ક્યારે! અને આ બધી ટોળીઓ અહીં આવે, એની રહેવાની વ્યવસ્થા, આજે અહીં તો કાલે બીજે ગામ, એમના ને ટ્રકના સરંજામ સાથે ફેરવ્યા કરવાની વ્યવસ્થા, એ બધાંના પાકો વિચાર કરીને જ આ કાર્યક્રમ છપાયો હશે. એ તો ચોક્કસ ને? ક્યારે? એ બધું ક્યારે?

કહે છે કે બરાબર એક વર્ષ પહેલાં બધું પાકે પાયે થઇ જાય છે. આજે ધારો કે ૧૯૬૨ના જૂન મહિના છે, તો ૧૯૬૩ના જૂનનો પ્રોગ્રામ તો નક્કી થઇ જ ગયો છે, અને ૧૯૬૪ના જૂનનો કાર્યક્રમ ઘડવાની તડામાર તૈયારી ચાલી રહી છે! એનું નામ તે વ્યવસ્થા અને એનું નામ તે કલાકામ! નથી એમને ભાષાની બિનઆવડત નડતી, કે નથી એમને જુદી ભાષાઓમાં થતાં નાટકો જોવા પ્રેક્ષકો મેળવવાની મુસીબત નડતી. તેમ બીજી બાજુ 'મને હીંગ વગરની ... જ દાળ જોઇએ, મને મીઠા વગરનો ભાત...જ જોઇએ, મને મરચાં તો સદતા...જ નથી, મને કેળાં તો ભાવતા...જ નથી મને બરાબર છ વાગે ચા વગર ચાલે એવું જ નહિ, મારો નાનો પપી (કૂતરું) સાથે લીધા વિના તો મને ફાવે...નહિ,' એવાં ચાંપલાં નખરાંખોરોનાં નખરાંની મુસીબતો પણ એમને નડતી નથી. (ચ 3)

પાણી

'આહાર અને આરોગ્ય' ૩૫

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



આજથી પાત્રીસ વર્ષ ઉપર પાણીનો મહિમા પ્રબોધતું 'કુમારે' પ્રકટ કરેલું પ્રચારચિત્ર

શરીર ટકાવવા માટે ખોરાકની જરૂરિયાત તો જાણીતી છે. પણ તેના કરતાં યે વધારે ને પહેલી જરૂરત પ્રાણવાયુની અને બીજી પાણીની છે. ખરું પૂછો તો પ્રાણવાયુ અને પાણી એ ખોરાક જ છે; કારણ શરીરના કોષો જેના આધારે જીવે છે તેમાં આ બન્ને મુખ્ય છે.

શરીરના બંધારણ ને વ્યાપારમાં પાણીનું ઘણું મહત્ત્વ છે. શરીરના કોષોમાં તેનું વિપુલ પ્રમાણ છે. દરેક પેશી અને અવયવ તેનાથી તરબોળ છે જીવનને જરૂરી દરેક ક્રિયામાં તે ઉપયોગી છે. શરીરના વજનનો બે તૃતીયાંશ ભાગ પાણીનો બનેલો છે. લોહી, લસી, પેશાબ, પરસેવો, આંસુ અને પાચક રસો એ બધા જલીય પ્રવાહીઓ જ છે.

વજનના બે તૃતીયાંશ ભાગનું પાણી શરીરમાં હોવા છતાં ય તે શરીરની બધી પેશીઓમાં એકસરખા પ્રમાણમાં નથી વહેંચાએલું. ચરબી અને હાડકાંમાં ઓછું પાણી છે. છતાં યે એ જાણવા જેવું છે કે હાડકાંમાં વીસ ટકા પાણી છે! અરે, વજ્ર જેવા દાંતના એનેમલમાં પણ બે ટકા પાણી છે! એથી વધારે પાણી મગજના શ્વેત ભાગમાં છે, અને એથી વધુ કલેજા, કિડની, માંસપેશીઓ અને લોહીમાં છે. લોહીમાં તો ૯૫ ટકા પાણી છે. જે જે પેશીઓમાં રાસાયણિક ક્રિયાઓ ઝડપથી થતી હોય છે અને જે પેશીઓ વારંવાર વપરાશમાં આવતી હોય છે તેમાં પાણીનું પ્રમાણ વધારેમાં વધારે છે. પુરુષના શરીરમા ૬૨ ટકા પાણી છે. આની સરખામણીમાં સ્ત્રીના દેહમાં ૫૨ ટકા પાણી છે.

ખોરાકના પાચન અને શોષણની ક્રિયાઓના પાયામાં પાણી રહેલું છે, તો તંદુરસ્ત શરીરને શીત રાખનારી કાયાની અદ્‌ભુત કરામતની ચાવી રૂપ પણ તે જ છે. પાણીથી જ સાંધાઓનું તૈલીકરણ થાય છે અને એકબીજા સાથે ઘસાતા અવયવો (સાંધાઓની ધારો ને આંતરડાંના ગૂંચળાં)નું ઘર્ષણ વિનાનું હલનચલન પણ પાણીથી જ શક્ય બને છે. આંખના ડોળા જેવા શરીરના જુદાજુદા ભાગોમા તે જ દબાણ જાળવે છે. ગર્ભસ્થ બાળકને આઘાતોમાંથી રક્ષનાર પાણીની ગોદની કોને જાણ નથી? ડૉ. કાંતિલાલ પંડયા લખે છે 'પાણીની સાથે જીવનનો સંબંધ બહુ પુરાણો છે.' પૃથ્વી ઉપરનો સૌ પ્રથમ જીવ પાણીમાં પેદા થયાની બાબતને અનુલક્ષીને આ હશે. ભાવમિશ્ર પણ લખે છે 'જળ તો પ્રાણીઓના જીવન રૂપ છે અને સર્વ જગત જળથી જ નભે છે જીવનં જીવિનાં જીવો જગત્સર્વં તુ તન્મયમ્ (ભાવપ્રકાશ: વારિવર્ગ).

ઉપલી બાબત આપણા શરીર પરત્વે જ વિચારીએ તો એના મહત્ત્વનો અચ્છો ખયાલ આવે છે. પાણી દ્વારા જ કોષોને પોષણ મળે છે, તે દ્વારા જ કોષોમાં રાસાયનિક ફેરફારો યોજાય છે, અને એની અંતિમ નિપજો એ જ દ્રાવકમાં ભળી પેશાબ, પરસેવા આદિ રૂપે શરીર બહાર ફેંકાય છે. પાચનમાર્ગની ક્રિયાત્મક ક્ષમતા, પાચક રસોનું ઉત્પાદન, આહારનું શોષણ અને મળને આંતરડાંમાં આગળ ધકેલવાનું કામ શરીરમાં પાણીના પૂરતા પૂરવઠા ઉપર આધારિત છે. ઝાડા કે ઊલટીઓ દ્વારા પાણી નીકળી જવાથી પાચક રસો ઘટવાને પરિણામે પાચનક્રિયામાં બગાડો, વજનનો ઝડપી ઘટાડો, સૂકી ચામડી, થાક, બેભાનાવસ્થા ને તાણો વગેરે ગંભીર લક્ષણો ઉત્પન્ન થાય છે. કૉલેરામાં મૃત્યુ થાય છે તે શરીરમાંથી પાણી નીકળી જવાના કારણે જ.

શરીરમાં ત્રણ રીતે પાણી આવે છે: ૧) પીવાથી ૨) ખાવાથી અને ૩) પ્રોટીનો, ચરબી તથા કાર્બોહાઇડ્રેટના ચયાપચયથી. પીધેલા પાણી અને ચયાપચયમાં પેદા થએલા પાણી અને શરીર બહાર ફેંકાતા પાણી વચ્ચે શરીર સતત પણ અદ્‌ભુત સમતુલા જાળવે છે. હચિન્સન લખે છે 'મિશ્ર આહારમાં આખા દિવસમાં આશરે ૩૩ ઔંસ પાણી મળે છે અને ખોરાકના પદાર્થોના ચયાપચયમાં ૧૫ ઔંસ પેદા થાય છે. શરીરમાંથી પાણીનો સરાસરી ઘટાડો આ પ્રમાણે છે: પરસેવા વાટે ૧૫ ઔંસ, ઉચ્છ્વાસ વાટે ૧૦ ઔંસ, પેશાબમાં ૫૦ ઔંસ અને મળમાં ૫ ઔંસ મળી કુલ ૮૦ ઔંસ (૫ શેર). આ ઘટાડાની ભરપાઈ કરવા માટે આખા દિવસમાં ૩૩ ઔંસ (બશેર) પાણી પીવું.'

આ બધા સરાસરી આંકડા છે. શરીરના પાણીના વિસર્જનનો આધાર વાતાવરણના ઉષ્ણામાન, શ્રમ અને આહારના પ્રકાર ઉપર છે. ગરમ હવામાન ને વધારે શ્રમ વખતે પરસેવા અને ઉચ્છ્વાસ વાટે વિશેષ પાણીનું વિસર્જન થાય છે. જો આ પરિસ્થિતિમાં વધારે પાણી પીવામાં ન આવે તો પેશાબનું પ્રમાણ ઘટે છે કે પેશીઓ નિર્જલ બને છે. આવા સંજોગોમાં પાણીનું પ્રમાણ વધારવું અગત્યનું છે. જોકે આવે વખતે તરશ લાગીને આપમેળે આનું નિયમન તો થાય છે જ. મળમાં પાણીનું પ્રમાણ આહાર ઉપર આધારિત છે. માંસાહાર કરતાં વનસ્પત્યાહારમાં મળ વાટે વધારે પાણી જાય છે. ને આથી જ આપણા લોકો માટે રોજિંદા પીવાના પાણીનું પ્રમાણ ત્રણથી ચાર શેરનું છે.

સામાન્યરીતે શરીરની જરૂરત પ્રમાણે પૂરતું પાણી પીવાની તરશ લાગે છે. શરીરમાં એક ટકા જેટલું પાણી ખૂટે એટલે ઊર્મિ-મગજમાં આવેલા તરશ-કેન્દ્રમાંથી પાણી પીવાની તાકીદ થાય છે. પણ કોક સંજોગમાં તરશની ઇચ્છા બરાબર કામ નથી પણ કરતી. ગરમીમાં, રમત વેળા કે શ્રમ વખતે પુષ્કળ પરસેવો થતો હોય ત્યારે જરૂરતના લક્ષણ સમી તરશ નથી પણ લાગતી.

પાણી પીવા માટે કોઇ નિયમ નથી. નિયમ એટલો કે તરશ લાગે ત્યારે પાણી પીવું. આપણા પ્રાચીન આહારશાસ્ત્રી ભાવમિશ્રે પણ લખ્યું છે કે 'કોઈ પણ સમયે જળ પીવાનો અત્યંત અટકાવ કરવો નહિ.' વળી વધારામાં તે લખે છે 'ઘણું જળ પીવામાં આવે તો અન્ન બરાબર પચતું નથી અને પાણી ન જ પીવામાં આવે તો પણ અન્ન બરાબર પચતું નથી. આટલા માટે માનવીએ અગ્નિને વધારવા માટે જળ વારંવાર પણ થોડુંથોડું પીવું (મુહુર્મુહુર્વારિ પિબેદ્‌ભૂરિ).'

આહારના સંબંધમાં પાણી પીવા માટે વાગ્ભટ ભોજનની શરૂઆતમાં ને અંતમાં પાણી પીવાની ના પાડે છે. ખાધા અગાઉ પાણી પીવાથી પાચકરસ મંદ થવાને કારણે ખોરાક બરાબર પચતો નથી. અંતમાં પાણી પીવાથી 'કફની વૃદ્ધિ થઈને શરીર કોથળા જેવું થાય છે.' કાલજ્ઞાન નામના એક અપ્રકટ સંસ્કૃત ગ્રંથમાં પણ 'ખાધા પછી પાણી ને ઝેર જેવું' લખ્યું છે. તેમાં 'અજીર્ણમાં પાણી ઔષધ જેવું, ખાધેલું

પચ્યાં બાદ બલપ્રદ ને ભોજન દરમિયાન અમૃત જેવું' ગણાવ્યું છે.

ભાવમિશ્રે આરોગ્યનું જતન કરવા માટે 'ઉષ:જળપાન'નો મહિમા ગાયો છે: 'જે માણસ સૂર્યના ઉદયકાળમાં પાણીની આઠ અંજલિ પીવાનો નિયમ રાખે છે તે રોગ અને જરાથી મુક્ત રહી સો વર્ષ ઉપરાંત જીવે છે. હરસ, સોજો, બંધકોશ, તાવ, પેટના રોગ, વૃદ્ધાવસ્થા... વાતપિત્ત ને કફથી થતા રોગો નાશ પામે છે (ભાવપ્રકાશ : રાત્રીચર્યા).' તરશ લાગે કે નહિ મૅક્ફૅરિસન તો 'મળત્યાગની ક્રિયામાં સહાયભૂત નીવડવા માટે સવારમાં સૌપ્રથમ એક કે બે ગ્લાસ પાણી પીવા' કહે છે.

વનસ્પત્યાહારમાં પાણીનું પ્રમાણ વિશેષ રહેલું છે. શુષ્ક ધાન્યોમાં એક અષ્ટમાંશ ભાગનું પાણી છે, તો લીલોતરી શાકભાજી અને ફળોમાં ૮૦ થી ૯૦ ટકા, ટમેટાંમાં ૯૪ ટકા ને બટાટામાં ૭૫ ટકા પાણી છે. દૂધમાં ૮૦ ટકા પાણી છે, એટલે ખાદ્યપદાર્થોના પાણી ઉપરાંત રોજ અઢીથી પોણાચાર શેર (૨ થી ૩ પિન્ટ) પાણી પીવાનો મૅક્ફૅરિસનનો આદેશ છે. ગરમ ઋતુમાં અને શ્રમ કરનારા, ભારે મજૂરી કરનારા તથા વધારે પરસેવો થતો હોય તેને વધારે પાણીની જરૂર પડે છે. વનસ્પત્યાહારીઓ કરતાં માંસાહારીઓને થોડા વધુ પાણીની જરૂરત છે, કારણ માંસાહારથી પેદા થતો યૂરિક ઍસિડ શરીર બહાર કાઢી જવો જોઈએ અને તેના માટે પાણી એ ઉત્તમ દ્રાવક છે. સગર્ભા અને ધાવણ આવતી સ્ત્રીઓને બીજી સ્ત્રીઓ કરતાં વધારે પાણીની જરૂર છે. શિશુઓ (એક વર્ષની અંદરની ઉંમરનાં બાળકો)ને પણ તરશ લાગતી હોવાથી પાણી પાવું જ જોઈએ. શિશુ અને ઊછરતાં બાળકોનાં શરીરમાં ઝડપી રાસાયનિક ફેરફારો થતા હોવાથી એમને પાણીની વધારે જરૂર રહે છે. તાવ અને ઝાડા વખતે પુષ્કળ પાણી પીવાનું છે.

પરસેવો થવાથી જેમ તરશ લાગે છે તેમ મીઠાવાળો ખોરાક ખાવાથી પણ તરશ લાગે છે. શરીર પાણીની જેમ મીઠાની પણ સમતુલા રાખે છે. શરીરમાં આવેલા બે ગુરદાઓ પાણીમાંથી મીઠું જુદું કરવાની તાકાત ધરાવે છે. એમાંથી પેદા થએલા પેશાબમાં શરીરના પ્રવાહીઓ કરતાં મીઠાનું પ્રમાણ વધારે હોય છે. આ કારણે ખોરાકમાં વધારે-પડતું મીઠું હોય તો વધારે પાણી પીવું જોઈએ. પરસેવામાં પણ મીઠું હોય છે. પુષ્કળ પરસેવો થયા બાદ પાણી સાથે મીઠું પણ લેવાથી શરીરની ફ્‌ટચૂસનું કળતર મટે છે.

હચિન્સન લખે છે: 'ઘણું થોડું પાણી પીવાના ભય સ્પષ્ટ છે; એથી ઊલટું, વધારે પાણી પીવાથી થોડું કે બિલકુલે નુકસાન નથી'. મૅક્ફૅરિસનનું કહેવું છે કે અપૂરતું પાણી પીવાથી માથાનો દુખાવો, ભૂખનાશ, પાચનક્રિયા અને મળત્યાગની ક્રિયામાં ગરબડ, ગભરામણ, માનસિક કે શારીરિક કામ કરવાની અશક્તિ પ્રાપ્ત થાય છે.'

આગળ લખ્યા કરતાં વધારે પાણી કોઈ પણ નુકસાન વગર પી શકાય છે. હચિન્સન લખે છે 'ભૂખ્યા પેટ પાંચથી સાડાસાત શેર પીધેલું પાણી લોહીની ઘટ્ટતામાં ખાસ ફેરફાર આણ્યા વગર બે થી ત્રણ કલાકમાં પેશાબ વાટે નીકળી જાય છે; પણ આ વખતે પીધેલા કરતાં વધારે પ્રમાણમાં પાણી બહાર ફેંકાય છે. ભૂખ્યા પેટ પાણી પીવાથી વધારે તરશ લાગવાનું કારણ હવે સ્પષ્ટ થશે. ખોરાક સાથે લીધેલા પાણીનું ઝડપી વિસર્જન થતું નથી. ભૂખ્યા પેટ પીધેલાં ચા, કૉફી, દારૂ ને થોડા અંશે કોકો જેવાં મૂત્રલ પીણાં તરસને છિપાવવાને બદલે વધારે છે. ભૂખ્યા પેટ તો ચાને બદલે દૂધ ઘણું સારું'.

પાણી સ્વચ્છ, નિર્મળ અને શુદ્ધ જોઈએ. માણસો ને ઢોર નહાતાં હોય, વાસણ ને કપડાં ધોવાતાં હોય, કિનારા પર મળત્યાગનું સ્થાન હોય, એવાં જલાશયોનું પાણી રોગજીવાણુઓથી દૂષિત હોવાનું જ. ચોમાસામાં ખુલ્લાં જલાશયોનું પાણી પણ ચોક્કસ દૂષિત થાય છે. આવું પાણી દેખાવે નિર્મળ હોવા છતાં રોગજીવાણુઓવાળું હોઈ શકે છે, કે જે પીવાથી મરડો, ઝાડા, ટાઇફૉઈડ, કૉલેરા આદિ ઉદરના રોગો થઈ આવે છે. એટલે ક્લૉરિનથી કે ગરમ કરીને ઠંડુ પડેલું વિશુદ્ધ જળ પીવાનો આગ્રહ રાખવો. રોગચાળા વખતે તો ખસૂસ આ જાળવવું.

જાણીને નવાઈ પામશો કે પીધેલું પાણી હોજરીમાં શોષાતું નથી પણ સીધું આંતરડાંમાં જાય છે; અને તેમાં યે ઠંડા કરતાં ગરમ પાણી ઝડપથી જાય છે. હચિન્સન લખે છે કે 'પોણા કલાકના ગાળામાં સવા શેર પાણી હોજરીમાંથી પસાર થાય છે.' આમ, પાણી હોજરીમાંથી ઝડપથી પસાર થઈ જતું હોઇને એમાં સમાએલા રોગજીવાણુઓ ઉપર પાચકરસના હાઈડ્રોક્લોરિક ઍસિડને મારક અસરો કરવાનો સમય મળતો ન હોવાથી પાણી રોગના ચેપનું ભયપ્રદ વાહન બને છે. આ કારણે અશુદ્ધ દૂધ કરતાં દૂષિત પાણી રોગવાહક તરીકે મોટું અનિષ્ટ છે. આ કારણે અજાણ્યા સ્થળનું પાણી પીતાં વિચારવાનું છે.

ભોજન વખતે પાણી પીવાથી પાચક રસ સાથે તે મિશ્ર થઈને પાચનમાં વિલંબ થતો હોવાનું જે મનાય છે તે પાયા વિનાનું હોવાનું હચિન્સન કહે છે. પાણી પાચક રસોનું થોડું ઉત્તેજક છે. પાણીની પાચક રસના સ્રાવ ઉપર ફાયદાકારક અસર હોવાથી રશિયન વિજ્ઞાની પાવલૉવ પાણીને 'ભૂખ-રસ' (ઍપિટાઈટ જ્યૂસ) નામે ઓળખાવે છે. પ્રયોગોથી સાબિત થયું છે કે સવાશેર જેટલું પાણી પાચનની ઝડપ બગાડતું નથી, અઢીશેર પાણીથી તે થોડું મંદ પડે છે અને પોણાચાર શેર જેટલું પાણી પીવાય તો ખાસ અસર પેદા થાય છે. હચિન્સન યાદ રાખવા જેવું કહે છે કે 'પાણીથી કેટલાક ખોરાકો પોચા પડી લોંદા જેવા બનવાથી ઊલટું એમનું પાચન જલદી થાય છે. ખાતી વખતે પાણી પીવાથી પોષણની ક્રિયા સુગમ બને છે. આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓએ તો ક્યારનું કહ્યું છે કે: अमृतं भुक्तमध्येतु ॥ ભોજન દરમિયાન પાણી અમૃત સમાન છે.

શરીર વિષે પાણીનું એક કાર્ય પેશીઓને ધોઇને તેમાં રહેલાં વ્યયદ્રવ્યોને બહાર ફેંકવાનું છે. પાણીના આ મળશુદ્ધિના કામનું મોટું મહત્ત્વ છે. આ કારણે નજલામાં ને તાવ તથા મધુમેહમાં લોહીમાં શર્કરા વધારે હોય ત્યારે છૂટથી પાણી પીવાની જરૂરત છે. લોહી અને પેશીઓમાં, ત્યાંથી પેશીઓના કોષોમાં, અને ત્યાંથી બહાર, આમ પાણીનું છૂટથી થતું પરિભ્રમણ કોષોના ચયાપચયને ફાયદાકારક છે. આ કારણે જ હચિન્સન પુષ્કળ પાણીનું પાન, કસરત, પરસેવો, માલિશ અને ટર્કિશ સ્નાનની કીમત આંકે છે. મૅક્ફૅરિસન પણ 'પુષ્કળ પાણી પીઓ'ને પોષણશાસ્ત્રનો પહેલો નિયમ—અરે, આદેશ કહે છે. ભાવમિશ્રે પણ 'થોડું થોડું પરંતુ વારંવાર પાણી પીવા'નું ક્યાં નથી કહેલું?

અન્ય પીણાં

આપચામાં, બેચેની વખતે, અને શરીર તપ્યું હોય ત્યારે કેટલાક લોકો પાણીને બદલે સોડા પીવાનું વલણ ધરાવે છે. વધારે દબાણ નીચે પ્રવાહી કે ઘટ્ટ કાર્બન ડાયૉક્સાઇડ પાણીમાં ભેળવીને સોડા વૉટર બનાવાય છે. આમાં સોડા તો બિલકુલ નહિ હોવાથી એનું ખરું નામ તો ઍરેટેડ વૉટર (વાતપૂર્ણ જળ) છે, અને એ જ રીતે એને જાણવું જોઈએ 'હા, આવા પાણીમાં સોડાબાઇકાર્બ નાખ્યો હોય તો સોડાવૉટર નામ યથાર્થ છે. લીથિયામાં લીથિયા સાઇટ્રેટ નં[illegible] છે. લેમન, જિંજર વગેરે પીણાંમાં ખાંડથી ગળ્યા બનાવેલા પાણી[illegible] લીંબુ, આદુ વગેરેની સુગંધ ભેળવી છેલ્લો કાર્બન ડાયૉક્સાઇડ વા[illegible] ભેળવાય છે. આ પીણાં તાળવા સિવાય બીજા કશાને નુકસાનકારક નહિ હોવાનું હચિન્સન કહે છે. (હવે પછી ચા-કૉફી)

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક ૧૯૯૪ અંક ૧૬૭

કોઈ પણ માણસની વયમાં એવો કોઈ ચોક્કસ ગાળો આંકેલો નથી હોતો કે જે વખતે જ એને સિદ્ધિ વરે. આ સાથેનાં દૃષ્ટાંતો બતાવશે કે પ્રતિભા અને પુરુષાર્થ જીવનમાં ગમે તે વયે સિદ્ધિ મેળવી શકે છે—૧૭મે વર્ષે કે ૯૭મે. 'વય અને સિદ્ધિ' નામથી પચ્ચીસ વર્ષ પર આવેલો'એ લેખ આજે પણ એટલો જ પ્રેરક લાગશે :

આપણામાં એક એવી માન્યતા જડ કરી બેઠી છે કે પરાક્રમ, સિદ્ધિ કે મોટાં કામ અમુક વયમાં જ થઈ શકે. નાનપણમાં કે વૃદ્ધાવસ્થાએ, સ્ત્રી કે પુરુષ કોઈ મહાન સિદ્ધિ મેળવવા માટે અશક્ત હોય છે. એ વહેમનું દલીલો આપી ખંડન કરવા કરતાં જગતભરની વિભૂતિઓના અહીં હકીકતો જ રજૂ કરીએ, જે જાતે જ એનો જવાબ આપી રહેશે.

સાધારણ રીતે, વીસ વર્ષ પહેલાંની કુમાર વય, કોઈ અતિ પ્રભાવશાળી કાર્ય કરવાને યોગ્ય નથી ગણાતી. પણ પુરાણકાળના આપણા અભિમન્યુ ને બભ્રુવાહન તથા મધ્યયુગના બાદલ ને શીખ ગુરુ ગોવિંદસિંહની પુત્ર જોડીએ ધર્મ કે દેશ ખાતર ફના થતાં ક્યારે દોઢ દાયકો પણ પૂરો કર્યો હતો? શિવાજીએ પણ દાદા કોંડદેવની પ્રેરણાથી સોળ વર્ષની વયે જ ભગવો ઝંડો ફરકાવ્યો હતો. વળી જોન ઑવ આર્કે ઈ. ૧૪૨૯મા ચાર્લ્સને ફ્રાન્સનો રાજા બનાવ્યો ત્યારે તે ૧૭ જ વર્ષની હતી. આપણા દેશની ગણિતજ્ઞ લીલાવતી ને મિસરની તત્ત્વજ્ઞ હાઇપેશ્યા પણ એવી જ વિભૂતિઓ હતી. અને ઈ. પૂ. ૩૩૮માં શેરોનિયાનું યુદ્ધ જીતેલો સત્તર વર્ષનો સિકંદર તો નાની વયના એ વહેમ સામે સચોટ પડકાર સમો શોભે છે.

બાહુબળની પેઠે મગજશક્તિ માટે પણ નાની વય બાધકર્તા હોવાની ખાલી ગપ જ છે. આપણા પ્રખ્યાત નાટ્યકાર હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયે એમનું જાણીતું નાટક 'અબુ હસન' ચૌદ વર્ષની વયે જ પૂરું કરેલું, ને પંદર વર્ષે એણે લખેલી કવિતાઓ પર તો રવીન્દ્રનાથ સુદ્ધાં મુગ્ધ બનેલા. ફ્રાન્સિસ બેકને તેના મુખ્ય ગ્રંથ 'નોવમ ઑર્ગેનમ'ની સંપૂર્ણ રૂપરેખા પણ પંદરમે વર્ષે લખી કાઢેલી ને પોતાનાં કાવ્યોથી અંગ્રેજી સાહિત્યમાં નામ રાખી જનાર બંગ કવયિત્રી તરુ દત્તે પણ અઢાર વર્ષ પહેલાંની વયે જ એ સિદ્ધિ મેળવેલી.

હવે માનવજીવનનો ત્રીજો દસકો લઈએ, તો ૨૩ જ વર્ષની વયે માર્કોનીએ 'વાયરલેસ ટ્રાન્સમીટર'ની જગતને ભેટ આપી; એટલી જ વયે ન્યૂટને 'બાયનોમિયલ થીઅરમ' શોધી ભૌતિક અને ખગોળશાસ્ત્રનો પાયો નાખ્યો; ને જૉન કીટ્સે પણ પોતાનાં ઘણાંખરાં અમર ગેય કાવ્યો એ જ વયે લખેલાં. વળી એ વયમર્યાદાથી યે એક વર્ષ ઓછી ૨૨ વર્ષની વયે જ મહારાણી લક્ષ્મીબાઈએ ૧૮૫૭નો સ્વાતંત્ર્યજંગ ખેલ્યો હતો.

આટલાંટિક મહાસાગરની પાર એકલપંડે ઊડી ખંડેખંડ વચ્ચેના વ્યવહારને અવકાશ આપનાર કર્નલ લિંડબર્ગ અમેરિકાથી યુરોપ જવા ઊપડચો ત્યારે માત્ર ૨૫ વર્ષનો તરુણ હતો. એટલી જ વયે ચાર્લ્સ ડિકન્સે અંગ્રેજ સ્ત્રીપુરુષોને પેઢીઓ સુધી હસાવનાર પિકવિક પેપર્સ બહાર પાડેલું, ને એટલી જ વયે શ્યામજી કૃષ્ણવર્માએ યુરોપમાં બેઠેબેઠે ભારતીય વિપ્લવનો પહેલો ઘોષ ફૂંક્યો હતો. 'ઈલોપમેન્ટ ફ્રૉમ ધ સીરાલિયો'નો મશહૂર ઑપેરા સર્જનાર મોઝાર્ટે એથી ૧ વર્ષની વધુ વયે એ સર્જેલું, ને એટલી જ આયુમર્યાદામાં જીવી ગએલા કલાપી તો ગુજરાતી સાહિત્યમાં પોતાનું નામ ચિરંજીવ મૂકી ગયા છે. Dr. Livingstone I presumeએ અમર શબ્દો ઉચ્ચારતી વેળા સાહસખેડુ સ્ટૅન્લી એ પણ હજુ ૩૦ વર્ષ નહોતાં વટાવ્યાં.

માણસની વયના ચાળીસ લગભગના ગાળાને સામાન્યઃ આપણે માનવસિદ્ધિની મર્યાદા સમો જ માની બેઠા છીએ. પરંતુ જગતની કેટલી પ્રતિભાઓને એ વયે જ પ્રકાશમાં આણેલી છે! દાન્તીએ એનું 'ડીવાઇન કૉમેડી' ૪૧મે વર્ષે લખ્યું, એટલી જ વયે કોલંબસે અમેરિકા જેવો આખો ખંડ શોધી કાઢ્યો, ને એટલી વયે જ નેપોલિયન બોનાપાર્ટે રોમ, હાલૅંડ, હામ્બુર્ગ અને લુબેક ખાલસા કરેલાં. એથી યે બે વર્ષની નાની વયે આમુંડસેને દક્ષિણ ધ્રુવ શોધેલો. મિસરની પ્રખ્યાત મહારાણી ક્લીઓપેટ્રાએ પણ એ જ વયે રોમના માર્ક ઍન્ટની પર પ્રભુત્વ મેળવેલું, ને ઇટલીનો ફાશિસ્ટ નેતા મુસોલિની પણ એ જ વયે વિજયશ્રીને વરેલો. કૅપ્ટન નેલ્સને અબુકિરનું યુદ્ધ ચાળીસમે વર્ષે જીતેલું, એટલી જ વયે મિલ્ટને એનું 'પૅરેડાઈઝ લૉસ્ટ' લખેલું ને એટલી જ વયે જર્મન વિજ્ઞાની આઈન્સ્ટાઇને એનો સાપેક્ષવાદનો પ્રખ્યાત સિદ્ધાંત જગત સમક્ષ મૂકી, ભૌતિકશાસ્ત્રમાં હલમચલ મચાવી દીધેલી. ડાર્વિને તેનું 'ઓ-

નીચે : ડાબી બાજુથી અનુક્રમે-શિવાજીએ ૧૯મે વર્ષે તોરણાનો કિલ્લો સર કરેલો; બેકને ૧૫મે વર્ષે એના વિખ્યાત ગ્રંથની રૂપરેખા લખી કાઢેલી; જોન ઑવ આર્ક અને સિકંદરે ૧૭મે વર્ષે જ સિદ્ધિ મેળવેલી; ન્યૂટને અને માર્કોનીએ ૨૩મે વર્ષે પોતાની મહાન વૈજ્ઞાનિક શોધો કરેલી.



રિજિન ઑાવ સ્પીસીઝ'તા જિંદગીનો અરધો શતક વીતાવ્યા બાદ જ બહાર પાડેલું.

ને અરધા શતકની—પચાસ વરસની જિંદગી બાદ નામ મૂકી જનાર પણ ઓછા નથી. એક્સ રેની શોધ રૉંજનને ૫૦ વર્ષ ની વયે જ હાથ લાગેલી. સર્વાન્ટિસે 'ડૉન કિહોટ્રે (ક્વિઝોટ) ૫૬ની વયે લખ્યું, કિશોર-સાહિત્યમાં અમર 'ક્રૂઝો' ડીફોએ ૫૮ની વયે, ને ગુલિવર્સ ટ્રાવેલ્સ જૉનાથન સ્વિફ્ટે ૫૯ની વયે લખેલાં. પણ એથી યે સચોટ ઉદાહરણ તો મહાત્મા ગાંધીજીનું છે, જેમણે ૬૧મે વર્ષે ભારત સ્વાતંત્ર્ય અર્થે દાંડીની કૂચ આરભેલી.

પાશ્ચાત્ય દેશોમાં 'ઑાથેલો' ઑાપેરા સંગીત સાહિત્યની અમર કૃતિ ગણાય છે. એના રચયિતા ઈટાલિયન સંગીતકાર જિસેપ વેર્ડી-એ પોતાની ૭૧ની વયે એ રચેલું. આપણા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઈએ કચ્છના વનસ્પતિશાસ્ત્રનું પુસ્તક લખવાની સામગ્રી માટે જર્જરિત દેહે ઊંટ પર આખું કચ્છ ફરી વળી ૭૦ની વયે તે બહાર પડ્યું હતું. વેને-શિયન ચિત્રકાર ટિન્ટોરેટોએ પોતાનાં ઘણાં-ખરાં નામીચાં ચિત્રો ૭૨ની વયે જ ચીતરેલાં ને વૉટર્લૂના પ્રખ્યાત વિજેતા પ્રુશિયન સેના-પતિ બ્યુચરે ૭૩ની વયે એ યુદ્ધ ખેડેલું.

પણ વયના કશા બાધ સિવાય મહાસિદ્ધિ વરવાનો ખરેખરો આંક તો કદાચ ટિશ્યાં નામનો મહાન ચિતારો તોડે છે, જેણે પો-તાનું 'લેપાન્ટોનું યુદ્ધ' નામનું વિખ્યાત ચિત્ર ૯૮ની વયે ચીતરેલું!

આ નક્કર સાબિતીઓ બતાવી આપે છે કે માણસની વયનો એવો કોઈ જ ગાળો નથી જે સિદ્ધિપ્રાપ્તિ માટે અયોગ્ય ગણાય. તો પછી વય સાથે સિદ્ધિના સંબંધનું તૂત આપણે ક્યાં સુધી ચલાવ્યા કરીશું?



૨૩ અને ૩૦ વર્ષ વચ્ચેની ઊગતી જુવાનીમાં જીવન અંકિત કરનારાઓ: ડાબી બાજુથી—કવિ કીટ્સ (૨૩ વર્ષે), કર્નલ લિંડબર્ગ (૨૫) ડિકન્સ (૨૫), મૉઝાર્ટ (૨૬) કર્નલ સ્ટૅનલી (૩૦)



પહેલા ત્રણ ઓગણચાળીસમે વર્ષે સિદ્ધિને વરેલા: આમુંડસેન, ક્લીઓપેટ્રા તથા મુસૉ-લિની; અને પછીના બે એકતાળીસમે વર્ષે: કવિ દાન્તે અને સાહસસફરી કોલમ્બસ



વનમાં પ્રવેશ્યા પછીથી સિદ્ધિ વરેલા: ડાર્વિન (૫૦). ક્ષ કિરણોનો શોધક રૉન્જન (૫૦), ડૉન કિહોટેનો લેખક સર્વાન્ટિસ (૫૬), ડૅનિયલ ડીફો (૫૮) અને જૉનાથન સ્વિફ્ટ (૫૯)



આથમતો જીવનકાળ પણ સિદ્ધિમાં કશી રુકાવટ કરતો નથી એ છેલ્લી હાર બતાવશે. ડાબીબાજુથી: વેરડીએ ૭૧ની વયે ઓાથેલો સંગીતબદ્ધ કર્યું; ટિન્ટોરેટોએ ૭૨મે વર્ષે ઉત્તમ ચિત્રો આલેખ્યાં; બ્લ્યુચરે વૉટર્લૂમાં ૭૩મે વર્ષે વિજય મેળવ્યો; ગ્લૅડસ્ટન ૮૩મે વર્ષે ચોથી વાર ઇંગ્લંડનો મુખ્ય પ્રધાન બન્યો; કવિ ટેનિસને એનાં ઘણાંખરાં સંગીતકાવ્યો પણ એ જ ઉમરે લખ્યાં; ને છેલ્લે, ચિત્રકાર ટિશ્યાંએ એનું 'લેપાન્ટોના યુદ્ધ'નું વિખ્યાત ચિત્ર ૯૮ની ઉમરે આલેખ્યું.

સાહિત્યસંપર્ક

નોબેલ પારિતોષિકના વિજેતા જ્હૉન સ્ટાઇનબેક

આ વર્ષનું સાહિત્ય માટેનું નોબલ પારિતોષિક છઠ્ઠી વાર એક અમેરિકન નવલકથાકાર સ્ટાઈનબૅકને મળ્યું છે. (અગાઉનાં પાંચ છે: પર્લ બક, યૂજિન ઓ'નીલ, સિંકલેર લૂઈ, અર્નેસ્ટ હેમિંગ્વે અને વિલિયમ ફૉકનેર.)

આજ સુધીમાં ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ તથા અન્ય મળીને સત્તાવીસ પુસ્તકો લખનાર સાઠ વર્ષના જ્હૉન સ્ટાઈનબૅકનો જન્મ ઈ. ૧૯૦૨ની બીજી ફેબ્રુઆરીએ કૅલિફૉર્નિયામાં સૅલિનાઝ ખાતે જર્મન પિતા અને આઇરિશ માતાને ત્યાં થયો. પિતા કૅશિયર હતા અને માતા શિક્ષિકા. સૅલિનાઝની હાઈસ્કૂલનું શિક્ષણ પૂરુ કરી સ્ટૅનફર્ડ યુનિવર્સિટીમાં અલપઝલપ અભ્યાસ કરી તેમણે ન્યૂ યૉર્ક ખાતે પત્રકારત્વમાં થોડો કાળ ગાળ્યો. પણ ત્યાં સમાચાર કરતાં તેની મીમાંસામાં વધુ પડતા ઊતરી પડતા હોવાથી તેમને રુખસદ મળી ને એ સ્વતંત્ર લેખનવ્યવસાયમાં પડ્યા. છતાં એમનો મૂળ રસ—શૉખનો વિષય તો વિજ્ઞાન, અને એમાં યે દરિયાઈ જીવવિજ્ઞાનનું શાસ્ત્ર! પણ પેટિયું રળવા માટે લેખન તરફ વળતાં પહેલાં એમણે ખેતમજૂર, સર્વેયર, પ્રયોગશાળાના મદદનીશ, જાગીરના રખેવાળ, એવા અનેકવિધ વ્યવસાય ખેડેલા.

ઈ. ૧૯૩૦માં એમણે મૉન્ટેરી ખાતે કૅરૉલ હેનિંગ સાથે લગ્ન કર્યું તેને આગલે વર્ષે,૧૯૨૯ માં એમણે 'કપ ઑવ ગોલ્ડ' નામની પહેલી નવલકથા લખી, જેમાં એમણે સર હેન્રી મૉર્ગન નામના એક અંગ્રેજના ઐતિહાસિક પ્રેમપ્રકરણને આલેખ્યું છે. આ પુસ્તક વખણાયું તો ખરું. પણ એની માંડ ૧૫૦૦ નકલ ખપી.

એ પછી ૧૯૩૨માં 'પૅશ્ચર્સ ઑવ હેવન' અને ૧૯૩૩માં લખેલી 'ટુ એ ગૉડ અનનોન' એ બંનેનું સંયુક્ત વેચાણ તો ૧૫૦૦ કરતાં યે ઓછું થયું; અને આ બધાં વર્ષો એમણે કપરી ગરીબીમા ગાળ્યાં. પરંતુ બે વર્ષ બાદ ૧૯૩૫ માં લખેલી 'ટૉર્ટિલા ફ્લૅટ' સફળ નીવડી. મધ્ય કૅલિફૉર્નિયાના કંઠાળ પ્રદેશનાં સ્થૂળ પાત્રોનું પાર્થિવ આલેખન કરતી એ કથાની આઠ આઠ આવૃત્તિઓ થઈ અને એક સિદ્ધહસ્ત લેખક તરીકે એમને માન્યતા મળી. એમાં એ દલિતોના સુહૃદ તરીકે પ્રથમવાર પ્રકાશ્યા.

પછીને વર્ષે ૧૯૩૬માં લખેલી 'ડૂબિયસ બૅટલ'માં હડતાળો અને હડતાળ-તોડુઓની વાત છે; અને ૧૯૩૭માં લખેલી 'ઑવ માઈસ ઍન્ડ મેન'માં કૅલિફૉર્નિયાના ખેતર પરના બે કંગાલ ખેડૂતોની વિશાદભરી સંવેદનશીલ કહાણી એમણે વણી છે. સામાજિક અન્યાયો સામે કોપની ચિત્કાર કરતી એ કથાએ એમને પ્રતિષ્ઠિત લેખકોની પંક્તિમાં મૂકી દીધા.

પણ એમની વિવેચકોએ વધાવી લીધેલી અને એમને સિદ્ધહસ્ત સાહિત્યકાર તરીકે સ્થાપનારી એમની જગવિખ્યાત નવલકથા તો 'ગ્રેઈપ્સ ઑવ રૅથ' (૧૯૩૯). ત્રીસીના દાયકામાં નૈઋત્ય પ્રાંતોનો દુષ્કાળગ્રસ્ત પ્રદેશ ત્યજીને કૅલિફૉર્નિયાની ફળદ્રુપ ધરતીમાં વસવા જઇ રહેલાં ગરીબ હિજરતી કિસાન કુટુંબોની યાતનાઓનું એમાં રોષભર્યું—ને અલબત્ત કરુણાભર્યું આલેખન છે. બીજે જ વર્ષે, ૧૯૪૦ માં એને અમેરિકાનું શ્રેષ્ઠ પુલિત્ઝર પારિતોષિક મળ્યું, અને એના ઉપરથી જે ચલચિત્ર ઊતર્યું તેને પણ પારિતોષિક પ્રાપ્ત થયું. એની સામે એવો તો પ્રબળ વિરોધ ઊઠેલો કે તેનો પ્રતિબંધ થયો અને તેની હોળી કરવામાં આવી. છતાં લોકો ચોરીછૂપીથી માગીને પણ તે લઇ જતા. અને પછી તો એના પર ટંકશાળ પડી. ગરીબોનાં દારુણ દુ:ખોની એ દિલદ્રાવક કથા, ગુલામોની અવદશા આલેખતા મિસિસ હૅરીએટ બીચર સ્ટોના જગવિખ્યાત પુસ્તક 'અંકલ ટૉમ્સ કૅબિન'ની હરોળમાં મુકાઈ છે. એ પુસ્તકે એના લેખક સ્ટાઇનબૅક તથા એના મુખ્ય પાત્ર-કુટુમ્બ જોડ્સનાં નામને ઘેરેઘેર ગાજતાં કરી મૂકયાં.

એ પછી 'ઇસ્ટ ઑવ ઇડન' પણ એમનો શિરટોચ સમો ગ્રંથ છે. એમાં શાણપણ ને અજ્ઞાન, તેજ અને તિમિર, સદ અને અસદ



યુવાન વયે] સ્ટાઈનબૅક [આજે

શબ્દકથા: ઘણ

'ઘણ'ના બે સ્વતંત્ર અર્થ છે: એરણ સાથે વપરાતો મોટો હથોડો, અને લાકડામાં થતો એક પ્રકારનો કીડો. જોકે મૂળમાં તો અલગ અલગ બે શબ્દ છે: સંસ્કૃત 'ઘન' અને 'ઘુણ'.

એ 'ઘુણ' ઉપરથી ઉકારનો અકાર થઇને ગુજરાતીમાં 'ઘણ' થયો છે. ગુજરાતીની આ વિશિષ્ટતા છે. હિન્દીમાં ઉકાર જળવાઈ રહે છે. એટલે તો હિન્દીમાં 'ઘુન' શબ્દ છે. તે જ પ્રમાણે 'લુનના'ને 'લણવું', 'બુનના' ને 'વણવું' વગેરે થયા. ગુજરાતીઓ 'મુકુન્દ'નું 'મકન' ને 'તુલસી'નું 'તળશી' કરે છે એ આક્ષેપ પણ આ જ વિશિષ્ટતા પ્રત્યે આંગળી ચીંધે છે. પણ ઉચ્ચારપરિવર્તનની આવી કોઈ નહિ ને કોઈ વિશિષ્ટતા તો દરેક ભાષામાં હોય છે.

'ઘુણ' કે 'ઘણ'નો સાહિત્યે સારો કસ કાઢ્યો છે. સંસ્કૃતમાં 'ઘુણાક્ષરન્યાય' જાણીતો છે. લાકડું કોરતાં કીડો અકસ્માત કોઈ અક્ષર કે વર્ણને મળતો આકાર કોરી કાઢે, તેમ કશું અકસ્માત—જોગેજોગ મળતું આવે ત્યારે તે ઘુણાક્ષરન્યાયે થયું કહેવાય.

'ઘણ'ને લગતાં બે પ્રાચીન સુભાષિત પણ રસપ્રદ છે. 'ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાણે' એ. કહેવતને મળતું એક સુભાષિત આમ છે:

'ભમરઉ જાણઈ રસવિરસ, જો સેવઈ વણરાઈ,
ઘુણઉ કિ જાણઈ બપ્પુડા, જો સુક્કઉ લક્કડ ખાઈ'.

એટલે કે 'વનરાજિને સેવતો ભ્રમર જ શું રસવાળું ને શું નીરસ એનો ભેદ જાણે; સૂકું લાકડું ખાતો ઘાણયો બાપડો રસવિરસ શું જાણે?'

બીજું સુભાષિત છે:

'લૂણહ ઘુણહ કુમાણુસહ, એ ત્રિહું એક સહાઉ,
જિહિ જિહિ કરઈ અવાસડઉ, તિહિ તિહિ ભંજઈ ઠાઉ.'

એટલે કે 'ઘરમાં લાગતા લૂણાનો, ઘણનો ને કમાણસનો—ત્રણેનો એક જ સ્વભાવ: જે ઠેકાણે રહે તેનો જ તેઓ નાશ કરે.'

આપણી લોકકથામાં અધિકમાસની કથાઓમાં 'ઘણિયા'ને 'ઘણકી'ની વાત જાણીતી છે; મેઘાણીએ સંગ્રહીત પણ કરી છે.

હરિવલ્લભ ભાયાણી

વચ્ચેના સનાતન સંઘર્ષમાં આલેખાએલી સમતુલા અને વિજયની વાત છે. એ જ વસ્તુ એમના તાજેતરના પુસ્તક 'ધ વિન્ટર ઑવ અવર ડિસ્કન્ટેન્ટ'માં ફરીથી નિરૂપાયું છે.

એ પછી બીજો જુવાળ આવ્યો 'ધ મૂન ઈઝ ડાઉન' નામની કથાથી. આક્રમણનો ભોગ બનેલા એક અનામી (હકીકતમાં નૉર્વે) દેશની કહાણી પર આધારિત એ નવલકથાએ એમને 'નાઝીઓના સમભાવશીલ'નું લેબલ લગાડયું, જ્યારે નાઝીઓએ એમને 'યહૂદી' કહીને ભાંડયા! એ જ રીતે 'ગ્રેઈપ્સ ઑવ રૅથ'ને કારણે એ સામ્યવાદી વલણવાળા તરીકે પણ વગોવાએલા. પણ એ બંને મૂલ્યાંકનો ખોટાં છે. વસ્તુતઃ તો એ માનવતાવાદી જ છે.

એમની બીજી એક જાણીતી વાર્તા 'ધ પર્લ' મેક્સિકોની દંતકથા પરથી આલેખાએલી ટૂંકી નવલ છે. 'ભોળા, અણુપઢ, આદિવાસી માનવીના કલ્લોલમય જીવનમાં પ્રવેશતી તૃષ્ણાએ મચાવેલા હાહાકારને આલેખતી એ દિલચસ્પ વાર્તાના નાયકમાં છેવટે જ્ઞાનનો ઉદય થાય છે. અને વાચકને એ પ્રતીતિ કરાવે છે કે સુખશાન્તિ તૃષ્ણામાં નહિ પણ તુષ્ટિમાં સમએલી છે' શ્રી ગોપાળદાસ પટેલે 'મોતીની માયા' નામથી ઉતારેલી એ વાર્તા હમણાં જ ગુજરાતીમાં બહાર પડી છે.

પણ આ બધી કૃતિઓથી ભિન્ન એવું સ્ટાઈનબેકનું મનોહારી રૂપ પ્રકાશતી વાર્તાઓ પણ છે: 'ટૉર્ટિલા ફ્લૅટ' જેવી...

પણ આ બધી કૃતિઓથી ભિન્ન એવું સ્ટાઈનબેકનું મનોહારી રૂપ પ્રકાશતી વાર્તાઓ પણ છે: 'કૅનેરી રો', 'સ્વીટ થર્સ્ડે' ને 'વેવર્ડ બસ'. અને આ જ વર્ષે (૧૯૬૨માં) બહાર પડેલા 'ટ્રાવેલ્સ વિથ ચાર્લી ઈન સર્ચ ઑવ અમેરિકા' નામના પુસ્તકમાં પણ એક 'નવા' જ સ્ટાઈનબેકનું દર્શન થાય છે. ચાર્લી નામના પોતાના ફ્રેન્ચ કૂતરા સાથે આજના અમેરિકનોની સાચી પિછાન મેળવવા યોજાએલા પ્રવાસનું એમાં રસિક, અનૌપચારિક ને મનોરમ આલેખન છે.

એ ઉપરાંત ધ લૉંગ વેલી, ધ ફર્ગોટન વિલેઈજ, સી ઑવ કોર્ટેઝ, બૉમ્બ્ઝ અવે, અને ધ સ્ટોરી ઑવ એ બૉમ્બર ટીમ વગેરે એમની અન્ય કૃતિઓ છે.

ઊંચી પડછંદ કાયા અને ઊંડી ભૂરી આંખોવાળા (અને હવે દાઢી ઉગાડતા) સ્ટાઈનબેકનું શરૂનું જીવન બહુ ગરીબીમાં વીતેલું. લગ્ન પછી એક બોટ ખરીદીને એમણે માછીમારીનો વ્યવસાય કરેલો જેણે એમની નજીવી આવકમાં સારો ઉમેરો કરી આપ્યો. ૧૯૪૨માં એમણે છૂટાછેડા લીધા. એમને કોઈ સંતાન નથી.

શાંત ધીમા અવાજે બોલતા અને અત્યંત ઓછાબોલા આ લેખક પ્રકૃતિએ એટલા શરમાળ છે કે ૧૯૪૦માં એમને પુલિત્ઝર પારિતોષિક મળ્યું ત્યારે વિવેચકોને મુલાકાત આપવાની પણ એમણે આનાકાની કરેલી.

સ્ટાઈનબેકનાં સર્જનો વિષે વિવેચકોમાં ભિન્ન મતો પ્રવર્તે છે. 'ગ્રેઈપ્સ ઑવ રૅથ' જેવી કૃતિઓને બાદ કરતાં એમની સરજત બહુ ઊંચી કક્ષાની નથી ગણાતી. અને તેથી જ એમને નોબેલ પારિતોષિક મળ્યાની જાહેરાતથી બીજા અનેક સાથે એમને પોતાને પણ આશ્ચર્ય થએલું! પરંતુ એ ઈનામ આપનારી સ્વીડિશ ઍકેડેમીના મંત્રીના કહેવા મુજબ વચ્ચેના નબળા ગાળા બાદ 'ધ વિન્ટર ઑવ અવર ડિસ્કન્ટેન્ટ'માં એ પાછા પોતાની સર્વોચ્ચ કક્ષાએ પહોંચી ગયા છે.

બીજું એક કારણ એ પણ હોય કે હમણાંહમણાંમાં નોબેલ ઈનામો બહુ ઓછી જાણીતી વ્યક્તિઓને અપાતાં રહ્યાં હોવાની ટીકા થઈ હતી. એ દૃષ્ટિએ જોતાં આ વર્ષે ઈનામ મેળવનાર સ્ટાઈનબેક એટલા જગજાણીતા છે કે એમની કૃતિઓ દુનિયાની જુદીજુદી ૩૩ ભાષાઓમાં અનુવાદિત થઈ છે.

વોરા ઍન્ડ કંપનીનાં નવાં પ્રકાશનો

કુમકુમ અને આશકા: ગુજરાતની તવારીખના એક અગત્યના સીમાચિહ્નસમા કાળમાં થએલા મહમદ ગઝનીના આક્રમણની સાથે એક વિખ્યાત પ્રણયકિસ્સાને કેન્દ્રસ્થ કરી ગૂંથેલી નવલકથા. લેખક ચૂનીલાલ મડિયા, (૮-૦૦). **બંધવિમોચન:** નાટયાત્મક પ્રસંગોની હારમાળાવાળી સામાજિક કરુણાની નવલકથા, લેખક ચંદ્રવદન શુક્લ, (૪-૦૦). **સમર્પણની વાતો અને ઐતિહાસિક વાર્તાઓ** (દરેકના ૧-૭૫): કિશોર કુમાર ભોગ્ય વાચનના બે સચિત્ર વાર્તાસંગ્રહો: લેખક 'ધૂમકેતુ'. વળી ટૂંકી વાર્તાઓ ઉપરથી લાંબી નવલકથાઓ પર ઊતરી જનાર એ જ લેખકે ફરી ટૂંકી વાર્તાઓ પર કલમ ચલાવી એમાંનો કેટલોક ફાલ **નિકુંજ** નામે પણ પ્રકટ થયો છે (૩-૫૦). **દર્પણ:** આ છે એવા જ પ્રતિષ્ઠિત લેખક પન્નાલાલ પટેલની ટૂંકી વાર્તાઓનો નાનકડો સંગ્રહ, જેમાંની વાર્તાઓ કિશોરોને લક્ષમાં રાખીને ચૂંટેલી છે (૧-૭૫). **દયાની દેવી:** ત્રસ્ત માનવોની સેવા કાજે ગાંઠને ખર્ચે ચીન જઈ ત્યાંના લોકોની સેવા કરનાર એક સામાન્ય વિદેશી નારીના પ્રેરણાત્મક જીવનની સત્યકથા (૧-૫૦); **જમીનનો જાદુગર:** મહાન અમેરિકન હબસી વૈજ્ઞાનિક ડૉ. કાર્વરની જીવનકથા (૧-૨૫). બંનેના લેખક ઇશ્વરભાઇ પટેલ. આ ઉપરાંત સાહસકથાઓના રસિયા વાચકોમાં ખૂબ જ ઊંડી લોકચાહના મેળવનાર **ટારઝનનાં પરાક્રમોની** એક સચિત્ર સાહસમાળા પ્રકટ થાય છે, જેમાં અત્યાર સુધીમાં ટારઝન કોણ? ટારઝન વનની વાટે, ટારઝન જંગલસમ્રાટ, ટારઝનના મદદગારો, ટારઝનનો વારસો, ટારઝન સોનાની નગરીમાં (દરેકના ૧-૨૫), ટારઝન અને નવલખાં રત્નો, ટારઝન ખોવાએલા સામ્રાજ્યમાં તથા ટારઝન અને પરદેશી ટુકડી (દરેકના ૧-૫૦) એટલી વાર્તાઓ પ્રકટ થઈ છે. આ દરેક કથા કિશોરોને ખયાલમાં રાખીને લખાઇ છે. લેખક નવનીત સેવક.

સંક્ષિપ્ત આવૃત્તિઓ

પહાડનાં પુષ્પો: રાજસ્થાનની એક પ્રસિદ્ધ ઐતિહાસિક કથા (૨-૦૦); **સ્નેહયજ્ઞ** એક પ્રસિદ્ધ સામાજિક નવલકથા (૨-૦૦). બંનેના લેખક રમણલાલ વ. દેસાઈ. **ઊગ્યું પ્રભાત:** જીવનના અંધકાર વચ્ચે પ્રકટતી માનવીની શ્રદ્ધાનાં કિરણોની પીતાંબર પટેલની કથા (૧-૭૫). **અમાસના તારા:** કિશનસિંહ ચાવડાના લેખોમાંથી કિશોર માનસને પથ્ય પ્રસંગોનું તારણ (૧-૫૦). **વ્યાજનો વારસ:** ચૂનીલાલ મડિયાની જાણીતી નવલકથાનો સંક્ષેપ (૨-૨૫) **ભાઇબીજ:** 'કોલક'ની નવલકથાનો સંક્ષેપ (૨-૦૦).

કેટલાંક અનુવાદિત પ્રકાશનો

રૂપેરી સરોવરને કિનારે: લૉરા ઈન્ગલ્સ વાઇલ્ડરના 'બાઈ ધ શૉર્સ ઑવ ધ સિલ્વર લેઈક'નો અનુવાદ કરનાર પ્રહ્લાદ પારેખ (૩-૦૦). **ધરતીનાં છોરુ:** ઑલ ઇ. રૉલ્વાગના 'જાયન્ટ્સ ઑવ ધી અર્થ'નો હરીન્દ્ર દવેએ કરેલો અનુવાદ (૧-૨૫). આ બંને પુસ્તકોમાં અમેરિકન વસાહતીઓના જીવનસંઘર્ષની અને એમના નિતનવા અનુભવોની પ્રેરક કથાઓ છે. **સાહસની શ્વેત ભૂમિ:** અઢારમી સદીના પ્રારંભથી માંડીને છેલ્લા આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ દરમ્યાન દક્ષિણ ધ્રુવ માટે થએલી શોધ-સંશોધનોની સફરોનો ઇતિહાસ આલેખતા વૉલ્ટર સલિવાનના 'વ્હાઈટ લૅન્ડ ઑવ ઍડવેન્ચર'નો પ્રેરક અનુવાદ, કર્તા: મધુકર રાંદેરિયા (૨-૦૦). **પુરુષાર્થને પગલે:** નીના બ્રાઉન બેકરના 'નિકલ ઍન્ડ ડાઈમ-વૂલવર્થ સ્ટોરી'ના આ અનુવાદમાં ફ્રાન્ક વૂલવર્થ નામના એક પ્રખ્યાત વેપારીના પુરુષાર્થી જીવનની ગાથા છે. અનુવા-


દક કુંદનિકા કાપડિયા (૧-૭૫). **પૃથ્વીનાં પનોતાં**: વસુંધરાના વહાલાં દવલાં એવા લોકોનાં જીવનની માનવતા, લાગણીઓ અને પ્રેમની સરવાણીઓનું આલેખન કરતી વિક્ટર હ્યુગોની પ્રખ્યાત કથા 'ધ લાફિંગ મૅન'નો સંક્ષિપ્ત અનુવાદ, કર્તા શાંતિલાલ શાહ-'સત્યમ્' (૧-૭૫). **કાળપ્રવાસ**: આઠ લાખ વર્ષ પછીની દુનિયામાં ડોકિયું કરાવતી એચ. જી. વેલ્સની જાણીતી વિજ્ઞાનકથા 'ટાઇમ મશીન'નો રમણલાલ સોનીએ કરેલો અનુવાદ (૧-૭૫). **ગગનપુત્રી** ગંગળના ગ્રહ પર જઇ વસેલી માનવજાતની પુત્રી 'અલીતા'ની એલેક્સી ટૉલ્સ્ટૉયે લખેલી એક કલ્પનાકથાનો અનુવાદ—કરનાર: બટુક વોરા (૧-૭૫). **અવકાશયાત્રા**: પ્રેમેન્દ્ર મિત્રની એક બંગાળી સાહસકથાનો શ્રીકાંત ત્રિવેદીએ કરેલો સરળ અનુવાદ (૨-૦૦). ગાંધીજીએ પણ જેના કેટલાક વિચારોને આદર્શ ગણેલા એ **મહાત્મા થૉરોની વિચારસૃષ્ટિ**: અનુવાદક નટવરલાલ માળવી (૨-૫૦). **મિડ-સમર નાઈટ્સ ડ્રીમ**: શેક્સપીઅરનાં એ જગપ્રસિદ્ધ નાટકની વાર્તારૂપે રજૂઆત. કરનાર: રાજેન્દ્ર રાવળ, (૧-૫૦). **અમને ઓજાર આપો**: અપંગતાને કારણે જ બેકાર રખડતા લોકોને કામે લગાડવા સારુ એક અનેરી સંસ્થા સ્થાપનાર હેન્રી વિસ્કાર્ડીના લખેલા બયાન 'ગિવ અસ ધ ટૂલ્સ'નો ધનસુખલાલ મહેતાએ કરેલો અનુવાદ (૩-૦૦). **મુક્તિદાતા લિંકન**: રૉબર્ટ એમૅટ શેરવૂડના 'એઇબ લિંકન ઈન ઇલિનૉઇ' નામે નાટકનો અનુવાદ, કરનાર: મધુકર રાંદેરિયા (૨-૦૦). આ ઉપરાંત અમેરિકા અને ત્યાંના પ્રજાજીવનનાં વિવિધ પાસાંઓનો વિગતવાર પરિચય આપતા આ અનુવાદો પણ વાંચવા જેવા છે: **અમેરિકાનો સંક્ષિપ્ત ઇતિહાસ** ફ્રૅંકલિન એસ્ચરના 'એ શૉર્ટ હિસ્ટરી ઑાવ ધ યુનાઈટેડ સ્ટેઈટ્સ'નો નગીનદાસ સંઘવીએ કરેલો અનુવાદ (૩-૦૦); **અમેરિકન શ્રમજીવન** જેઈમ્સ માયર્સ અને હૅરી લૅડરના 'વૉટ ડુ યુ નો ઍબાઉટ લૅબર?'નો હરિન્ શાહે કરેલો અનુવાદ (૩-૦૦); **અમે અમેરિકન લોકો**: અમેરિકનોના સ્વભાવ ને વતનની સમીક્ષા કરતા ઍડવર્ડ સ્મિથના 'વ્હાઈ વી બીહેઇવ લાઇક અમેરિકન્સ'નો અમૃતલાલ યાજ્ઞિકે કરેલો અનુવાદ (૩-૦૦); અને **વીસમી સદીના અમેરિકામાં ધર્મનું સ્થાન** હર્બર્ટ વૉલેસ સ્નાઈડરની કૃતિ પરથી મનુભાઇ મહેતાએ કરેલો અનુવાદ (૫-૦૦).

શતરંજ

લેખક · સુરેશ મોદી

રાજા અને પ્યાદા વિરુદ્ધ રાજા અને પ્યાદું

આવી સ્થિતિમા સાધારણ રીતે ડ્રૉ જ થાય. છતાં જો (૧) બંનેનાં પ્યાદાં જુદીજુદી પંક્તિઓ પર હોય અને તેથી એકનું પ્યાદું વહેલું વજીર બને ને સામાનું પ્યાદું મારી શકે, (૨) બન્નેનાં પ્યાદાં સાથે વજીર થાય તેમ હોય પણ એકનો વજીર થતાં જ રોક આપતો હોય, (૩) બન્ને વજીર થાય છતાં એક વજીર બીજા વજીરને મારી શકે, કે રાજાને મ્હાત કરી શકે તેમ હોય અથવા તો (૪) બન્નેનાં પ્યાદાં એકબીજાંને અટકાવતાં હોય પણ એક રાજા સામા પક્ષના પ્યાદાને મારી શકે તેમ હોય તો રમત કદાચ ડ્રૉમાં ન પણ જાય. આવા બે દાખલા જોઇએ:




ઉપરના ચિત્રમાં જમણી બાજુમાં બનેનાં પ્યાદાં વજીર થાય છે, પણ છતાં સફેદ જીતે છે. જુઓ: 1 P–B7, P–R7; 2 P–B8(=Q), P–R8 (=Q); 3 Q–B3ch, K–N8 (જો 3..., K–R7; 4 Q–N3 mate) 4 Q–K3 ch., Q–B8; 5 Q–B1 ch, K–N7; 6 Q–Q2 ch, K–N8; 7 Q–K1 ch, K–N7; 8 Q–K2 ch, K–N8; 9 K–N3! હવે 10 Q–B2 mate થતું અટકાવવાનો એક રસ્તો છે. 9..., Q–R7 ch; 10 Q×Q ch, K–B8. પણ હવે 11 Q–B2 mate. 10–Q–B2 mate અટકાવવાનો બીજો રસ્તો છે. 9..., Q–B6 ch. હવે સફેદ જો ઉતાવળમાં 10 Q×Q રમે તો રમત ડ્રૉ થાય પણ 10 K×Q પછી 11 Q–N2 mate.

હવે ઉપરની આકૃતિમાં ડાબી બાજુ જોઇએ. અહીં સફેદ જ જીતે છે. કાળાની ચાલ હોય તો તેને પ્યાદાથી દૂર જવું પડે અને સફેદ પ્યાદું મારીને પોતાના પ્યાદાથી જીતે. જો સફેદની ચાલ હોય તો 1 K–B7, K–R1; 2 K×P, K–N1; 3 K–R6 રમીને જીતે છે.

રાજા અને બે પ્યાદાં વિરુદ્ધ રાજા

જ્યાં સામા પક્ષનો રાજા બંને પ્યાદાંને મારી શકે તેમ હોય કે એકને મારીને બીજાને વજીર થતું અટકાવી શકે તેમ હોય તે (આ સ્થિતિ ભાગ્યે જ આવે છે) સિવાય આવી સ્થિતિ જીતમાં જ પરિણમે છે.

અહીં self–supporting (એકબીજાથી રક્ષણ મેળવતાં) પ્યાદાં વિશે જોઇ લઈએ.



ઉપરની જમણી બાજુની સ્થિતિમાં બન્ને પ્યાદાં એકબીજા વડે રક્ષણ મેળવતાં જણાય છે. NPનું રક્ષણ BP આડકતરી રીતે કરે છે. જો કાળો રાજા BPને મારે તો તે NPની કૉર્નરની બહાર નીકળી જાય અને તેથી તેને વજીર થતો અટકાવી શકાય નહિ. જો સફેદનો રાજા પ્યાદાંથી દૂર હોય તો તેણે પ્યાદાંને આ જ સ્થિતિમાં રાખીને રાજાને નજીક લાવવો જોઇએ. દરમિયાન બન્ને પ્યાદાં એકબીજાંનું રક્ષણ કરે અને રાજા નજીક આવ્યા પછી તે પોતાની સાથે પ્યાદાંને આઠમી હરોળ સુધી સહેલાઈથી પહોંચાડી શકે. ઉપરની ડાબી બાજુની પણ બન્ને પ્યાદાં એકબીજાનું આડકતરી રીતે રક્ષણ કરે છે. જુઓ:

1..., K–R4; 2 P–B5. (જો ...1, K–B4, 2 P–R5.) અને હવે જો રાજા RPને મારે તો BP વજીર થઈ જાય અને ન મારે તો BPને વજીર થતું અટકાવવા R3, N2 થઇને B3 પર આવવું પડે. પણ તે N2 ઉપર આવે ત્યાં સફેદનું બીજું પ્યાદું પણ પાંચમી હરોળ ઉપર આવી જાય અને ફરી પાછી સ્થિતિ ઉપર જેવી થઈ ગઈ. ફક્ત બન્ને પ્યાદાં એક-એક હરોળ આગળ વધ્યાં. આમ ધીરેધીરે પ્યાદાં આગળ વધે અને સાથે સાથે રાજા પણ નજીક આવતો જાય.

બે પ્યાદાં જ્યારે એકબીજાથી બહુ દૂર હોય ત્યારે પણ જીતવું સહેલું છે. રાજા એક પ્યાદાને મારવા જાય ત્યાં બીજું આગળ વધે અને તે રીતે રાજા તેની કૉર્નરમાંથી બહાર રહી જાય.





ડાબી બાજુ: માડાગાસ્કરની નવી ટિકિટો; જમણી બાજુ: યુગાન્ડાની.

નવી ટિકિટો

ગયા માસ (ઑક્ટોબર)ની ૯મી તારીખે યુગાન્ડા સ્વતંત્ર થયું તેના સ્મરણમાં એણે મોટા ફર્સ્ટ-ડે કવર સાથે બાર ટિકિટોનો નવો સેટ બહાર પાડયો છે; તે પૈકી ૨ શિલિંગ, ૫ શિ૦, ૧૦ શિ૦ અને ૨૦ શિ૦ સિવાયની આઠ ટિકિટો અહીં આપી છે. એના ઉપર ત્યાંની ખેતી, પશુસૃષ્ટિ, વેપાર-ઉદ્યોગ આદિનું નિદર્શન છે: પાંચ સેન્ટની ટિકિટ પર ત્રાંબાની ખાણ, દસ સેન્ટ પર તંબાકુની ખેતી, પંદર સેન્ટ પર કૉફીની ખેતી; વીસ સેન્ટ પર અંકોલ પશુ; ત્રીસ સેન્ટ પર કપાસની ખેતી; પચાસ સેન્ટ પર 'માઉન્ટન્સ ઑવ ધ મૂન'; એક શિલિંગ પર મુલંગોની ઑસ્પિટલ; દોઢ શિલિંગ પર રૂબાગા અને નામી રેમ્બેનાં દેવળો તથા કિબુલીની મસ્જિદ. (મોકલનાર: સર્વશ્રી માધવજી ડાહ્યા-ઇરિંગા, અરવિંદ પટેલ-કંપાલા, જયંતીલાલ ઠક્કરાર-તોરોરો, એમ. સી. દલવાડી-જિંજા, પી. જે. રાવળ-જિંજા, એચ. ડી. શાહ-કંપાલા, બલવંત નાયક-મસાકા.)

માડાગાસ્કરે પણ ઑક્ટોબરની ૧૮મી તારીખે ઔદ્યોગીકરણની ચાર નવી ટિકિટો બહાર પાડી છે—બે આડી ને બે ઊભી: ૧) પાંચ ફ્રાંકની ઊભી ટિકિટ પર મંદ્રાકાનું હાઇડ્રોઇલેક્ટ્રિક વર્કસ, ૨) આઠ ફ્રાંક (આડી) પર ઍટમિક શક્તિનું કારખાનું, ૩) ૧૦ ફ્રાંક (ઊભી) પર તેલ-સંશોધનનું કારખાનું અને ૪) પંદર ફ્રાંક (આડી) પર 'ગાસીકારા' સ્ટીમર જે તેલવાહક તરીકે કામ કરશે. એ ઉપરાંત ૩૦ ફ્રાંકની ધ્વજ-વાળી આડી ટિકિટ 'આફ્રિકન યુનિયન' પ્રસંગની છે, ને તેની નીચેની ૨૦ ફ્રાંકની ટિકિટ એ દેશને યુનેસ્કોમાં સભ્યપદ મળ્યું તે પ્રસંગની છે. (મોકલનાર: શ્રી ફિદાહુસેન મોહમદભાઈ-મજુંગા, માડાગાસ્કર.)



નેપાળે પોતાના કવિઓના સ્મરણમાં બહાર પાડેલી ટિકિટમાળા પૈકીની ઉપરની ત્રણ, તે તે કવિઓના જન્મ દિવસે બહાર પડેલી. (મોકલનાર: શ્રી કમલ દીક્ષિત-કાઠમાંડુ)

આ માસની ૧૪મીએ (બડા પ્રધાન નેહરુના જન્મદિને) બાળદિન પ્રસંગે બહાર પડેલી ૧૫ નયા પૈસાની ભારતી ટિકિટ.





માધુકરી

ભલે અમાસ આસોની અંધકારે ભરીભરી,
દીપમાળા થકી એનું માંગલ્ય પ્રગટાવીએ;
ને નવા વર્ષનું વ્હાણું સોનેરી રજથી ભર્યું
નવી આશા લઈ જેમ અમાસ મહીંથી ઊગે
તેમ આ નવલા આ વર્ષે ઓતરાદાં ઝળૂંબિયાં
જાઓ સૌ ઓગળી સદ્યે દળવાદળ આપણાં
રાષ્ટ્રતેજે, અને ઊંચાં હિમાદ્રિશિખરો પરે
ઊઠો ઝળહળી ભાનુ વિશ્વની મુક્તિ-શાન્તિનો!–સ્નેહરશ્મિ

સર કાવસજી જહાંગીર

જાહેર સેવા અને ઉદાર સખાવતોથી પ્રખ્યાત થએલા ખાનદાનના એક ઉમદા નબીરા અને ગર્ભશ્રીમંત વેપારી તથા કલાના આશ્રયદાતા સર કાવસજી જહાંગીરનું ગઈ ૧૧મી ઑક્ટોબરે ૮૩ વર્ષની ઉમરે મુંબાઈમાં અવસાન થયું. પેઢીપરંપરાથી ઊતરી આવેલી લક્ષ્મીને જ કારણે નહિ પરંતુ પોતાની વ્યાપારી કુનેહ, વહીવટી કુશળતા અને અભિજાત ચારિત્ર્ય વડે તે એવી સુવાસ મૂકી ગયા છે કે ગુજરાતે પોતાનું એક મોંઘું નાગરિક રત્ન ગુમાવ્યાની ખોટ અનુભવી.

ઈ. ૧૮૭૯ની ૧૯મી ફેબ્રુઆરીએ મુંબાઈમાં જન્મી ત્યાંની સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને પછી કેમ્બ્રિજમાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરીને ઈ. ૧૯૦૪માં માત્ર પચ્ચીસ વર્ષની તરૂણ વયે એમણે મુંબાઇ મ્યુનિસિપાલિટીના સભ્યપદથી જાહેર જીવનની શરૂઆત કરી, અને ૧૯૨૦માં તેના પ્રમુખપદે પહોંચ્યા બાદ ઉત્તરોત્તર મુંબાઈની ધારાસભા, મુંબાઈ સરકારની કાર્યવાહક સમિતિ,દિલ્હી સરકારની કાઉન્સિલ અને ૧૯૩૦-૩૨ની લંડનની ગોળમેજી પરિષદ તથા આર્થિક પરિષદોમાં સભ્યપદે ચડતા ગયા,—વિનીતમતના રાજપુરુષ હોવાને કારણે નહિ પણ પોતાની સ્વતંત્ર વિચારસરણી, સત્યનિષ્ઠા અને નિઃસ્વાર્થ લોકસેવાની ભાવનાને બળે. ૧૯૩૬ની લખનૌની વિનીતોની પરિષદને પ્રમુખસ્થાનેથી એમણે આગામી દસ વર્ષમાં ભારત માટે ડોમીનિયન સ્ટેટ્સની ઘોષણા કરેલી. મુંબાઈ શહેરની સેવાઓએ એમને જે. પી. તો ક્યારના બનાવેલા, અને કુટુંબની પરંપરાગત બૅરોનેટ્સી એમને મળી તે પહેલાં એમને નિજી ઓજસ્વિતાથી 'સર'નો ઈલ્કાબ મળેલો.




પોતાની કોમની પ્રગતિ અને વિકાસને માટેની ઉદાર સખાવતો સાથે એમનો દાનપ્રવાહ બધા સીમાડાઓ વટાવીને વહેલો. કલાના એ પુરસ્કર્તાનો અંગત સંગ્રહ અનેક પ્રાચીન-અર્વાચીન ચિત્રો, શિલ્પો તથા અન્ય કલારત્નોથી સમૃદ્ધ છે, અને મુંબાઇની જહાંગીર આર્ટ ગૅલેરી એમના એ કલાપ્રેમનું પરિણામ અને પ્રતીક છે. કુશળ વેપારી ને બેંકર, સહૃદય જનસેવક અને સમુદાર એ કલાપ્રેમી એક અભિજાત મહામાનવ તરીકે સદા સ્મરણીય રહેશે.

મુનિશ્રી પુણ્યવિજયજી

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા પ્રાકૃત ભાષાસાહિત્યના સુપ્રસિદ્ધ વિદ્વાન ને શ્રદ્ધેય સંશોધક મુનિશ્રી પુણ્યવિજયજીની, આ માસ (નવેમ્બર)ની ચોથી તારીખે તેમની જન્મભૂમિ કપડવણજ ખાતે અડસઠમી જયંતી ઊજવાઈ. છેલ્લાં પચાસ વર્ષથી પ્રાકૃત ભાષા અને સાહિત્યના ક્ષેત્રે સંશોધન કરી તેમણે ગુજરાત અને રાજસ્થાનના અનેક ગ્રંથભંડારોમાંના જૈન-જૈનેતર ગ્રંથોની કઠિનમાં કઠિન હસ્તપ્રતોને સરળતાથી ઉકેલી છે. પ્રાચીન હસ્તપ્રતોની સાચવણીનું શાસ્ત્ર તેઓ જાણે છે ને ચોપન વર્ષના પોતાના દીક્ષાકાળ દરમ્યાન દેશના વિવિધ ભાગોમાં પાદવિહાર કરીકરીને સંખ્યાબંધ ગ્રંથભંડારામાં બિસ્માર હાલતમાં પડેલી અસંખ્ય હસ્તપ્રતો

જગતનાં પ્રાણી–૫૨
આર્માડિલો



કૅલિફૉર્નિયાના ડામરના ક્ષેત્રોમાંથી સસ્તન વંશના અમુક ભીમકાય પ્રાણીનાં અવશેષો (ફૉસિલ્સ) મળેલાં. ગેંડા જેવડાં એ તોતિંગ જાનવરને આખા શરીર પર સખત ભીંગડાં હતાં. આજના આર્માડિલોનું એ પૂર્વજ હતું. આજે તો હવે એ પ્રાણીઓ નથી રહ્યાં પણ મધ્યઅમેરિકા અને દક્ષિણ અમેરિકામાં એના વંશજો જોવા મળે છે;એમની કાયા સાવ નાની. આર્માડિલોને નામે ઓળખાતું આ પ્રાણી સ્થળભેદે નાના-મોટા કદનું જોવા મળે છે. નાનામાં નાનું પાંચ છચનું ને મોટામાં મોટું જે 'જાયન્ટ આર્માડિલો'ને નામે ઓળખાય છે તે ત્રણેક ફૂટનું હોય છે. પણ સામાન્યતઃ નાકથી માંડી પૂંછડીના મૂળ સુધીમાં પંદરેક ઇંચની એની લંબાઈ હોય છે. અને પૂછડી પણ એટલી જ લાંબી. સુરીનામ અને બ્રાઝિલના જંગલોમાં એ સારી પેઠે થાય છે. ચીલી અને આર્જેન્ટિનામાં થતી એની એક જાતને ભીંગડાં વચ્ચે રૂંવાટી પણ હોય છે. માથું, પીઠ, પગ ને પૂંછડી સુદ્ધાં પર ફેલાએલાં એનાં આ ભીંગડાં આત્મરક્ષણાર્થે જ છે. કંઈ ભય આવી પડે તો એ વખતે એ શેળાની પેઠે ગોળ દડો વળી જાય છે. કાંટાળી ઝાડીમાં જ્યારે એ આહાર માટે ફરતું હોય ત્યારે પણ એને ભીંગડાં વડે રક્ષણ મળે છે. અલબત્ત, કોઈ મોટું હિંસક પ્રાણી એને પકડી પાડે ને ઓળખી લે તો એ ભીંગડાં સોંસરા દાંત બિસાડી શકે ખરું.

આર્માડિલો સ્વભાવે તદ્દન અનાક્રમક પ્રાણી છે. કુમળાં જીવડાં ને ખાસ કરીને કીડી પર એ નભે છે, ફળ પણ ખાય. નિશાચર હોઈ દિવસે એ જમીનમાં કરેલી પોતાની બખોલમાં ભરાઈ રહે છે. આ બખોલ એ પોતાના પગ વડે ખૂબ ઝડપથી કોરી કાઢે છે. ને છેડે ઘાસ પાંદડાં પાથરીને રહે છે. સંવનન કાળ અને બચ્ચાં હોય ત્યારે જ એ કુટુંબ સાથે બખોલમાં રહે છે. એ સિવાયના વખતમાં મોટે ભાગે સપાટ ખુલ્લા પ્રદેશમાં એ એકલાં આથડે છે.

આર્માડિલોની માદા એક પ્રજનનમાં ચાર બચ્ચાંને જન્મ દે છે. એ દરેક બચ્ચું એકબીજાને એટલું તો મળતું હોય છે કે એને જુદું તારવી ન શકાય.



મુનિશ્રી પુણ્યવિજયજી

બચાવી લીધી છે. પાંચ વર્ષ પહેલાં એમણે પોતાનો અતિ મૂલ્યવાન ગ્રંથસંગ્રહ અમદાવાદમાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ સ્થાપિત 'દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ને અર્પિત કરી દીધો છે.

દેશવિદેશના જૈનજૈનેતર વિદ્વાનોનું પૂછ્યાઠેકાણું બની રહેલા આ પ્રકાંડ પંડિતની વિદ્વત્તાથી આકર્ષાઈ ગુજરાતી સાહિત્ય પરિષદે તેના પંદરમા અધિવેશનના ઇતિહાસ વિભાગના તેમને અધ્યક્ષ નીમેલા. અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના અધિવેશનના અધ્યક્ષપદે પણ તેમની વરણી થએલી. ડૉ. રાજેન્દ્રપ્રસાદના સહકારથી સ્થપાએલી 'પ્રાકૃત ટેક્સ્ટ સોસાઍટી'ના તો તેઓ કેન્દ્રસ્થાને છે.

આવા ઉદારદિલ, સૌજન્યમૂર્તિ, આજન્મયોગી, વિદ્યાવત્સલ મુનિ દીર્ઘાયુ રહી ગુજરાતી ભાષા અને સાહિત્યને જ્ઞાનસિંચન કરી રસકસવંતા રાખે એવી આપણી પ્રાર્થના હો.

સિક્કિમ

પર્વતની હારમાળાને કોઇએક દેશ પોતાના રક્ષકદેવતા તરીકે પૂજે એ વિચાર કદાચ હાસ્યાસ્પદ લાગે; પણ, પ્રાકૃતિક સૌંદર્ય, ગાઢ વનશ્રી, લીલીછમ ફળદ્રુપ ખીણો, આવેગભર્યા ધોધો તથા શાંત ચિત્તપ્રસન્ન સરોવરોથી સમૃદ્ધ અને ત્રણ હજાર ચોરસ માઇલના વિસ્તારમાં ભાગ્યે જ દોઢેક લાખની વસતિ ધરાવતા સિક્કિમ પ્રદેશની ચારે પાસ દિવ્ય કાંતિમય હિમાચ્છાદિત કાંચનજંઘા તેની સુરક્ષાર્થે જ્યારે ખડા હોય ત્યારે તેના પ્રતિના આદર ને પૂજ્યભાવનો યથાર્થ ખયાલ આવે.

આવા સુરક્ષિત સિક્કિમનું મહત્ત્વ આજે ચીન-ભારતના સીમાપ્રશ્ને લીધેલા ગંભીર સ્વરૂપને જોતાં વિશેષ છે. તિબેટમાંથી ભારતમાં સીધા જ ઊતરી આવવાનું એ એક જ પ્રવેશદ્વાર છે.

ઇતિહાસનાં પૃષ્ઠો ઉથલાવતાં તેનો પ્રાચીન ઇતિહાસ તેના પૂર્વપશ્ચિમના પડોશીઓ ભૂતાન-નેપાળનાં આક્રમણોની ગાથા જ લાગે. તેના રાજવીઓ પણ મૂળ તિબેટના લહાસામાંથી ઊતરી આવેલા ને સત્તરમી સદીમાં તેના વડાને પુન્ટસો નામ્ગ્યે એવું નામાભિધાન કરાયું, જે વિધિ આજે પણ જારી રહી છે.

ઈ. ૧૮૧૪ના ઇસ્ટ ઇંડિયા કંપનીના નેપાળ-યુદ્ધ બાદ ત્રણ હજારના વાર્ષિક બદલામાં દાર્જિલિંગ પ્રદેશને સોંપીને સિક્કિમના રાજાએ બ્રિટિશરો સાથે સૌપહેલી સંધિ કરી, ને એ સદીના અંતે રાજાને રાજ્યવહીવટમાં સલાહ આપવા પાટનગર ગંગટોક ખાતે કંપનીના એક સ્થાયી પોલિટિકલ એજન્ટની નિમણૂક સાથે એ સંબંધો ગાઢ બન્યા. વર્તમાન રાજવી સર તાશી નામ્ગ્યલ પુખ્ત વયના થતાં તેમને સંપૂર્ણ વહીવટી સત્તા આપવામાં આવી ને એમનો એ અધિકાર ભારતની સ્વતંત્રતા





બાદ તેને ભારતના 'રક્ષિત રાજ્ય' તરીકે સ્વીકારીને ચાલુ રાખવામાં આવ્યો છે. વર્તમાન યુવરાજ પાલ્ડેન થોન્ડુપના પ્રયત્નથી લોકોનું સંઘબળ ખીલીને સંપૂર્ણ ધારાકીય સત્તાવાળી એક પ્રતિનિધિ સભા તથા પ્રધાન કક્ષાની એક કાર્યવાહક પરિષદ પણ ત્યાં અસ્તિત્વ ધરાવે છે.

વિવિધ જાતોના સંમિશ્રણથી બનેલી પ્રજાના મોટા ભાગની મુખ્ય બોલી 'ખસકુરા' છે; ને ત્યાંના મૂળ રહેવાસીઓ લેપ્ચા ઉપરાંત ચૌદમી સદીમાં તિબેટમાંથી ઊતરી આવેલા ભૂટિયા તથા છેલ્લી સદીમાં આવી વસેલા નેપાળીઓમાં લિમ્બુ, મુરમી, મંગર, ખામ્બૂ, નેવાર, ભૂટિયા તેમજ લેપ્ચા બોલી પણ બોલાય છે. પાંસઠ ટકા હિંદુઓ ને પાંત્રીસ ટકા બૌદ્ધોના બનેલા સિક્કિમનો રાજ્યધર્મ લામાપંથી બૌદ્ધધર્મ હોવા છતાં પ્રજાનો મોટો ભાગ હવે નેપાળીઓનો બનેલો હોવાથી, લેપ્ચા ને ભૂટિયા ટોળીઓની સંસ્કૃતિ તથા ધર્મની રક્ષા માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈ કરાઈ છે.

બાણું ટકા જેટલી ખેતીની ઊપજ પર આધારિત સિક્કિમે ૧૯૫૪માં સાતવર્ષી યોજના દ્વારા નવા રસ્તા, નવી શાળાઓ, ઑસ્પિટલો, કૃષિવિકાસ કેન્દ્રો વગેરે આધુનિક સેવાઓને વિકસાવી છે. ભારત તરફથી મળતી આર્થિક મદદે એમાં સારો ફાળો આપ્યો છે. તાંબા અને લોખંડની ખાણો તેની આવકનાં મુખ્ય સાધનો છે, તો બનાતનો પોશાક ને ધાબળા પણ એમાં હિસ્સેદાર છે.



સિક્કિમના રાજવી સર તાશી નામગ્યાલ અચ્છા ચિત્રકાર પણ છે. હિમાચ્છાદિત ગિરિમાળાઓ ઉપર ફાળ ભરતી આવતી હિમનારીનું ચિત્ર પાછળ દેખાય છે.

સિક્કિમનો યુવાન આજે તેના દેશના નવનિર્માણમાં યોગ્ય ભાગ ભજવવા હુન્નરી વિજ્ઞાન, ઇજનેરી, તબીબી, વનવિદ્યા, ઉદ્યોગ વગેરે ક્ષેત્રે ઝડપથી તૈયાર થઇ રહ્યો છે, અને પ્રાચીન સાંસ્કૃતિક મૂલ્યો પણ વિસરાયાં નથી. સિક્કિમની તાજેતરની ગૌરવભરી સિદ્ધિઓમાં તિબેટી સંસ્કૃતિ અંગેની નમ્ગ્યલ ઇન્સ્ટીટ્યૂટની સ્થાપના પણ છે. તિબેટના મઠોમાંથી ઘણી કિંમતી હસ્તપ્રતો લાવીને ત્યાં સંઘરાઈ છે, જે સિક્કિમ, ભારત કે અન્ય દેશોના બૌદ્ધ તેમજ તિબેટી સંસ્કૃતિના વિદ્વાનો માટે એક અતિમૂલ્યવાન ખજાનો બની રહી છે. (એશિયા)

સોય ભોંકીને સારવાર

આપણે ત્યાં તપાવેલા સળિયા વગેરેથી શરીરના ચોક્કસ પ્રદેશ ઉપર ડામ દઇને રોગો નાબૂદ કરવાની પદ્ધતિ પ્રચલિત હતી. આના જેવી જ સોય વડે શરીરના ચોક્કસ પ્રદેશમાં છિદ્ર પાડીને રોગોની ચિકિત્સા કરવાની પદ્ધતિ હમણાં વિદેશોમાં પ્રચાર પામવા માંડી છે. ફ્રાંસમાં તો સરકારી દવાખાનાંઓમાં પણ આ પદ્ધતિ માન્ય રાખવામાં આવી છે. આ ચિકિત્સાને 'ઍક્યુ-પંક્ચર' કહે છે.

આ પદ્ધતિમાં માનનારાઓ કહે છે કે આપણા શરીરમાં બાર રાજમાર્ગો દ્વારા શક્તિનો પ્રવાહ વહ્યા કરે છે. આ બાર રાજમાર્ગો શરીરના મુખ્ય અવયવો સાથે જોડાએલા છે. એક માર્ગ હૃદયમાંથી પસાર થાય છે તો બીજો જઠરમાંથી. એ રીતે આ રાજમાર્ગો દ્વારા વહેતી શક્તિનો પ્રવાહ જો અતિ પ્રબળ થઈ જાય કે અતિ નિર્બળ થઈ જાય તો એ રાજમાર્ગો સાથે સંકળાએલા અવયવોમાં અવ્યવસ્થા ઊભી થાય છે અને માણસ બીમાર પડે છે. એમ મનાય છે કે શરીરનાં જુદાં જુદાં ૮૦૦ જેટલાં સ્થળોએથી પસાર થતા આ રાજમાર્ગો ઉપર જો સોય ભોંકીને શક્તિનો પ્રવાહ સ્થિર કરવામાં આવે તો રોગ દૂર કરી શકાય. આ માટેનું નિદાન નાડીપરીક્ષા દ્વારા થાય છે. ચિકિત્સકો માને છે કે બાર રાજમાર્ગો સાથે સંબંધ ધરાવતી બાર નાડીઓ છે અને એ બારેબાર ઓળખી શકાય એવી છે. આ બાર નાડીઓની ૨૭ જેટલી જુદીજુદી ગતિઓ છે અને એ ગતિઓ જ દરદીને કયો રોગ થયો છે તેની ચાડી ખાય છે. (આ ૨૭ ગતિઓને ૨૭ નક્ષત્રો સાથે કાંઇ સંબંધ હશે?) અલબત્ત વૈજ્ઞાનિકોમાં આ અંગે ઘણી ચર્ચા ચાલે છે અને હજી સુધી આ સોય ભોંકવાથી થએલા કહેવાતા ચમત્કારો ન માનવાની વૃત્તિ પણ વ્યાપક છે; છતાં આ ચિકિત્સાથી ફાયદો થયો છે એ હકીકત છે.

અત્યારે આધાશીશી, પેટનાં ચાંદાં, જઠરના રોગો, ટચકિયું, ફાઇબ્રોસાઇટિસ, સંધીવા, ચામડીનાં દરદો, દમ, લોહીનું દબાણ વગેરે માટે સોય-ચિકિત્સા પ્રચલિત થવા માંડી છે; કારણ કે આ રોગો માટે ઍલોપથીમાં કોઈ રામબાણ દવા નથી. ('પ્રવાસી')

જાસૂસી સાધનો

બીજા મહાયુદ્ધ વખતે દુશ્મન દેશોની માહિતી મેળવી લઇ જવા માટે જે જે તરકીબો અજમાવાએલી તેનું વિગતવાર વર્ણન કરતું એક પુસ્તક (મેજર હટ્ટનકૃત 'ઑફિશિયલ સીક્રેટ' નામથી) હમણાં બહાર પડયું છે. તેમાંનાં થોડાં સાધનોનું આ વર્ણન પણ રસદાયી થઇ પડશે: 'દાખલા તરીકે સિગારેટ પીવાની નળીમાં અત્યંત શક્તિશાળી ટચુકડાં દૂરબીનો છુપાવેલાં રહેતાં; બૂટની એડીમાં નકશા હોકાયંત્ર અને બારીક કાનસ; મૅગ્નેટાઇઝ કરેલી બૂટની દોરીઓમાં સ્થિતિસ્થાપક કરવતી-

જીવી જાણનારા

ગઈ ૨૧મી ઑક્ટોબરે સવારે છ વાગતામાં અચાનક ચીનાઓએ શ્રીજાપ-ઇ ચોકી પર ભારે તોપમારો શરૂ કરી પહેલા જ ગોળાથી ચોકીનો વાયરલેસ નકામો બનાવી દીધો અને મુખ્ય મથક સાથેનો ચોકીનો સંપર્ક કપાઈ ગયો. આથી ત્યાં પહોંચીને સાચી પરિસ્થિતિ જાણી લાવવા પાંગોગ સરોવરની ચોકીનો રખેવાળ નાયક રવિલાલ થાપા હોડીમા ઊપડયો. નિર્ધારિત ચોકી હજારેક વાર દૂર રહી હશે એટલામા એની હોડી દુશ્મનની નજરે પડી ગઈ અને ત્રણ જુદી જુદી દિશાએથી તેના પર મશીનગનોના મારો શરૂ થયો. પણ નાયક થાપા તો પોતાના પ્રાણની લેશમાત્ર પરવા કર્યા વિના આગળ ધપતો જ રહ્યો. એની હોડીને ભારે નુકસાન થયું છતાં ત્યાંની છેલ્લામાં છેલ્લી માહિતી લઈ આવ્યો.

પણ એ જ સાંજે એવી જ બીજી અગનવર્ષા ઝીલવાની હજી એના નસીબમાં બાકી હતી. એની જ ચોકી હવે ભયમાં આવી પડતાં બે હોડી દ્વારા તે ખાલી કરાવવાનું કપરું બીડું એણે ઝડપ્યું. એમાં ચીનાઓના અગનગોળાઓએ એની એક હોડી ભરખી લીધી; છતાં લેશમાત્ર હિંમત હાર્યા વિના એ છાતીધડા જવાને એમાંના ડૂબતા માણસોની વહારે ધાઈ ત્રણ માનવીની જિંદગી બચાવી લીધી.



આ; ગંજીપાનાં પત્તાંની બનાવટી પાછલી બાજુમાં છુપાવેલા નકશા; ગ્રામોફોનની પિનો કારમાં તીરની માફક છોડી શકે એવી ટચુકડી પિસ્તોલો; અસ્ત્રાઓમાં તો શું પણ કૉલરના બટનમાં છુપાવેલાં હોકાયંત્રો; સાઇકલના પંપ રૂપી ટૉર્ચ લાઇટો…' આ તો માત્ર થોડી વાનગી જ છે. અને આ બધાંનાં સુંદર ચિત્રો પણ એ પુસ્તકમાં છે.

વિશ્વવિજેતા મુક્કાબાજ

સપ્ટેમ્બરની ૨૬મીએ શિકાગોના કૉમિસ્કી પાર્ક ખાતે યોજાએલી હેવીવેઈટ મુક્કાબાજીમાં ૨૭ વર્ષની વયનો હબસી સૉની લિસ્ટન માત્ર બે મિનિટ અને ૭ સેકન્ડ જેટલા ટૂંકા ગાળામાં આજ સુધીના વિશ્વવિજેતા ફ્લૉઈડ પૅટરસનને પટકી દઈ વિશ્વવિજેતા બન્યો.



એ જ્યારે મંચ પર આવ્યો ત્યારે, એ હબસી હોવાથી, લોકોએ તેનો હુરિયો બોલાવ્યો; પણ પોતાની જીતથી તેણે એ પાંત્રીસ હજાર પ્રેક્ષકોને પોતાના પ્રશંસકો બનાવી દીધા. વિશ્વની આ સૌથી ટૂંકામાં ટૂંકી મુક્કાબાજીમાં નોંધનીય તો એ છે કે વિશ્વવિજેતા પાસેથી એનું પદ આટલા ટૂંકા ગાળામાં — માત્ર ૧૨૬ સેકંડમાં જ ઝૂંટવી લેવાનો વિક્રમ આ પહેલો જ છે. આની બીજી બાજુ પણ એવી જ રસપ્રદ છે: પ્રેક્ષકોએ ક્રીડાંગણમાં પ્રત્યક્ષ તેમજ ૨૬૦ જેટલાં ટેલીવિઝન થીએટરોમાં આ મુક્કાબાજી નિહાળવા માટે જે ટિકિટો લીધેલી તેમાં, આ મુકાબલો માત્ર ૨ ૧/૧૦ મિનિટમાં જ પતી ગયો હોવાથી, આ ખેલના પ્રજાએ દર સેકન્ડના ૩૧ હજાર ડૉલર (લગભગ દોઢ લાખ રૂપિયા) લેખે નાણાં ચૂકવ્યાં હતાં!

રાજસ્થાની-ગુજરાતી કળા મુઘલ કળાના સંપર્કથી લોકકળા સુધી પહોંચતાંમાં કેવી અસર પામી તેનો આ નમૂનો છે. ચિત્રમાં મુઘલ કળાના સુઘડ આલેખનની ને રંગની સુકુમારતા નથી, પણ લોકભાષામાં જે વર્ણનો અને સ્વરૂપો પરિચિત હતાં તેનો સવિસ્તાર ચિતાર તે આપી શકે છે.

ચિત્રકલા અને સંગીતનાં સ્વરૂપોની એકવાક્યતા બતાવનારાં 'રાગમાળા'નાં ચિત્રોનું સ્થાન ભારતીય ચિત્રકળામાં વિશિષ્ટ છે. એવી એક માળામાંનું સત્તરમા સૈકાનું અપભ્રંશ અથવા લોકરીતિનું આ ચિત્ર છે.

રાગમાં માનવના હૃદયને પ્રસન્ન કરનારાં સ્વરતત્ત્વોનો મેળ કરવામાં આવે છે. તે ભાવનાને અનુસરી ચિત્રકારોએ પણ રાગિણીઓને સુંદર મનોહર નાયિકાનાં રૂપમાં તેમજ રાગની ધ્રૂન પ્રમાણેના વાતાવરણનાં આયોજન અને રંગાવટમાં આલેખવા પ્રયત્ન કર્યો છે.

આપણા રાગોનું નિર્માણ શાસ્ત્રીય રીતે થયું છે. દિવસના વિવિધ સમયો પ્રમાણે તેમજ ઋતુઓના ભિન્નભિન્ન વાતાવરણ પ્રમાણે તેનાં સ્વરૂપોને આવરી લેતું સંગીત પ્રત્યેક રાગમાં તેનાં લક્ષણો સહિત પ્રકટ થાય છે.




રાજસ્થાની કલમનું શુમારે: સત્તરમી સદીનું ચિત્ર · રાગ સિંધુડો
કાંકરોલીના મોટા મંદિરના મહારાજશ્રી વ્રજભૂષણલાલજીના વિદ્યાવિભાગના સંગ્રહમાંથી
શ્રી રુક્મણીબાઈ ટ્રસ્ટે બહાર પાડેલા દસ રંગચિત્રોના સંપુટ 'દિવ્ય બંસરીગાયક'માંથી · બંનેના સૌજન્યથી

રાગો ને રાગિણીઓને જે જે સ્થળે તે પ્રકટ થયો હોય તે તે સ્થળોનું તેમજ ત્યાંની પ્રકૃતિ અને પુષ્પોપ્રાણીઓના સંબંધો સૂચવતું નામ આપવામાં આવેલું છે. આ રીતે 'રાગ સિંધુડો' તેનું પ્રભવસ્થાન સિંધ દેશ હોવાનું બતાવે છે. કાફીની ધ્રૂનવાળા 'કાનડા' રાગની જાતિમાં સિંધુડાનું સ્થાન છે. એ બધા રાગો રાત્રિના પહોરે ગવાય છે, છતાં દિવસના કોઇ પણ સમયે ગાઈ શકાય એવો પણ ઘણાનો મત છે.


આમાં ચિત્રકારે બપોરના પ્રહરના પીળા રંગની ભોંય પર શૂરાઓનું ધમસાણ અને યુદ્ધ તાદૃશ કરેલાં છે. ઘોડા ઉપર, હાથી ઉપર કે પેદલ તાતી તલવારો ઘુમાવતા યોદ્ધાઓથી રણક્ષેત્ર ભરી દીધું છે અને તીરોની રમઝટ તથા તલવારોના કડાકા પાડતા ધસતા વીરોને તેજસ્વી રંગો અને ઝડપ બતાવતી આકૃતિથી નિરૂપી તેને વિગતપૂર્ણ વર્ણન બનાવ્યું છે.

—ર. મ. રા.

તકની પળ



કિરણ · (આબિદભાઈ સૈયદ)



(આબિદભાઈ સૈયદ) દક્ષિણેશ્વર.

ફોટોગ્રાફીમાં તકની પળનું મહત્ત્વ ઘણીવાર બહુ મોટું હોય છે. આ પાના પર આપેલાં બે વિરલ ચિત્રો મેળવવા ફોટોકલાકાર આબિદભાઈ સૈયદે જે ચાપલ્ય દાખવેલું તે એમના જ શબ્દોમાં સાંભળીએ: (૧) 'જેને નસીબ કહીએ છીએ એ જેને ભાગે આવી જાય તેને આવી તક મળી જાય છે. દાર્જીલિંગમાં એક સવારે વાદળાંની વચ્ચેથી સૂરજનું આ કિરણ પૃથ્વી પર ફેંકાતું હતું. નાટકના કોઈ દશ્યની પેઠે બરાબર જોઈએ તે સ્થળે જ એ કેન્દ્રિત થયું ને ચાંપ દાબી દીધી. એક પળ પણ વહેલું કે મોડું કર્યું હોત તો આ ચિત્ર કદિ ન જ મળત. ખુલ્લી આંખ અને તૈયાર કૅમેરા સાથે ફરતો ફોટોગ્રાફર વિચાર કરવા બેસે જ નહિ.' (૨) 'ટ્રેઈનમાં જતા હતા. કલકત્તા આવી ગયું હતું. દૂરથી આ મંદિરનું સુંદર દશ્ય દેખાયું ને એનું ચિત્ર લઈ લેવાનો વિચાર ઝબક્યો. ગાડી તો દોડચે જતી હતી અને એ પણ પાછી પૂલ પરથી. ધડધડ કરતા પૂલના ગર્ડરો આડા આવતા હતા. પણ ના, દરેક ગર્ડર વચ્ચે તો જગ્યા આવતી હતીને? તક મળી ગઈ ને પટ ચાંપ દાબી દીધી. પરિણામ તમે જુઓ છો. સાથેના મિત્રોએ પણ આ ચિત્ર જોઈ કલકત્તાથી પાછા ફરતી વેળા આવો પ્રયોગ કરવા પ્રયત્નો કર્યા અને બારીએ રોકીને ટાંપી રહ્યા, પણ યોગ્ય તક એમ રસ્તામાં પડી છે? બધા મોં વકાસી રહ્યા ને ગાડી પૂલ વળોટી ગઈ.'

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ:


છેલ્લા મુઘલ સમ્રાટ: બહાદુરશાહ ઝ

મરાઠાઓના હાથે શિકસ્ત પામીને અસ્તાચળે પહોંચેલા મુઘલ સામ્રાજ્યના છેલ્લા વંશજ બાદશાહ મહમુદ અકબરશાહ બહાદુરશાહ (બીજા)નો ઈ. ૧૭૭૫માં જન્મ થયો ત્યારથી જ એ સામ્રાજ્યના અસ્તના ડંકા વાગી ચૂકેલા; પણ છેલ્લો તારો વધુ ઝબકી રહે તેમ, બહાદુરશાહ પણ ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધ સાથે ઇતિહાસને પાને અમર બની ગયા છે.

પિતા અકબરશાહ બીજાનું અવસાન થતાં ૧૮૩૭ની ૨૮મી સપ્ટેમ્બરે એ ગાદીનશીન થયા ત્યારે માત્ર નામના જ બાદશાહ રહ્યા હતા. એટલે બ્રિટિશરો સામે સંગ્રામ ખેલતાં ક્રાંતિકારી દળોએ વીસ વર્ષ બાદ ૧૮૫૭ના મેની ૧૧મીએ, જિંદગીની પોણી સદી વટાવી ચૂકેલા એ બહાદુરશાહને જ્યારે સ્વતંત્ર હિંદના ગાદીપતિ તરીકે સ્થાપ્યા ત્યારે એ વિધિ વિશેષે કરીને તો હિંદુ-મુસલમાન વચ્ચે લાંબા કાળથી ચાલ્યા આવતા વૈમનસ્યના અંતના, અને લોકો જ પોતાનો રાજા પસંદ કરી શકે એ અધિકારની સ્થાપનાના પ્રતીક રૂપ હતો.

એ જ વર્ષની ૨૧મી સપ્ટેમ્બરે બ્રિટિશ કર્નલ જૉન વૉડસને, દિલ્હી કબ્જે કર્યા બાદ, બેગમ તથા ત્રણ શાહજાદાઓ સાથે હુમાયૂંની દરગાહમાં સંતાએલા બાદશાહની ધરપકડ કરી; ને ૧૮૫૮ની ૭મી જાન્યુઆરીએ તેમની સામે જાહેરમાં કેસ ચલાવાયો. છઠ્ઠી માર્ચે તેમને ગુનેગાર ઠરાવી, પ્રથમ કલકત્તા, તે બાદ રંગૂન, ને ત્યાંથી ટાંગોની જેલમાં મોકલી આપ્યા, જ્યાં ઈ. ૧૮૬૨ની ૭મી નવેમ્બરે ૮૭ વર્ષની જૈફ વયે તેમનો દેહવિલય થયો. કેદ પકડાએલા તેમના ત્રણે શાહજાદાઓને તો વૉડ્સને બ્રિટિશરોના ઘાતનો બદલો લેવા તરત જ ગોળીએ દીધેલા.

આમ, ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધના પ્રતીકરૂપ સમ્રાટ હોવા ઉપરાંત એક શ્રેષ્ઠ રાજવી તરીકે પણ તેમની નોંધ લઈ શકાય તેવી છે. હિંદુ-મુસલમાનોને તેઓ સમાન નજરે જોતા. નામશેષ થતા સામ્રાજ્યના કેન્દ્રની આ હિતકારક નીતિનો પ્રભાવ ભારતના શેષ પ્રાંતોમાં પણ પડતો અને તેના જ પ્રભાવે ક્રાંતિનાં દળોએ એક નેજા હેઠળ મળી તેમને સરનશીન તરીકે સ્થાપેલા. વળી ઘણા મુઘલ બાદશાહોની જેમ તેઓ સાહિત્યના વ્યાસંગી હોવા ઉપરાંત ઉચ્ચ કક્ષાના ઉર્દૂ કવિ તથા ફિલસૂફીના ઊંડા અભ્યાસી હતા. (ચિત્ર પૂઠા પર)




ગેટિસબર્ગ ખાતે તેનું અમર વ્યાખ્યાન આપતા અબ્રાહમ લિંકન

પ્રસંગવિશેષ

અબ્રાહમ લિંકનનું ગેટિસબર્ગ વ્યાખ્યાન ૧૯મી નવેમ્બર ૧૮૬૩

‘ગુલામીની નાબૂદી અને શાસિતોની અનુમતિ’ના પ્રશ્ન ઉપર ખેડાએલા અમેરિકન આંતરયુદ્ધમાં, ૧૮૬૩ની ૧-૩ જુલાઇએ વૉશિંગ્ટનથી ૭૦ માઇલ આવેલા ગેટિસબર્ગ પાસે જે નિર્ણયાત્મક લડાઈમાં ઉત્તર પ્રાંતોએ દક્ષિણ પ્રાંતો પર છેવટનો વિજય મેળવ્યો, તેમાં થએલી ભયંકર ખુવારીને કારણે એ યુદ્ધભૂમિને ‘રાષ્ટ્રીય કબ્રસ્તાન’ તરીકે સ્થાપવામાં આવી. આજથી બરાબર ૯૯ વર્ષ પહેલાં ઇ. ૧૮૬૩ની ૧૯મી નવેમ્બરે એ ગેટિસબર્ગના મેદાન પર અબ્રાહમ લિંકને એનો અર્પણવિધિ કરતાં જે યુગવર્તી વ્યાખ્યાન કર્યું તે અંગ્રેજી સાહિત્યમાં રત્નસમ ગણાય છે.

‘કોઈના પણ પ્રત્યે વિદ્વેષ વિના અને સર્વ પ્રત્યેના સદય સમભાવ’ની ભાવના પર રચાએલી અમેરિકન લોકશાહીને બિરદાવતાં એ સર્વોચ્ચ માનવતાવાદીએ કહેલું: ‘આ મહાન યુદ્ધભૂમિ પર એ હુતાત્માઓની શાંતિ માટે રચાએલા આ નાનકડા અંશ પરથી, એ ભાવનાને પૂર્ણ આદરાં સાથે અર્પિત થએલાં એમનાં બલિદાનોમાંથી એમના શેષકાર્યની પરિપૂર્ણતાની ઝંખના સાથે વિશ્વાસ વ્યક્ત કરીએ, કે એમની આહુતિ વ્યર્થ નથી ગઈ, કે પરમાત્માના શિરછત્ર નીચે મુક્તિનો નવો જન્મ થશે, કે લોકોની, લોકો વડે ચાલતી ને લોકો માટેની સરકારનો આ પૃથ્વીતલ પરથી કદી નાશ થવાનો નથી.’ આજે એકેએક લોકશાહીની માનવીના જિહ્વાગ્રે રમતા એ અંતિમ શબ્દો લિંકનના જ હાથે લખાએલી એ વ્યાખ્યાનની હસ્તપ્રતમાંથી તેના હસ્તાક્ષરમાં આ નીચે આપ્યા છે. અને મથાળે, અમેરિકન કલાકાર ફ્લેચર રૅનસમે આલેખેલી એ ગેટિસબર્ગના મેદાન પરની વ્યાખ્યાન-પ્રસંગની તસ્વીરની પ્રતિકૃતિ આપી છે.



we here highly resolve that these dead shall not have died in vain; that this nation shall have a new birth of freedom, and that this government of the people, by the people, for the people, shall not perish from the earth.

પહેરે જોડા સાંકડા, કસી ઊતરાવે નખ,
તાણી બાંધે પાઘડી,(એ)ત્રણ અણસરજ્યાં દખ.

'હવે તારી શી ઈચ્છા છે?' ખલીફા મલિકે ગ્રીસ જીતી લઈ ત્યાંના શહેનશાહને કેદ કરી પોતાના તંબૂમાં આણીને પૂછયું. જવાબ મળ્યો : 'જો તું મારી સાથે એક રાજા તરીકે લડ્યો હો તો મને મારી પ્રજાને પાછો સોંપી દે, વેપારી તરીકે લડયો હો તો મને ગુલામ તરીકે વેચી નાખ, ને જલ્લાદ તરીકે લડયો હો તો હમણાં જ મને કત્લ કરી નાખ.' ખલીફાએ શહેનશાહને તેની પ્રજાને સુપ્રત કરી દીધો.

કહેવતોના અર્થ : 'દરિદ્રીને ખાટલો વેરી'—બે રીતે : આળસને કારણે દારિદ્રય હોય તો ખાટલામાંના માકણ ચટકીને આખી રાત ઊંઘવા ન દે; અને દેવા કે ગરીબીને કારણે જો દારિદ્રય હોય તો લેણદારો તથા કુટુંબપોષણની ચિંતા તેને નિદ્રા આવવા ન દે.

ગણિતગમ્મત

૩૭ એ સંખ્યા ઘણી અજબ છે. તેને ૩ અથવા ૨૭ સુધીના ૩ ના કોઈ પણ ગુણાકારથી ગુણતાં જવાબમાં બધા આંકડા એકસરખા જ આવશે. દા. ત. ૩૭×૩=૧૧૧, ૩૭×૬=૨૨૨, ૩૭×૯=૩૩૩, વગેરે.

તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: આકોસીઓં, આખન, આખુકણી, આકાર, આટલું, આભલું, આરંભ, આરણાં. આરણીઓ, આરથી, આસ્મટી, આહોતું, આળાલુંભો.

જવાબ—પાંસળીઓ; કોદાળી; ઊંદરિયું; રેતી; દોરડાં સલાળવાનું લાકડું; નાનું વાદળું અથવા અરીસો; ખેડૂતનું એક ઓજાર; સૂકવેલાં છાણાં; લાકડાની ટીપાઈ; હાથીનો લમણા નીચેનો ભાગ; કૌશિકી ભારતી આરભટી અને સાત્ત્વિકી એ ચાર શૈલીમાંની એક; ખુશામતિયું; મનસૂબો.

બિલાડીને ૨૦ દાંત હોય છે, કૂતરાને ૪૨.

> જે જાણવા માટે પ્રશ્નો પૂછે છે તે તત્કાલપૂરતો મૂર્ખ લાગતો હશે; પણ જે પ્રશ્ન જ નથી પૂછતો તે તો સદાકાળ મૂર્ખ રહે છે.





ટેનિસ રમવા માટે ગમે તે પ્રવૃત્તિમાં કામ લાગે એવા પ્લાસ્ટિકનો આ તંબૂ પશ્ચિમ જર્મનીમાં બનાવવામાં આવ્યો છે. પ્લાસ્ટિકની દીવાલ હોવાને કારણે એમાં કુદરતી પ્રકાશ પૂરતા પ્રમાણમાં મળી શકે છે.

ફર્નિચરની ફાટોમાં અગર તો એના કોતરકામમાં ભરાએલી રજોટી સાફ કરવા સાઈકલનો પંપ સારું કામ આપશે.



કલાકણિકા : મૂર લોકોના આક્રમણ પછી સ્પેનમાં માટીકામની કલામાં ઈસ્લામી ડિઝાઇનોનું તત્ત્વ પ્રવેશ્યું તે દર્શાવતું ૧૫મી સદીનું પાત્ર

અથાણું

'પ્રામાણિક' છોકરો!

ગૃહિણી રસોઇ કરતી હતી ત્યારે બહારથી એક દડો કાચ ફોડીને અંદર આવ્યો. તે બારીમાંથી બહાર જોવા લાગી, પણ ત્યાં કોઈ ન હતું. તે ગાળો દઇને બેસી રહી.

થોડી વાર પછી બારણા પર હળવા ટકોરા પડ્યા. બારણું ઉઘાડતાં એક છોકરો ગરીબડું અને વિનમ્ર મોં કરીને બોલ્યો, 'આપને નુકસાન થયું તે માટે આપની માફી માગું છું. હું મારા બાપાને તેડી લાવ્યો છું તેઓ આપને નવો કાચ નાખી આપશે.'

એક માણસ કાચ લઇને થોડે છેટે ચાલ્યો આવતો હતો. છોકરાની પ્રામાણિકતાથી તે સ્ત્રી ખુશ થઇ ગઈ અને તેનો દડો આપી દીધો. છોકરો ખુશી થતો નાસી ગયો.

પેલા માણસે કાચ નાખી દીધા પછી બે રૂપિયા કાચના અને એક રૂપિયો મજૂરીનો માગ્યો, ત્યારે ગૃહિણીની આંખો કપાળે ચડી ગઇ: 'શું? તમે તો એ છોકરાના બાપ થાવ ને?'

'બાપ? ના રે, એણે તો મને કહ્યું કે મારી મા નવો કાચ નાખવા તમને બોલાવે છે! તો શું તમે એની મા નથી?!'

યુવક : મને લાગે છે કે તમને મેં જોયાં છે અને તમારી સાથે વાતો પણ ખૂબ કરી છે.

યુવતી : તમે મને જરૂર જોઈ હશે અને મેં તમારી સાથે વાતો પણ કરી હશે; કારણ કે હું ગાંડાઓના દવાખાનામાં નર્સ છું.

બે છોકરા વચ્ચે થએલી લડાઇને અંતે એક છોકરો માર ખાઇને રડતો હતો, ત્યાં રસ્તેથી એક ડોશી નીકળી. તેણે છોકરાને આશ્વાસન આપતાં કહ્યું, 'ગાંડો લાગે છે. હું તારી પેઠે આમ રોઉં નહિ.'

છોકરો : તું તારે જેમ રડવું હોય તેમ રડજે ને ડોકરી! મારી રોવાની રીત આ છે.

નવી કહેવતો

નવરો પ્રધાન ઉદ્ઘાટન કરે.
પ્રમુખનો પ્રભાવ મંચ સુધી.
માઈકને જોરે વક્તા કૂદે.
સાહેબ–ચપરાશીનું સહિયારું.
ચાપાણી પાઇએ તો માલપાણી ખાઇએ.
પડોશમાં રેડિયો ને ઘેર રાડારાડ.
પાળે એનો કાયદો ને તોડે એને ફાયદો.
જા વહુ, સાસુને વઢ.
સાહેબને ગમી તે અરજી.
ખોટા સિક્કા મંદિરને ભેટ.